કુમાર

સંસ્થાપક
સ્વ. રવિશંકર રાવળ
આદ્યતંત્રી
સ્વ. બચુભાઈ રાવત
તંત્રી
બિહારીલાલ
ટાંક





△ **મૅડોના** ઈટાલીના ૧૪-૧૫મી સદીના કલાકાર જૅકોપો ડેલા ક્વાર્સીઆએ કંડારેલી એક આરસપ્રતિમા. શું પૂર્વમાં કે શું પશ્ચિમમાં છેક આરંભથી માતા અને બાળકનું ચિત્રણ કે શિલ્પાંકન સદાય આકર્ષક રહ્યું છે. અહીં કલાકારે બાળ ઈસુને કેન્દ્રસ્થ રાખીને તેની આસપાસ જ જોનારની નજર ભમતી રહે તે માટે માતાના ઢળતા મસ્તકથી માંડી તેના બંને હાથની સ્થિતિ તથા વસ્ત્રોની ઘડી સુધ્ધાંને બહુ ચાતુરીપૂર્વક સંયોજી છે. અને માત્ર સામેથી જ નહિ, આ શિલ્પને ગમે તે બાજુથી જોતાં દૃષ્ટિ બાળ ઈસુ તરફ જ દોરાય છે તે આ બાજુમાં શિલ્પનો પૃષ્ઠભાગ જોતાં સમજાશે.

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક
વર્ષ ૬૦મું · અંક ૭મો · માહે જુલાઈ ૧૯૮૩
સળંગ ૭૧૫મો અંક



‘મૈયા મેં નહીં માખન ખાયો.’ આપણા કલાક્ષેત્રે ભારતીયતાનું ગૌરવ લગભગ વિસરાઈ ગયું હતું ત્યારે તેની પુનઃ પ્રતિષ્ઠા કરાવવામાં જે કેટલાક કલાકારોનો ઉત્તમ ફાળો રહ્યો છે તેમાં સ્વ. જગન્નાથ અહિવાસીજીનું પણ આગવું પ્રદાન છે. કલાશિક્ષણ અને કલાસર્જનમાં વિષય તથા શૈલીમાં ભારતીયતા જાળવવાના એમના દૃઢ આગ્રહભર્યા પુરુષાર્થથી જે ચેતના પ્રકટી તેના થકી આપણી કલાની વિકાસકથામાં એક નવું જ પ્રકરણ રચાયું. પોતે ચુસ્ત વૈષ્ણવ હોઈ સ્વાભાવિક જ એમના ચિત્રવિષયોમાં બાલસ્વરૂપ કૃષ્ણના જીવનપ્રસંગોનું વિશેષ પ્રમાણ રહ્યું છે. આ નાનાશા ચિત્રમાં પણ એમણે સરોષ યશોદા અને ભયભીત કૃષ્ણ તથા લપાઈને ઊભેલા બલરામ અને ગોપબાળકના ભયકૌતુક મિશ્રિત ભાવોને સચોટતાથી ઉતારીને એક સુંદર ચિત્રકૃતિ સરજી છે.

કુમાર જુલાઇ ૧૯૮૩
સળંગ અંક ૭૧૫

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૯૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૩૦-૦૦; પરદેશ : રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

આ તે કેવી માયા! / શશિશિવમ્

• ગાન •

આ તે કેવી માયા!
ઊંચે પતંગિયું ને ઊડતી ઘાસમાં ચંચલ છાયા.

પલ પડછાયો સરી આવતો, દિનભર વરસે અગન,
ઓછાયો ઓઢીને રહેતું મન કેવું તે મગન!
ક્ષણની શીતળતા ને પાછી વળતી રહેતી કાયા!

ઉત્તર-દક્ષિણ પૂરવ-પશ્ચિમ રહે ભટકતી આંખો,
નયણાં કેરી પલક ભરે એ રંગવેરતી પાંખો;
નજરુના સૌ સળવળાટના પડછાયે ભરમાયા.

રમતા રહેવું, ફરતા રહેવું, પતંગિયાને ઊડવું,
ચપટીમાં પકડાય નહીં ને જગજીત્યા ત્યમ ફૂલવું;
રંગે રમતું જાય ને રહેવું છાયામાં અટવાયા.

ઉનાળુ બપોરો / જયંત પાઠક

શિખરિણી • સૉનેટ

ઉનાળુ બપોરો અલસ ઘરમાં, બ્હાર, ગગને;
બપોરી ગાળે છે ચર-અચર સૌ કલાન્ત તનને
ક્ષણોમાં લંબાવી, ફરસ પડી મૂગી ઘરવચે
તપી ભીંતો હાંફે જ્યમ ત્યમ ઊભી છપ્પર નીચે.

પડ્યા છે મીંચીને નયન પવનો શ્રાન્ત, શીતળી
ઘટામાં વૃક્ષોની, ગગન સળગી રાખ-ઢગલી
ઉઘાડા હોઠોમાં તરસ તરડાઈ ધરતીની
નદીની રેતાળી લખલખ લૂખી જીભ નીકળી.

બપોરી વેળાનું ગહન ભરીને ઘેન નયને
પડ્યો છું અંધારે ઘરભીતરના એકલ ખૂણે
ન ઊંઘું ના જાગું વિરતિ, રતિ ના કોઈ રમણે
પડ્યું પાંખો ઢાળી જ્યમ ખગ ઉદાસીન શયને.

હવાની ભીંતે કૈં ઊઘડત જૂનાં ચિત્ર-સ્મરણો:
તપી રેતી, ઊંટો, દડમજલ ને બેહદ રણો...

મુક્તક / રાજેશ વ્યાસ

ઓરડામાં એકાદ ચિત્ર હોય પૂરતું છે,
જીવનમાં એક સરસ મિત્ર હોય પૂરતું છે,
મિલાવ હાથ ભલે સાવ મેલોઘેલો છે,
હૃદયથી આદમી પવિત્ર હોય પૂરતું છે.

વેળાસર જતા રહીએ / જલન માતરી

• ગઝલ •

જીવન તો ખૂબ માણ્યું, ચાલ મૃત્યુની મજા લઈએ;
હવે મન થાય છે કે આપણે અહીંથી જતા રહીએ.

જરૂરતનું અમારે જોઈએ કે માનવી છઈએ;
અમે પેગમ્બરો થોડા છીએ કે ઠોકરો ખઈએ?

તમારી મે'રબાની એવી વરસી કે ગળે આવ્યા,
હવે મન થાય છે કે તમને પકડી ફાંસીએ દઈએ.

હકૂમતને તમે લાયક નથા તેથી વિચાર્યું છે,
લઈને હાથમાં કાનૂન સીધા આથડી લઈએ.

ફરક તેથી શું પડવાનો અમારા હાલમાં યા'રબ
તને માલિક કહીએ કે પછી તુજને ખુદા કહીએ!

નથી રહી આ જહાઁ જીવનને લાયક ઓ 'જલન', તેથી
છે એમાં આપણી શોભા કે વેળાસર જતા રહીએ.

પસાર થાઉં ગામમાં / અરવિંદ ભટ્ટ

• ગાન •

જેમ આંબાના વનમાંથી વાયરો પસાર થાય એમ હું પસાર થાઉં ગામમાં.
ચૈતરના આંબાની ડાળ સમી શેરીએ
શાખોની જેમ ઘર ઝૂલે,
જાણે સૂડાઓ ચાંચ મારતા ન હોય
એમ બારી ને બારણાં ખૂલે;
ઘેર ઘેર ફરી વળું દૃષ્ટિની જેમ જાઉં ઝિલાતો મ્હેકતી સલામમાં.

લોચનમાં લીલી ઘેઘૂરતા લઈને
મને ઘેરી વળે સમુદાય હોય,
પાંદડાંની જેમ અહીં કેટલાય હોઠો પર
મર્મરતી મારી વિદાય હોય;
હું અને મારું પસાર થવું સ્હેજ અડી લઈએ આ ગામના તમામમાં.

ખરેખર / રમણીક સોમેશ્વર

• ગઝલ •

માંડીને કર વાત ખરેખર
શી છે આ પંચાત ખરેખર!

ઘડ પર માથું જોડી દીધું
થઈ ગ્યો હું સાક્ષાત્ ખરેખર?

ટોળામાંથી બહાર નીકળવું
મારી શી વિશાત ખરેખર!

ખાલીખમ કિલ્લાની વચ્ચે
કેવી આ કકરાત ખરેખર!

જાહેરાત જેવું તું હસ નહીં,
કહી દે, શી છે વાત ખરેખર?

પોતાની વ્યાપક સેવા દ્વારા જેમણે હજારો લોકોને દૃષ્ટિ આપી અને

ભારતનાં સુખ્યાત કવયિત્રીનું નામ જે હૉસ્પિટલ સાથે જોડવામાં આવ્યું છે તે, હૈદ્રાબાદની સુપ્રસિદ્ધ 'સરોજિનીદેવી આઇ હૉસ્પિટલ'ના નામને ખ્યાતિ અપાવનાર છે આંખના કુશળ શસ્ત્રવૈદ (સર્જન) ડૉ. પેરુગુ શિવા રેડ્ડી. આ હૉસ્પિટલે ચક્ષુક્ષેત્રે આપેલી વ્યાપક સેવાના પાયામાં ડૉ. રેડ્ડીની ઘણી મોટી દેણગી છે. શક્તિનો સુયોગ્ય વિનિયોગ કરનાર તેમજ સેવાભાવી વૃત્તિ ધરાવનાર ડૉ. રેડ્ડીનો જન્મ ૧૨, સપ્ટેમ્બર ૧૯૨૦માં કુનૂંલની નજીકમાં હિન્નેદેવરાપાડુ નામના એક નાના ગામમાં થયો હતો. કુનૂંલની મ્યુનિસિપલ સ્કૂલ અને પછીથી અનંતપુરની સરકારી કૉલેજમાં એમણે શિક્ષણ લીધું હતું. ૧૯૪૬માં મદ્રાસ યુનિવર્સિટીમાંથી એમ. બી. બી. એસ.ની અને એ પછી આંધ્ર યુનિવર્સિટીમાંથી એમ.એસ.ની ઉપાધિ પ્રાપ્ત કરી. આ ઉપાધિ એમણે ખાસ નેત્રની શસ્ત્રક્રિયામાં મેળવી છે. ૧૯૪૮માં એ જ ક્ષેત્રમાં વિશેષ સંશોધન કરીને તેઓ પીએચ. ડી. થયા. ૧૯૪૯થી ૧૯૫૩ સુધીના પાંચ વર્ષના ગાળા દરમિયાન કુનૂંલ જિલ્લાના નંદયાલ ને બનગાનપલ્લેમાં મદ્રાસની મેડિકલ સર્વિસમાં મદદનીશ શસ્ત્રવૈદ તરીકે સેવા કરી. ઈ. ૧૯૫૩થી ૧૯૫૬ના વર્ષોમાં આંધ્રની મેડિકલ કૉલેજ અને વિશાખાપટ્ટનમની કે. જી. હૉસ્પિટલમાં મદદનીશ શસ્ત્રવૈદ રૂપે અને નેત્રવિદ્યાના મદદનીશ વ્યાખ્યાતા તરીકે એમણે સેવા આપી. ૧૯૫૭માં ઓસમાનિયા મેડિકલ કૉલેજમાં નેત્રચિકિત્સાના વ્યાખ્યાતા અને સરોજિનીદેવી હૉસ્પિટલમાં મદદનીશ શસ્ત્રવૈદ તરીકે જોડાયા. ૧૯૫૮થી '૬૧ સુધી નેત્રવિદ્યાના વ્યાખ્યાતા તરીકે ઓસમાનિયા મેડિકલ કૉલેજમાં અને સરોજિનીદેવી હૉસ્પિટલના મુખ્ય શસ્ત્રવૈદ તરીકે રહ્યા. આટલા સમય દરમિયાન એમની નેત્રવિદ્યા ક્ષેત્રે સૂઝ-સમજ અનુભવથી પરિપક્વ થઈ. સતત એ ક્ષેત્રમાં કામ કરતાં એમની આ વિષય પરત્વેની આગવી દૃષ્ટિ વિકસી, જેનાથી પ્રેરાઇને એમણે કેટલાક સંશોધનાત્મક લેખો ભારતીય અને વિદેશી સામયિકોમાં લખ્યા. લગભગ ૧૨૦ જેટલા લેખોમાં એમનું નેત્રવિદ્યાને લગતું સંશોધન સમાવિષ્ટ છે. ૧૯૬૦માં મનિલા (ફિલિપાઈન્સ)માં 'એશિયા-પૅસિફિક ઍકૅડેમી ઑવ ઑપ્થેલ્મોલૉજી'ની મુલાકાત લીધી. ત્યાં તે ક્ષેત્રની ચર્ચાસભામાં એમણે પોતાનો શોધનિબંધ પણ વાંચેલો. ક્રમશઃ નેત્રચિકિત્સા ક્ષેત્રે એમનું નામ વિખ્યાત થતું ગયું. માત્ર અર્થોપાર્જન જ નહિ, પણ કશુંક નવું કરીને સમાજને ઉપયોગી થવાની એમને મનીષા હતી, કારણ આંધ્રપ્રદેશમાં ચક્ષુરોગીઓનું પ્રમાણ ઘણું મોટું રહ્યું છે.

એક સર્વેક્ષણ પ્રમાણે જગતમાં ચક્ષુ ગુમાવનારની સંખ્યાનો અર્ધો ભાગ ભારતમાં છે અને ભારતમાંનો અર્ધો ભાગ આંધ્રપ્રદેશમાં છે. આથી આંધ્રપ્રદેશ અને તદન્વયે સમગ્ર ભારતમાંથી અંધાપો દૂર કરવાના ક્ષેત્રે જે પ્રશસ્ય કામગીરી થઈ તેના મૂળમાં ડૉ. રેડ્ડીની ધગશ અને સેવા રહેલી છે. નેત્રચિકિત્સાના વિષયમાં ઊંડો રસ લઇને કાર્ય કરવાને ઇચ્છુક આ સેવાભાવી ડૉક્ટરને પોતાની મનીષાનું સુપરિણામ મળી રહે તેવી કામગીરી મળી ગઈ. ૧૯૬૧માં સરોજિનીદેવી હૉસ્પિટલમાં સુપરિન્ટેન્ડેન્ટ-મુખ્ય અધીક્ષક-વ્યવસ્થાપક તરીકે તેમની નિમણૂક થઈ આથી કામ કરવાની એમને સવિશેષ સુવિધા મળી. ૧૯૬૧થી '૭૫ સુધીનાં ચૌદ વર્ષ એ નેત્રચિકિત્સાક્ષેત્રે એમની કામગીરીનો ઉત્તમ સમય હતો. પૂરી નિષ્ઠા, સેવા, ધગશ અને સૂઝથી એમણે એ હૉસ્પિટલનું નામ ઉજ્જ્વળ કર્યું. એ ચક્ષુ હૉસ્પિટલમાં ૩૫૦ પથારીઓ હતી. ચિક્કાર રહેતી આ હૉસ્પિટલના તેઓ પ્રત્યેક દર્દીને નિયમિત તપાસતા, એટલું જ નહિ, પરંતુ સરેરાશ દરરોજના એક હજાર જેટલા બહારના દર્દીઓને તપાસતા. એના અનુસંધાને એમણે ખાસ ગ્લૉકોમા, ઑર્થોપ્ટિક્સ, કૉર્નિઅલ, વગેરે નવા વિભાગો અને સ્કૂલ ઑવ ઑપ્ટોમેટ્રી સ્થાપી હૉસ્પિટલનો વધુ વિકાસ કર્યો અને સમગ્ર દક્ષિણ એશિયામાં આંખની ઉત્તમ હૉસ્પિટલ તરીકે તેને ખ્યાતિ અપાવી. ઉક્ત વિભાગોમાં આંખના ક્ષેત્રનું સતત સંશોધન થતું રહ્યું. સાથેસાથે અંધાપો દૂર કરવા માટે ચક્ષુબૅંકની સ્થાપના પણ કરવામાં આવી અને તેનો સતત વિકાસ થતો ગયો. વળી, ડૉ. રેડ્ડીએ પોતાની સઘળી શક્તિના વિનિયોગથી આંધ્રપ્રદેશના ગ્રામવિસ્તારમાં અનેક નેત્રશિબિરોનું આયોજન કર્યું. ગ્રામજનોના આંગણે જઇને તેમની આંખનો ઇલાજ કરનાર ડૉ. રેડ્ડીનું નામ આજે લગભગ સર્વત્ર સુપ્રસિદ્ધ છે. લાખો લોકોની આંખનો ઇલાજ આ રીતે કરીને એમણે પોતાની વિદ્યાનો લોકહિતાર્થે ઉમદા વિનિયોગ કર્યો છે. એમણે લગભગ એક લાખ જેટલા દર્દીઓની આંખની શસ્ત્રક્રિયા કરી છે અને એમાંના મોટા ભાગનાને પુનઃ દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે. ચક્ષુ વગરનું માનવજીવન કેવું હોઈ શકે તેની પ્રતીતિ તો ચક્ષુહીન મનુષ્ય જ જાણી શકે! ભારતમાં આ રીતે છેક ગ્રામવિસ્તાર સુધી શિબિરો દ્વારા સેવા કરનાર ડૉ. પેરુગુ શિવા રેડ્ડીની સેવા, આજે જ્યારે કેવળ અર્થપ્રાપ્તિ માટે આ વ્યવસાય કરનારાની સંખ્યા વિશેષ છે ત્યારે, ખરે જ પ્રશંસનીય છે.

માત્ર આંધ્રપ્રદેશમાં જ નહિ, પણ છેક શ્રીલંકા સુધી એમની નેત્રશિબિરો પહોંચી છે. આવી શિબિરોમાં શસ્ત્રવૈદ તથા આયોજક તરીકેની એમની પ્રશસ્ય ક્ષમતા અને એમના પ્રસન્ન વ્યક્તિત્વની પ્રતિભા ઓર ખીલી ઊઠે છે. શ્રીલંકાના નેત્રશિબિરને સ્મરીને ડૉ. રેડ્ડીનો પરિચય આપતાં ત્યાંના પી. શિવા સુબ્રહ્મમ્ લખે છે: 'નેત્રશિબિરનો મહિમા પ્રસારવાનો એમનો ઉમંગ સદાય ઝળહળતો રહ્યો છે. ભારતમાં તેઓ આ પ્રવૃત્તિના પુરોધા મનાય છે. શ્રીરામની જેમ તેઓ શ્રીલંકામાં આવ્યા હતા અને અહીંના નેત્રશિબિરને કેટલો યશ મળ્યો હતો તેના અમે સાક્ષી છીએ. અહીંની ભાષા પણ જાણતા ન હોવા છતાં તેઓએ પોતાના સાથીઓના કાફલા સાથે અહીં આવીને જિલ્લાની એક હૉસ્પિટલમાં શિબિર નાખ્યો હતો. અમે તો એ પછી બીજા દિવસે પહોંચ્યા, પણ જઈને જોયું તો નેત્રશિબિર માટે હૉસ્પિટલ બિલકુલ સજ્જ થઇ ગઇ હતી. ચિકિત્સકો અને સહાયકો શિબિરના કાર્ય માટે થનગની રહ્યા હતા. શિબિર દરમિયાન જ્યાં અમે રહ્યા એ આવાસોમાં અમારા માટે પાણી, વીજળી વગેરે બધી સુવિધાઓ ગોઠવાઈ ગઇ હતી. અને આ બધું માત્ર વીસેક કલાકમાં જ થયું હતું. જે કામ પતાવતાં અમને લંકાવાસીઓને કદાચ વીસ મહિના લાગત. ડૉ. શિવા રેડ્ડીની કાર્યક્ષમતા ને ઉત્સાહની આથી વધુ શી સાબિતી જોઈએ? આ બધો એમની શક્તિ અને ક્ષમતાનો પ્રતાપ હતો.'

આંખમાંનો મોતિયો દૂર કરવા માટે 'ક્રાયો-સર્જરી'નો ઉપયોગ કરનાર ડૉ. રેડ્ડી પ્રથમ ભારતીય શસ્ત્રવૈદ છે. બાર વર્ષથી નીચેની ઉંમરનાં બાળકોની આંખનો ઇલાજ કરવામાં એમની સફળતાને નવાજવા સરોજિનીદેવી હૉસ્પિટલમાં બાળકો માટે એક ખાસ વૉર્ડ બાંધવામાં આવ્યો છે. આ એમની શક્તિનું સુન્દર નિદર્શન છે. એ જેટલા શસ્ત્રક્રિયાના નિષ્ણાત છે તેટલા જ વ્યવસ્થાપક તરીકે કુશળ છે. હૉસ્પિટલનું નામ વ્યાપક પ્રસિદ્ધિ પામ્યું તેમાં એમના ઉભય પાસાંનો ફાળો છે. હૉસ્પિટલમાં જે ખાસ વૉર્ડ ઊભો કરવામાં આવ્યો તેમાં આંધ્રની પ્રજા તરફથી અઢી લાખ રૂપિયાનો ફાળો મળ્યો. એટલી જ રકમ આંધ્રપ્રદેશની સરકાર તરફથી પ્રાપ્ત થતાં એક અદ્વિતીય એકમ સ્થપાયું છે. આ એકમ સંશોધનની નૂતન શક્યતા તરફ એક કદમ છે. રાષ્ટ્રમાં જે બાળકો જન્મતાં જ, કે જન્મ્યા પછીના થોડા સમયમાં અંધત્વને પામે છે તેમના અંધાપાને દૂર કરવામાં આ એકમ ઉમદા સક્રિય ફાળો આપનારું અને ભારતમાં પ્રથમ છે.



ડૉ. પેરુગુ શિવા રેડ્ડી

પ્રફુલ્લ રાવલ

નેત્રચિકિત્સાક્ષેત્રે ભારતને ગૌરવ અપાવ્યું

શસ્ત્રવૈદ્ય તરીકે સારી કીર્તિ પ્રાપ્ત કરનાર ડૉ. રેડ્ડીએ સંશોધન ક્ષેત્રે પણ ગણનાપાત્ર કામ કરીને એક નિષ્ણાત તરીકે ખ્યાતિ મેળવી છે. દેશ-વિદેશમાં મેડિકલ ક્ષેત્રના સુપ્રસિદ્ધ સામયિકોમાં લેખો લખીને તેમજ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ક્ષેત્રના પરિસંવાદોમાં ભાગ લઇને પોતાના સંશોધનાત્મક લેખો દ્વારા એમણે પોતાની શોધક પ્રતિભાનો સુપેરે પરિચય આપ્યો છે. આંખના ગોખલામાં ભાગ્યે જ જોવા મળતો કીડો (worm) એમણે ઓળખી બતાવ્યો છે. જેને 'ગૉર્ડિયા વૉર્મ' (Gordia worm) કહે છે. ૧૯૬૬માં મ્યુનિખમાં ભરાયેલી નેત્રવિદ્યા વિષયક આંતરરાષ્ટ્રીય કૉન્ફરન્સમાં એમના આ સંશોધનને અનુલક્ષીને એની સાથે એમનું નામ સાંકળી લેવામાં આવ્યું છે. હવે એ કીડો 'ગૉર્ડિયા રેડ્ડી' (Gordia Reddy) નામે ઓળખાવાય છે.

શિક્ષણ સાથે સંકળાયેલા હોવાથી એમણે નેત્રવિદ્યાના વિદ્યાર્થીઓ માટે અન્ય લેખક સાથે પાઠ્ય-પુસ્તકો પણ લખ્યાં છે. એમણે ૧૯૧૯-માં 'ઑક્યુલર મેનિફેસ્ટેશન્સ ઑવ ન્યૂટ્રિશનલ ડિસઑર્ડર્સ' પરના પરિસંવાદનું સંચાલન કરેલું. હાલમાં તેઓ ધ્રુમ્રપાનથી આંખને થતા નુકસાન વિષે સંશોધન કરી રહ્યા છે.

ફિલિપાઈન્સ, ઑસ્ટ્રેલિયા, પશ્ચિમ જર્મની, સિંગાપુર, શ્રીલંકા, રશિયા, અમેરિકા, ઇન્ડોનેશિયા ઇત્યાદિ દેશોમાં જુદીજુદી સંસ્થાના ઉપક્રમે થયેલાં સભા-સંમેલનોમાં એમણે સક્રિય ભાગ લીધો છે અને ત્યાં યોજાયેલા પરિસંવાદોમાં વખતોવખત પેપર્સનું વાચન કર્યું છે. વળી, વિદેશની અનેક મોટી હૉસ્પિટલોની તેમજ નેત્રવિદ્યા શીખવતી યુનિવર્સિટીઓની મુલાકાતો લીધી છે. લંડનની 'મૂરફિલ્ડ્સ આઇ હૉસ્પિટલમાં છ માસ કામ કરવા બદલ 'વર્લ્ડ હેલ્થ ઑર્ગેનિઝેશન'ની સીનિયર ફેલૉશિપ પણ એમણે મેળવી છે. ૧૯૬૦માં મૅક્સિકો શહેરમાં ભરાયેલી નેત્રવિદ્યાની આંતરરાષ્ટ્રીય કૉન્ગ્રેસમાં ભારતના પ્રતિનિધિ રૂપે હાજરી આપીને 'ક્રાયો-એક્સ્ટ્રેક્શન ઑવ લેન્સ' પર એક પેપરનું વાચન કરેલું.

ભારતની આંધ્ર, ઓસમાનિયા, મદ્રાસ, બૅંગલોર, શ્રી વ્યંકટેશ્વર, દિલ્હી, લખનૌ, મહારાષ્ટ્ર, નાગપુર, બનારસ, ત્રાવણકોર, મદુરાઈ, મૈસુર ઇત્યાદિ અનેક યુનિવર્સિટીઓની અભ્યાસ સમિતિના, નિરીક્ષણ સમિતિના, મેડિકલ કાઉન્સિલના સભ્ય તથા એમ. એસ. અને એમ. બી. બી. એસ.ના પરીક્ષક તરીકેની કામગીરી બજાવી છે. વળી, સંખ્યાબંધ સંસ્થાના તેમજ મેડિકલ સાયન્સની શાખાની વહીવટી સમિતિના તેઓ સભ્ય છે. 'નૅશનલ એસોસીએશન ફૉર પ્રીવેન્શન ઑવ બ્લાઈન્ડનેસ'ના પણ હોદ્દેદાર સભ્ય છે. ૧૯૭૦માં મદ્રાસ રાજ્યની પૉન્ડિચેરીમાં ભરાયેલી અને ૧૯૭૧માં બિહાર રાજ્યની જમશેદપુરમાં ભરાયેલી નેત્ર લગતી સભાઓનું પ્રમુખ-સ્થાન પણ એમણે શોભાવ્યું હતું.

મેડિકલ અને ખાસ કરીને નેત્રવિદ્યા અને તેની પ્રવૃત્તિ સિવાયની સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં પણ એમણે જીવંત રસ દાખવ્યો છે. સ્વ. ક. મા. મુનશી દ્વારા સ્થપાયેલ 'ભારતીય વિદ્યાભવન'ની હૈદરાબાદ શાખાના તેઓ મંત્રી છે. ભવનની પ્રવૃત્તિના વિકાસમાં એમણે નોંધપાત્ર ફાળો આપ્યો છે. ૧૯૭૯થી હૈદરાબાદની 'ચૈતન્ય ભારતી એન્જિનીઆરગ કૉલેજ'ના તથા હૈદરાબાદના 'ફિલ્મ ને સાંસ્કૃતિક મંડળ'ના પણ ઉપપ્રમુખ તથા ત્યાંની 'ચક્ષુબૅન્ક સમિતિ'ના પ્રમુખ છે. હૉકી અને ટૅનિસ રમવાના એ શોખીન છે.

ડૉ. રેડ્ડીની દીર્ઘદૃષ્ટિ અને સક્રિયતાથી સરોજિનીદેવી હૉસ્પિટલનું નામ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઝળક્યું છે. એમણે રશિયાની સરકાર સાથે સુમેળ સાધીને ત્યાંના આંખના વિદ્વાન ડૉક્ટરોની સેવા મેળવી છે, અને અહીંના ડૉક્ટરોને પણ ત્યાં મોકલ્યા છે. રશિયાના નેત્રવિદ્યાના કુશળ શસ્ત્રવૈદ્ય ડૉ. ફીડોરોવ (Fydorov) બે વાર સરોજિનીદેવી હૉસ્પિટલની મુલાકાતે આવી ગયા છે. એમણે હૉસ્પિટલની ગુણવત્તા અને ડૉ. રેડ્ડીની શસ્ત્રક્રિયાની શ્રેષ્ઠતાનાં ભારોભાર વખાણ કર્યાં છે. એમાં તેમના કામનું મૂલ્ય વર્તાય છે. ૧૯૮૦ માં અમેરિકાની કેરૅટો રીફ્રેક્શન સોસાએટીએ પોતાની વાર્ષિક સભામાં એક ખાસ વ્યાખ્યાન આપવા નિમંત્ર્યા હતા.

ડૉ. રેડ્ડીની આ બધી સિદ્ધિમાં એમની વિષય પરત્વેની લગનીનાં દર્શન થાય છે. આંધ્રપ્રદેશના ગ્રામ્ય વિસ્તારોમાં ચક્ષુશિબિરો કરીને પ્રજાનું માન અને પ્રેમ સંપાદન કરનાર ડૉ. રેડ્ડીની સેવાનું બહુમાન પણ થયું. છે. ભારત સરકારે ૧૯૭૦માં એમને 'પદ્મશ્રી' અને એ પછી પણ એ જ ક્ષેત્રે સતત કાર્યરત રહેનાર તરીકે ૧૯૭૭માં 'પદ્મભૂષણ'નું માન આપ્યું છે. આવાં માન પામ્યા પછીયે એમણે પોતાનું ધ્યેય છોડી દીધું નથી. હજીયે તેઓ એ જ દિશામાં આગળ ને આગળ પ્રગતિશીલ રહ્યા છે.

'ઑલ ઇન્ડિયા ઑપ્થેલ્મોલૉજિકલ સોસાએટી' દ્વારા 'ક્રાયો થેરાપી' પર સંશોધન કરવા બદલ એમને ૧૯૭૪માં 'એડનવાલા ઑરેશન સુવર્ણચંદ્રક' મળ્યો છે. શ્રી વ્યંકટેશ્વર યુનિવર્સિટીએ તેની રજત-જયંતી પ્રસંગે એમને 'ડૉક્ટર ઑવ સાયન્સીસ'ની માનદ પદવી આપીને તેમનાં સંશોધન તેમજ સેવાનું બહુમાન કર્યું છે. ૧૯૭૪માં 'વર્લ્ડ તેલુગુ કૉન્ફરન્સ'માં એમને મિમેન્ટો (સ્મૃતિ-ભેટ) આપવામાં આવ્યો હતો. આ સિવાય અનેક સ્થળોએથી એમને સ્મરણ રૂપે ભેટ વસ્તુઓ મળી છે. તો કાર્યના ફળ રૂપ બહુમાન પણ મળ્યાં છે. ૧૯૮૦માં અમેરિકાની 'ઈન્ટરનૅશનલ એજન્સી ફૉર પ્રીવેન્શન ઑવ બ્લાઈન્ડનેસ' તરફથી ગ્રામ વિસ્તારમાંથી અંધત્વ દૂર કરવાના સહૃદય

પ્રયત્નો કરવા બદલ એ સંસ્થાના પ્રમુખ સર જૉન વિલ્સનના હસ્તે 'ઈન્ટરનૅશનલ ગ્લૉબલ ઍવૉર્ડ'' મળ્યો છે. આ ઍવૉર્ડ ઉચ્ચ ગુણવત્તા-યુક્ત ખ્યાતિ ધરાવનાર વૈજ્ઞાનિકોને અપાય છે. અત્યાર સુધી માત્ર ચાર જ વ્યક્તિને આ ઍવૉર્ડ મળ્યો છે. ડૉ. રેડ્ડી એમાં ચોથા છે. આ ઍવૉર્ડ સાથે વ્યક્તિ તરીકે રેડ્ડીની ખ્યાતિ તો ચોમેર પ્રસરી છે, પરન્તુ એથી ય વિશેષ ભારતને પણ એટલી ખ્યાતિ મળી છે. નેત્ર-ચિકિત્સા ક્ષેત્રે ભારતનું આ અપૂર્વ ગૌરવ ગણાય.

એમની અનેકવિધ સિદ્ધિઓમાં પણ એમનો માનવ પ્રત્યેની અનુકંપાનો અંકોડો સહેજ પણ ઢીલો નથી થયો. આ ગાળા દરમિયાન પોતાની જે બચત થઈ તેમાંથી ગરીબ દર્દીઓ અને તેની સાથે સારવાર કરવા આવનારની સુવિધા અર્થે એમણે ૧૯૭૧માં એક રેસ્ટ હાઉસ (Choultry) બાંધ્યું છે. એનું નામ છે: 'ડૉ. પી. શિવા રેડ્ડી ચૉલ્ટ્રી.' એ એમની ઉદાર સખાવતનું દર્શન કરાવે છે. એમણે પોતાના વતન દિવ્રદેવરાપાડુમાં પ્રાથમિક શાળાનું એક મકાન પણ બંધાવ્યું છે.

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવનાર ડૉ. પેરુગુ શિવા રેડ્ડીનું બાળપણ સુખી નહોતું. માત્ર નવ વર્ષની વયે માતાની અને સોળ વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી એ પછીનો એમનો ઉછેર એમના સસરાની છત્રછાયા તળે થયો. જીવનની તડકી-છાંયડી જોનાર ડૉ. રેડ્ડી આજે પણ પોતાને સહાયભૂત થનાર નાનામોટા સૌ કોઈને સ્મરી લે છે. જીવનનું રૂપ એમણે જોયું છે તેથી તો આજે સુખાવસ્થામાં પણ ગરીબો પ્રત્યેની સહાનુભૂતિથી એમનું અંતર ભરપૂર છે. ગરીબો અને યુવાનો પ્રત્યે એમને પ્રેમ છે. એમના સસરાનું નામ છે વી. નારાયણ રેડ્ડી. શંકરઅમ્મા એમનાં સાસુનું નામ છે. પત્નીનું નામ છે લલિતા. એમણે ડૉ. રેડ્ડીની સાથે જીવનની પ્રત્યેક ઘડી એમને અનુરૂપ વીતાવી છે. ચડતી-પડતી, માનબહુમાન, કીર્તિ એમ જીવનની સઘળી બાજુમાં એમણે ડૉ. રેડ્ડીને પ્રેમ અને ઉષ્મા આપ્યાં છે. એમની પ્રગતિમાં શ્રીમતી લલિતાનો ફાળો પ્રશસ્ય અને ઉમદા આદર્શરૂપ રહ્યો છે.

'રૉયલ કૉમનવેલ્સ સોસાએટી ફૉર ધ બ્લાઇન્ડ'ના ડિરેક્ટર સર જૉન વિલ્સને ઈ. ૧૯૮૦માં ડૉ. રેડ્ડીની ષષ્ઠીપૂર્તિ પ્રસંગે શુભેચ્છા મોકલતાં લખેલું, '...આપના પુરુષાર્થથી હજારોની આંખો બચી ગઈ કે એમને પુનઃ દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે. જ્યાં આપે કામ કર્યું એ મહાન સંસ્થાઓની સીમા પાર પણ આપનાં કાર્યોનો પ્રભાવ પ્રસર્યો છે. સદીઓથી લોકોની દૃષ્ટિ હરી લેતા આંખના રોગો ઉપર આ સદીના અંત સુધીમાં કાબૂ મેળવવાનાં દુનિયાભરના પ્રયાસોમાં આપની સેવાઓથી આપના દેશ દ્વારા પૂર્તિ થઈ છે. આ માસના અંત સુધીમાં આપને રૂબરૂ મળી આપનાં આ જીવનકાર્યને બિરદાવવાની તક મળશે તે માટે હું આતુરતાથી રાહ જોઈ રહ્યો છું.' અહીં ડૉ. રેડ્ડીના કાર્યની પ્રશસ્તિ જોઈ શકાય છે. ત્રેસઠ વર્ષના ડૉ. પેરુગુ શિવા રેડ્ડી નેત્રવિદ્યા ક્ષેત્રની એમની અપ્રતિમ સિદ્ધિ દ્વારા ભારતને ગૌરવ અપાવી રહ્યા છે. □

અનુસંધાન] બેડીબંદર [પૃષ્ઠ ૧૪૪થી

વધતાં તેલ, ખોળ, શીંગદાણાની નિકાસ વધી છે. કંકુ, બાંધણી, તાળાં, ચપ્પાં-સૂડી, જરીકામ વગેરે ગૃહઉદ્યોગો ને લઘુઉદ્યોગો પણ વધુ વિકસ્યાં છે, જે બધાંનો લાભ પણ બેડીબંદરના વિકાસમાં મળતો રહ્યો છે. વળી, જામનગર તો 'લઘુકાશી' તરીકે પણ ખ્યાત છે. અહીં મેડિકલ કૉલેજ તથા આયુર્વેદિક યુનિવર્સિટી સહિત બીજી કૉલેજોને કારણે એ એક મોટું વિદ્યાધામ ગણાય છે. જૂના રાજ્યે તથા સૌરાષ્ટ્ર રાજ્યે રીબેટ, બૅન્કિંગ ને ધિરાણ તથા માલ સંઘરવા માટે વખારોની સગવડો વધારીને વેપારને જે ઉત્તેજનો આપ્યાં તેના લાભ પણ ફળતા દેખાયા જ છે. આ ઉપરાંત, લશ્કરની ત્રણે પાંખોની તાલીમશાળાઓ પણ અહીં છે. સંરક્ષણની વ્યૂહાત્મક દૃષ્ટિએ પણ જામનગર-બેડીબંદરનું મહત્ત્વ છે. પાકિસ્તાન સાથેના યુદ્ધમાં જામનગરને હવાઇ આક્રમણના ભોગ બનવું પડેલું તે તો ઘણાંને યાદ હશે. બેડી મત્સ્યઉદ્યોગનું પણ એક કેન્દ્ર છે અને અહીં નજીકના સમુદ્રમાંથી મોતી પણ નીકળે છે.

હવામાન અને ભરતીના લાભ ઉપરાંત બેડીબંદરમાં અનેકવિધ અનુકૂળતા છે. તેનો ડૉકએરિયા આઠઆઠ વખત વિસ્તારીને હવે ઘણો વિશાળ બનાવાયો છે. આ જ રીતે તેના ગોડાઉન-વિસ્તારનું ૩૫ વખત વિસ્તરણ થએલું છે. બંદર ઉપર ૬,૭૨૪ ફૂટ લાંબો ડૉક (ધક્કો) છે. બીજી પંચવર્ષીય યોજનામાં ૭૫ લાખ અને ત્રીજી યોજનામાં ૪૬ લાખ રૂપિયા આ બંદરની સુધારણા માટે ખર્ચાયા હતા. બેડીની નાળ સુરક્ષિત છે પણ ઝડપી પ્રવાહ તથા ભરતીના કારણે વહાણવટા માટે તે અનુકૂળ નથી. અહીં શિયાળામાં પવનનો વેગ ૮·૪ કિ.મી. અને ઉનાળામાં ૧૨·૭૧ થી ૨૧·૭ કિ.મી. જેટલો રહે છે. વરસાદ સરેરાશ ૪૬૬ મિ.મી., અને વરસાદી દિવસો ઓછા હોઈ વર્ષ દરમિયાન વધુ દિવસો સુધી માલની હેરફેર થઈ શકે છે. હવામાન પણ એકંદરે ખુશનુમા રહે છે. પૂનમ-અમાસની મોટી ભરતીમાં ૫·૯૪ મીટર અને સાતમ-આઠમની નાની ભરતીમાં ૫·૩૯ મીટર પાણી ચડે છે. ઓટને કારણે ૧·૮૯થી ૧·૦૪ મીટર જેટલી અસર જણાય છે. બંદરમાં પ્રવેશવા માટે પાઇલોટ સર્વિસ ફરજિયાત છે.

બેડીબંદરમાં ૨૨ વખારો અને ૭ ટ્રાન્ઝિટ શેડ છે, જેનો કુલ વિસ્તાર ૩૭૮૬૫ ચો.મી. જેટલો છે. ૧૯૭૬-'૭૭માં ૧૦ ટગ, ૧ લૉંચ, ૬૨ બજરા અને ૮ ક્રેઈનની સગવડ હતી તેમાં પણ વધારો થયો છે. અહીં ત્રણ ધક્કા છે જેની લંબાઈ અનુક્રમે ૧૪૯૭, ૬૬૦ અને ૨૮૪ મીટરની છે. અગ્રગણ્ય ઘણી બૅંકોની શાખાઓ પણ અહીં હોઈ વેપારીઓને તે અનેક રીતે સહાયરૂપ બની રહે છે.

કંડલા અને વાડીનારના વિકાસની બેડીબંદર ઉપર વિપરિત અસર પડવાનો સંભવ છે. કારણ આ ત્રણે બંદરોનો પીઠપ્રદેશ સમાન છે. વળી, બેડીબંદર આઠ કલાક કામ આપી શકે છે, જ્યારે કંડલા-વાડીનાર બંદરે સીધી ધક્કા સુધી સ્ટીમરો આવી શકે તેમ છે અને ત્યાંનાં લંગરસ્થાનો બેડીબંદરનાં કરતાં કાંઠાથી વધુ નજીક હોવાનો લાભ પણ તેમને છે. આ દૃષ્ટિએ જોતાં બેડીબંદરના વિકાસ અને સગવડો વધારવા પાછળ વધુ ખર્ચ કરવો કેટલો હિતાવહ છે તે વિચારણીય છે. □

■ શ્રી મહાવીર જૈન વિદ્યાલય તથા અખિલ ભારતીય અચલગચ્છ (વિધિ પક્ષ) શ્વેતામ્બર જૈન સંઘના ઉપક્રમે તા. ૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર-૧૯૮૩ના રોજ માંડવી (કચ્છ) ખાતે પાંચમા જૈન સાહિત્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે વિદ્વાનોને જૈન ધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, સ્થાપત્ય-શિલ્પ અને ઇતિહાસ-પુરાતત્ત્વ અંગે પોતાના સંશોધન લેખો, મોડામાં મોડા તા. ૧૫-૯-'૮૩ સુધીમાં, સંયોજક, જૈન સાહિત્ય સમારોહ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઑગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૩૬, એ સરનામે મોકલી આપવા તથા વિદ્વાનો અને રસજ્ઞોને આ સમારોહમાં સક્રિય રીતે ભાગ લેવા આમંત્રણ છે. —સમારોહ-સંયોજક : ડૉ. રમણલાલ ચી. શાહ

■ ગુજરાતી સાહિત્ય પરિષદના ૩૨મા પ્રમુખ તરીકે જાણીતા સાહિત્યકાર અને શિક્ષણશાસ્ત્રી શ્રી યશવંત શુક્લની વરણી થઈ છે. પરિષદના પ્રમુખપદ માટે સૂચવાએલાં ત્રણ નામોમાંથી શ્રી હરીન્દ્ર દવે તથા શ્રી કે. કા. શાસ્ત્રીએ પોતાનાં નામ પાછાં ખેંચી લેતાં શ્રી શુક્લ બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા છે. આગામી ડિસેમ્બરમાં સૂરતમાં યોજાયેલા પરિષદના ૩૨મા અધિવેશનમાં તેઓશ્રી પ્રમુખ તરીકે હોદ્દો સંભાળશે.

સત્યજિત રાયની રહસ્યકથા

ગોસાંઈપુરમાં સરગરમી

સુકન્યા ઝવેરી

ગોસાંઈપુરમાં તમારા કોઈ ઓળખીતા રહે છે, ખરું?' રહસ્ય-રોમાંચ નવલકથાકાર 'જટાયુ' ઉર્ફે લાલમોહન ગાંગુલીને ફેલુદાએ પૂછ્યું.

'થ્રી મસ્કેટીઅર્સ' પિક્ચર જોઈ અમે વિક્ટોરીઆ મેમૉરીઅલ બાજુ થઇને ચાલતાચાલતા ગંગાતીરે આવ્યા હતા. પ્રિન્સેપ ઘાટ પાસે જે એક ગુંબજવાળી દેવડી છે તેમાં બેસીને ચણા, અને ગંગા પરથી આવતી હવાની મોજ માણતા હતા. સમય હતો સાંજના પાંચ, અને તારીખ ઑક્ટોબરની તેર. અમારી સામે પાણીમાં બોયું તરતું હતું, તેનો શો ઉપયોગ છે તે લાલમોહનબાબુને સમજાવ્યા પછી ફેલુદાએ પ્રશ્ન પૂછ્યો.

'હા, છે ને. તુલસીબાબુ—તુલસીચરણ દાસગુપ્ત. ઍથિનીઆમાં એ ગણિત અને ભૂગોળ શીખવતા. રાજા દિનેન્દ્ર સ્ટ્રીટમાં રહેતા. રિટાયર્ડ થયા પછી હવે ગોસાંઈપુર ચાલ્યા ગયા છે. ત્યાં એમના બાપદાદાનું ઘર છે. ઘણી વાર મને તેડાવે છે. મારા ખાસ ભક્ત છે. ખબર છે? પોતે પણ વાર્તાબાર્તા લખે છે-બાળકો માટે. 'સંદેશ'માં છપાઈ પણ હતી. પણ તમને આમ અચાનક ગોંસાઈપુર કેમ યાદ આવ્યું?'

'ત્યાંથી એક પત્ર આવ્યો છે. જીવનલાલ મલ્લિકનો. શ્યામલાલ મલ્લિકના દીકરા જીવનલાલ. વંશ પરિચય પુસ્તક – ભાગ ત્રીજો ખોલીને જોયું. તેમાં લખ્યું છે કે આ મલ્લિકો ગોસાંઈપુરના જાગીરદારો હતા.' આટલું કહી ફેલુદા બોલતા થંભી ગયા. નજીકથી પસાર થઈ રહેલા એક જહાજનું ભૂંગળું ગાજી ઊઠ્યું હતું. સવારે ગોસાંઈપુરથી એક પત્ર આવેલો તે હું જાણું છું, પણ તે શાને અંગે હતો તેની મને ખબર નહોતી. ફેલુદા પણ એ વાંચી લીધા પછી ચારમિનાર પેટાવીને કંઈ વિચારમાં ઊતરી ગયા હતા એ પણ મેં જોયું હતું.

'શું લખ્યું છે એમણે?' લાલમોહનબાબુએ પૂછ્યું.

'જીવનલાલે લખ્યું છે કે એમના પિતા, એટલે કે શ્યામલાલનું કોઈ ખૂન કરવા માગે છે. આ અંગે તપાસ કરવા જીવનલાલે મને વિનતિ કરી છે. બદલામાં યોગ્ય મહેનતાણું પણ મળશે.'

'ઓહો! એમ વાત છે?' લાલમોહનબાબુ બોલ્યા, 'તો તો ચાલો જઇ આવીએ. મારું નવું પુસ્તક પ્રકટ થઈ ગયું છે એટલે હમણાં મારે તો નવરાશ છે, અને તમારા હાથ ઉપર પણ હમણાં કોઈ ખાસ કામ નથી. ખૂબ આરામ કર્યો આપણે, હવે જરા ગામડામાં રહી આવીએ, 'ચેઈન્જ' મળશે. વળી, ત્યાં નજીકમાં જે સેગુનહાટી છે ત્યાં આ સમયે એક મેળો ભરાય છે તે યે જોઈશું. ચાલો, જઇએ. ફરાશે યે ખરું, અને કામ પણ થશે.'

'પણ આપણે જીવનલાલને ત્યાં રહેવાનું નથી. જીવનલાલે લખ્યું છે કે પૂરતી સગવડ ન હોઈ ત્યાંથી ત્રણેક માઈલ દૂર શ્રીપુરામાં એમના કોઈ ઓળખીતાને ત્યાં એ આપણા રહેવા માટે ગોઠવણ કરશે. ત્યાંથી ગોસાંઈપુર જવા-આવવા માટે સાઈકલ-રિક્ષા મળશે. પણ મને એમ કે જો ગોસાંઈપુરમાં જ રહીએ તો આપણા કામમાં વધુ સગવડ રહે, એટલે તમાર મિત્ર વિષે પૂછ્યું.'

'અરે, મારો મિત્ર તો ઊલ્ટો ખૂબ રાજી થશે—વિલ બી ડેમ ગ્લૅડ. અને તમે સાથે આવો છો પછી તો પૂછવું જ શું? તમારો પણ એ અત્યંત ભક્ત છે.'

'અચ્છા! બીજા કોનોકોનો એ ભક્ત છે એ પણ હવે બોલી જ દો.'

પણ ફેલુદાનો કટાક્ષ લાલમોહનબાબુ સમજ્યા નહિ, અને ઉત્તર આપતાં કહ્યું, 'જગદીશ બોઝનો. એ કહેતો કે એ જમાનામાં એવો મોટો મનીષી – વિજ્ઞાની પૃથ્વી પર બીજો કોઈ નથી. અને નાનપણમાં એ ગોબરબાબુ પાસે કુસ્તી પણ શીખ્યો છે, એટલે...'

'બસ, બસ. આટલું પૂરતું છે.' કહી ફેલુદાએ વાત સમેટી લીધી.

ગોસાંઈપુર જવા માટે કાટોઆ જંક્શને ઊતરી ત્યાંથી બસ પકડવી પડે. ત્યાંથી સાત માઇલ જવાનું, એટલે બહુ તો અર્ધો કલાક લાગે. ફેલુદાએ જીવનલાલબાબુને લખી નાખ્યું હતું કે અમે આવીએ છીએ અને ગોસાંઇપુરમાં અમારા રહેવાનો બંદોબસ્ત કરી લીધો છે. લાલમોહનબાબુએ પણ પોતાના મિત્રને પત્ર લખી દીધેલો, જેના ઉત્તરમાં તુલસીબાબુએ આનંદ વ્યક્ત કરવા સાથે જણાવ્યું હતું કે આ તક ઝડપી લઇ તેઓ 'ગોસાંઇપુર સાહિત્યસંઘ' દ્વારા ફેલુદા ને લાલમોહનબાબુનું જાહેર સમ્માન કરવાનું આયોજન પણ વિચારતા હતા. અલબત્ત, લાલમોહનબાબુને આ અંગે જરાય વાંધો નહોતો, પણ એ વિષે એમણે જાણ કરી ત્યારે ફેલુદાએ જરા કડક સ્વરે એમને ચેતવણી આપી, 'આમાં મારું સમ્માન કરવા જેવું શું છે? તમે તુલસીબાબુને તુરત લખી નાખો કે કોઇને મારી ઓળખ પણ આપે નહિ. મારું આગમન જાહેર થઇ જાય તો મારો આખો કેસ ચૂંથાઇ જાય'.

લાલમોહનબાબુને ફેલુદાનો આદેશ માનવો પડ્યો, છતાં એમણે એટલું તો કહ્યું જ કે એમને પોતાને સમ્માન સ્વીકારવામાં કોઇ વાંધો નહોતો, અને એ રીતે એમણે તુલસીબાબુને લખી પણ દીધું હતું એટલું જ નહિ, સમ્માન-સમારંભમાં પહેરી જવા લખનવી ભરતકામવાળો એક નવો ઝભ્ભો પણ ખરીદી લીધો હતો.

તુલસીબાબુએ વળતો ઉત્તર પણ પાઠવી દીધો હતો કે તેઓ ગોસાંઇપુર ગામમાં બસ-સ્ટૅન્ડ પાસે જ એક યોગેશ મોદીની દુકાન પાસે અમારી રાહ જોશે અને ત્યાંથી દસેક મિનિટના પગરસ્તે અમને પોતાને ત્યાં લઇ જશે.

કાટોઆથી બસમાં જતાં માર્ગમાં એક પાલખી જતી જોઇ, મને બહુ નવાઇ લાગી. ફેલુદા અને લાલમોહનબાબુ પણ બારીમાંથી ડોક લંબાવી થોડી વાર સુધી એ જોઇ જ રહેલા.

'આ કઇ સદીમાં આપણે આવ્યા છીએ, ભાઇ?' લાલમોહનબાબુ તો બોલ્યા યે ખરા, ને પછી ઉમેર્યું, 'અહીં વીજળી-બીજળી તો હશે કે નહિ? સાવ આવું ગામડું હશે એવી તો કલ્પના જ નહોતી.'

રોજની આવ-જા એટલે બસ કંડક્ટરને યોગેશ મોદીની દુકાનની ખબર હતી. અમે યે પહેલેથી કહી રાખેલું એટલે એ દુકાન પાસે જ 'ગોસાંઇપુર – ગોસાઇપુર'ની બૂમ પાડી બસ થોભાવી અને અમને ત્યાં ઉતાર્યા. અમને જોઇ જે સજ્જન હસતે મુખડે લાલમોહનબાબુ તરફ આગળ વધ્યા તેઓ એક જમાનામાં સ્કૂલ-માસ્તર હશે તે જણાઇ આવતું હતું. હાથમાં થીગડાવાળી છત્રી, વાધરી વિનાના જોડા, જાડા કાચનાં ચશ્માં, અર્ધીબાંયનો ઝભ્ભો, ટૂંકી પોતડી અને બગલમાં નૅશનલ જ્યૉગ્રૉફિક મૅગેઝિનનો વર્ષો જૂનો અંક. ફેલુદાનો પરિચય કરાવતાં જ એમણે હસીને આંખ મિચકારતાં કહ્યું, 'આપનો હુકમ

બરાબર પાળ્યો છે, કશી ફિકર કરશો નહિ. આપ છો ટૂરિસ્ટ. આખી જિંદગી કૅનેડામાં પસાર કરી દેશમાં પાછા આવતાં અહીંનું અસલ ગામડું જોવાનો શૉખ થયો છે. મને થયું કે આપ અહીં કંઇ તપાસ અર્થે આવ્યા છો એટલે એ અંગે કદાચ અહીંતહીં જવુંઆવવું પણ પડે, તેથી સેફ સાઇડે રહેવું સારું. વળી, ટૂરિસ્ટોની કુતૂહલવૃત્તિ પણ બહુ સતેજ હોય છે એ સૌ જાણે છે.'

'તમારી પાસે કૅનેડા સંબંધી પુસ્તકો હશે એમ માનું છું.' ફેલુદા હસીને બોલ્યા.

'આપ કોઈ ચિંતા ન રાખશો.' તુલસીબાબુ ફરી બોલ્યા, ને પછી લાલમોહનબાબુ તરફ જોઈ કહ્યું, 'પણ ગાંગુલીભાયા, તમારે તો પ્રસંગ ઉકેલવો જ પડશે. શુક્રવારે અમારી ન્યૂ પ્રાઈમર સ્કૂલનું ફંક્શન ઍરેંજ કર્યું છે. વકીલ સુરેશ ચાકલાદાર એનું પ્રમુખપદ લેશે. ખાસ કંઈ ધમાલ નથી, બસ એકાદ નૃત્ય, ગાન, બે-ચાર કવિતાનું પઠન, બે-એક ભાષણ વગેરે. બીજું વધુ તો અહીં શું હોય ? અમારા પોસ્ટ-માસ્તર હરિહરનો દીકરો બલદેવ ડ્રૉઇંગ સારું જાણે છે. એના હાથે માનપત્ર લખાવ્યું છે, જો કે ભાષા-લખાણ, હે...હે...હે...મારાં છે.'

'તો તો પછી અલંકારોની અતિશયોક્તિ...' લાલમોહનબાબુ મલકાતે મુખડે બોલ્યા તો ખરા, પણ એવામાં એ કાચા રસ્તા પર કશાકની ઠોકર વાગતાં એમનું વાક્ય પૂરું થઈ શક્યું નહિ. પણ બાકીનું તુલસીબાબુએ સમજી જઇને ઉત્તર આપ્યો.

'આવા પ્રસંગોએ થોડી અતિશયોક્તિ તો થાય જ. પણ તમારા જેવા સક્સેસફુલ ઓથર – સફળ લેખક અહીં વળી કેટલા આવે, કહો ! છેલ્લે આવ્યા હતા પરીક્ષિત ચાટુજ્જે, તેય તે છેક સિક્સ્ટી સેવનમાં.'

'અહીં આવતાં માર્ગમાં એક પાલખી જોઈ. આ તરફ હજી યે પાલખી વપરાય છે ?' ફેલુદાએ પૂછ્યું.

'પાલખી ?' તુલસીબાબુ છત્રીના દાંડાથી વચ્ચે આવતા એક વાછરડાને બાજુએ હટાવતાં બોલ્યા, 'આપને ગયા જમાનાની કઈ વસ્તુ જોવી છે તે કહો. લાઠીધારી પાઈક (સિપાઈ) ? અહીં છે. હુક્કો ભરનાર ? છે. ખેંચવાની દોરીવાળા પંખા ? છે. શમાદાન ફાનસ ? છે....'

'પણ અહીં ઇલેક્ટ્રિસિટી છે તો ખરી !'

'હા, છે તો ખરી જ, પણ જ્યાં હોવી જોઇએ, જ્યાં હોવાની સંપૂર્ણ સંભાવના હોવી જોઇએ, ત્યાં જ નથી.'

'એટલે ક્યાં નથી ?' લાલમોહનબાબુએ પૂછ્યું.

'મલ્લિક કુટુંબની હવેલીમાં.'

તુલસીબાબુનો ઉત્તર સાંભળી અમે ત્રણે આશ્ચર્યથી તાકી રહ્યા.

'મલ્લિક એટલે શ્યામલાલ મલ્લિક ?' ફેલુદાએ પૂછ્યું.

'ગોસાંઈપુરમાં એ એક જ મલ્લિક કુટુંબ છે. અહીંના એ જાગીરદારો હતા. દુર્લભ મલ્લિકના નામે અહીં વાઘ-બકરી એક ઘાટે પાણી પીતાં. આ શ્યામલાલ એમના પુત્ર. જાગીરદારી પ્રથા નીકળી ગઈ પછી શ્યામલાલ કલકત્તા જઈ વસ્યા. પ્લાસ્ટિકના ધંધામાં ખૂબ કમાયા. એક દિવસ અંધારામાં લાઈટ કરવા જતાં ભારે ઇલેક્ટ્રિક શૉક લાગ્યો. ધાંધલ મચી ગઈ. કંઈ કેટલાય ઉપચારો લેવા પડ્યા. સ્વસ્થ થતાં દીકરાને ધંધો સોંપી ગોસાંઈપુર આવતા રહ્યા. આધુનિક સુખ-સાધનો તરફ એવી ગ્રંથિ બંધાઈ ગઈ કે અહીં આવતાં જ એમણે ઇલેક્ટ્રિક કનેક્શનો કપાવી નખાવ્યાં. એ તો ઠીક, પણ વીસમી સદીની બધી વસ્તુઓ પ્રત્યે એમને પૂર્વગ્રહ બંધાઈ ગયો હોઈ એવી બધી ચીજોનો વપરાશ બંધ કરી દીધો. ચિરૂટ છોડી હુક્કો ચાલુ કર્યો. ફાઉન્ટનપેનના બદલે કલમ અને ટૂથબ્રશના બદલે દાતણ વાપરવા માંડ્યાં. મોટરગાડી વેચી નાખીને ઘરમાં પડેલી વર્ષો જૂની પાલખી સમરાવી લઈ તેને ઊંચકવા ચાર ભોઈ રાખ્યા. ઘરમાં પડેલી વિલાયતી દવાઓ ફેંકાવી દઈ દેશી દવાઓનો ઉપયોગ શરૂ કર્યો. અરે, એમાં તો પેલા ફાંકતાલના તારક વૈદ્યનું નસીબ સુધરી ગયું. ઘરમાં હતાં તે બધાં અંગ્રેજી પુસ્તકો સુધ્ધાં વેચી નાખ્યાં અને આ ઉપરાંત, બીજું એટલું બધું બદલાઈ ગયું કે જેનો હિસાબ નથી. આપ અહીં આવ્યા છો એટલે એકાદ વાર તો આપને એમનો ભેટો થશે જ અને ત્યારે આપને વિશેષ જાણવા મળશે.'

'એમનો ભેટો તો થશે જ. હું અહીં એમના પુત્રના બોલાવવાથી જ આવ્યો છું.' ફેલુદાએ કહ્યું.

'હા, એમનો દીકરો થોડા દિવસથી અહીં આવ્યો છે ખરો, પણ વાત શી છે ?'

'શ્યામલાલ મલ્લિકનું ખૂન કરવાની પેરવી કોઈ કરી રહ્યું છે એવા કંઈ ખબર તમારા કાને આવ્યા છે ?'

તુલસીબાબુ તો આ સાંભળી સડક થઈ ગયા. કહે : 'ના ભાઈ, એવું તો કંઈ સાંભળવામાં નથી આવ્યું, અને ખૂનનું કહો છો તો બહારથી ક્યાં કોઈને લેવા જવું પડે એમ છે ? એ તો ઘરમાં જ છે.' ફેલુદાને આ બરાબર સમજાયું નહિ એટલે તુલસીબાબુ ફોડ પાડતા બોલ્યા : 'આ જેણે આપને અહીં બોલાવ્યા છે એની સાથે બાપને મુદ્દલ બનતું નથી. એ અહીં આવે કે બાપ-દીકરા વચ્ચે ઝઘડો થાય જ. જો કે હું જીવનલાલને દોષ નથી આપતો. બાપ આવો વિચિત્ર ને તોરી હોય તો કયો દીકરો એનું કહ્યું માને ? જીવનલાલ આવે ત્યારે એ જ ઘરમાં રહેવાનું. એ ભૂતિયા હવેલીમાં મગજ ઠેકાણે રાખવું બહુ કઠીન છે.'

એક વીઘા જેટલી જમીન પર તુલસીબાબુનું લગભગ સોએક વર્ષ જૂનું મકાન હતું. એમના પિતા અને દાદા બંને વકીલ હતા. આ ઘર એમના દાદાએ બંધાવેલું. તુલસીબાબુ એકલા જ અહીં રહેતા. પત્ની કલકત્તામાં ગુજરી ગએલી. એક દીકરી છે તેને આઝિમગઢમાં પરણાવી છે. એનો પતિ લોખંડ અને ઈમારતી લાકડાંનો વેપાર કરે છે. બે દીકરા છે, તેમાંનો એક કલકત્તામાં સાઈનબોર્ડ પેઇન્ટિંગનો બહોળો ધંધો ચલાવે છે, બીજો દવાનો સેલ્સમૅન છે. અહીં ગામડામાં બધાં જ એકબીજાને ઓળખે ને રોજેરોજ મળે તથા એકબીજાના ખબર રાખે, એટલે એકલા રહેવા છતાં એકલવાયું ન લાગે.

અમે એમને ત્યાં પહોંચ્યા ત્યારે બપોરના ચારેક વાગ્યા હતા. હાથ-મોં ધોઈ ચા-નાસ્તો કર્યો. ફેલુદા આ અંગે બહુ ચોખલિયા છે, એટલે આવા સ્થળે જાય ત્યારે પોતાની પસંદગીની ઊંચી જાતની ચા પણ સાથે રાખે છે. અહીં અમે એ ચા જ બનાવરાવી અને બધાએ તે પીધી, સાથે નાસ્તો પણ હતો જ. તુલસીબાબુના નોકર ગંગાએ બધું તૈયાર કરેલું. બહાર ખુલ્લા આંગણમાં બેસી ચા-નાસ્તો લેવાનો પણ એક લહાવો છે. આંગણ સામે જ રસ્તો હતો. લોકોની બધી અવરજવર આંગણમાં બેઠાંબેઠાં જોઇ શકાતી.

મકાનમાં નીચે મુખ્ય બે ઓરડા હતા, જેમાંનો એક તુલસીબાબુ પોતે વાપરતા. ઉપર અગાશીમાં એક મોટો ઓરડો હતો. એમનાં દીકરી-જમાઇ વગેરે આવે ત્યારે તેઓ એ ઓરડો વાપરતાં, અન્યથા તે ખાલી રહેતો. તુલસીબાબુએ ત્યાં ત્રણ ખાટલા ઢળાવી અમારા માટે અગાઉથી વ્યવસ્થા કરી રાખી હતી.

ચા પીતાંપીતાં ફેલુદાએ કહ્યું : 'જીવનબાબુને મેં લખી જણાવ્યું હતું કે આજે લગભગ સાડા પાંચે હું એમને મળીશ. એટલે એક વાર હું એ ઇલેક્ટ્રિકના અજવાળા વિનાની હવેલીમાં જઇ આવું. અહીંથી એ કેટલી દૂર છે ?'

'અહીંથી પાંચ-સાત મિનિટના રસ્તે જ છે. હું આપને ત્યાં પહોંચાડી દઇશ. પણ ગાંગુલી ભાયાને હું છોડીશ નહિ. આજે સાંજે કેટલાક સજ્જનો અહીં આવવાના છે. આપણા આ સાહિત્યકાર સાથે જ્ઞાનગોઠડી કરવા ઇચ્છે છે. આપ પણ એક-દોઢ કલાકમાં તો આવી જશો ને?'

'કેમ? કામ છે કંઇ?'

'આપને આત્મારામ બાબુને ત્યાં લઇ જવા માગું છું. એ પણ અમારા આ ગોસાંઈપુરનું એક ઍટ્રૅક્શન છે.' તુલસીબાબુએ કહ્યું, 'એમનું અસલ નામ તો છે મૃગેન ભટ્ટાચાર્ય. આત્મા-બાત્મા વિષે ચર્ચા કરે એટલે અહીંના લોકોએ નામ પાડયું આત્મારામ. જો કે એ નામે હું એમને નથી સંબોધતો. પણ મને લાગે છે કે એમનામાં સાચે જ કંઈક છે ખરું'.

આત્મા વિષેની ચર્ચા એટલે શું એ વિષે કંઈ વાત ચાલુ થાય તે પહેલાં તો સામે રસ્તા પર પાલખી દેખાઈ. એ નજીક આવતાં જોયું કે પાલખીમાં કોઈ બેઠું હતું.

'અરે! પાલખીમાં તો જીવનબાબુ જ લાગે છે.' તુલસીબાબુ બોલી ઊઠયા. અંદર બેઠેલા સજ્જને બહાર ડોકિયું કર્યું, અને આપણે વાર્તાઓમાં વાંચીએ છીએ તેમ હેઈ...હો, હેઈ...હો કરતા આવતા ભોઇઓ એકદમ થંભી ગયા અને ખભા ઉપરથી પાલખી ઉતારી. અંદરથી પાંત્રીસેક વર્ષના પેલા સજ્જન બહાર આવ્યા. પાલખીમાંથી નીકળતાં એમને ફાવતું નહોતું એ દેખાઈ આવ્યું. એક તો જૂના જમાનાની પાલખી અને તેમાં કલકત્તાના આધુનિક પોશાકમાં સજ્જ લાગતા સજ્જન, બંનેનો મેળ કોઈ અજબ વૈચિત્ર્ય દાખવતો હતો.

'મિસ્ટર મિત્તર?' હસીને ફેલુદા તરફ આગળ આવતાં તેમણે પૂછયું. અને ફેલુદાએ માથું ધુણાવી હકાર ભણતાં એમણે કહ્યું : 'મારું નામ જીવનલાલ મલ્લિક.' અને એમણે ફેલુદા સાથે હાથ મિલાવ્યા.

'એ તો વરતાઈ જ આવ્યું.' કહી ફેલુદાએ અમારી ઓળખ આપી : 'આ મારા મિત્ર મિસ્ટર ગાંગુલી – લાલમોહન ગાંગુલી અને આ મારો માસીઆઈ ભાઈ તપેશ. તુલસીબાબુને તો તમે ઓળખતા જ હશો.'

જીવનબાબુએ પાલખીને રજા આપી દીધી, પછી કહે : 'મારું ઘર અહીંથી પાંચેક મિનિટમાં પહોંચી જવાય એટલું દૂર છે.' પછી અમે ખાલી કરેલા કપ તરફ નજર પડતાં બોલ્યા, 'તમારાં ચા-નાસ્તો પતી ગયાં લાગે છે. તમે અત્યારે મારી સાથે આવશો? મારે જરા કામ છે.'

ફેલુદા અને હું જીવનબાબુની સાથે એમને ત્યાં જવા નીકળ્યા. લાલમોહનબાબુ તુલસીબાબુને ત્યાં જ રોકાયા. રસ્તા પરથી અમે આડા ફંટાઇને એક વાંસવનમાં પ્રવેશ્યા ત્યારે લાગ્યું કે જીવનબાબુએ આ શૉર્ટકટ – ટૂંકો માર્ગ લીધો હશે.

'કલકત્તા એક ફોન કરવો હતો એટલે સ્ટેશને ગયો હતો. પાલખી સિવાય છૂટકો નહોતો.' રસ્તામાં જીવનબાબુએ કહ્યું. પછી આડી નજરે ફેલુદા ભણી જોતાં બોલ્યા, 'તુલસીબાબુએ તમને કેટલીક વાત તો કરી જ હશે.'

'હા. કહેતા હતા ઇલેક્ટ્રિક શૉકનું પરિણામ.' ફેલુદાએ કહ્યું.

'એમ જ. પણ શરૂઆતમાં આટલી હદ સુધી નહોતું. ગુસ્સો કેવળ ઇલેક્ટ્રિસિટી પર હતો. અત્યારે જે હાલત છે એ અમારે ઘેર આવશો એટલે ખબર પડશે.'

'અહીં તમે વારંવાર આવો છો?'

'બેએક મહિને એક વાર. કલકત્તામાં અમારો ધંધો હમણાં હું જ સંભાળું છું. એ અંગે વાતચીત કરવા અવારનવાર આવવું પડે.'

'તો ધંધામાં તમારા પિતાજીને રસ છે ખરો!'

'ના, જરાય નહિ. પણ હું એવું ઇચ્છતો નથી. તેઓ ફરી અસલ સ્થિતિમાં આવી જાય એ માટે હું સતત પ્રયાસો કરતો રહું છું.'

'કંઈ આશા દેખાય છે ખરી?'

'હજી સુધી તો એવું કંઈ લાગતું નથી.'

જીવનબાબુની હવેલી દાયકાઓ જૂની હોય એ સ્વાભાવિક હતું, પણ તેમાં અવારનવાર મરામત પણ થતી રહેતી હશે એટલે જીર્ણ નહોતી લાગતી. એક મોટા ફાટકમાં થઇને એના વિસ્તારમાં અમે પ્રવેશ્યા. જમણી તરફ એક બાંધેલું તળાવ હતું. આવાસની બંને તરફની ખુલ્લી જગ્યામાંથી પાછળ દેખાતાં વૃક્ષો પરથી લાગ્યું કે પાછળ બગીચો હશે. વિસ્તારની ચારે બાજુ વંડી કરેલી હતી, પણ મરામતના અભાવે ક્યાંકક્યાંક એની દીવાલ તૂટી ગએલી હતી.

દરવાજા પાસે જ એક દરવાન ઊભો હતો. કોઈ ઐતિહાસિક નાટકમાં ઊતરવા માટે તૈયાર થએલા પાત્ર જેવો તેનો વેષ હતો. હાથમાં ભાલો અને ઢાલ લઈ તે ચોકી કરતો હતો. જીવનબાબુને જોતાં જ એણે એક જબરી સલામ ઠોકી. પાલખી જોયા પછી આ બીજી વિચિત્રતા જોઈ મને હસવું આવી ગયું.

નીચેના બેઠકખંડમાં અમે ગાદી-તકિયા ઉપર બેઠા. ઘરમાં ક્યાંય ખુરશી દેખાઈ નહિ. ભીંત ઉપર જે છબીઓ હતી તે પણ દેવદેવીઓની અને પૌરાણિક પ્રસંગોની હતી. એક મોટું કબાટ હતું, જેમાં ગણ્યાંગાંઠયાં બંગાળી પુસ્તકો હતાં અને બાકીનાં ખાનાં ખાલી હતાં.

'તમને પંખાની જરૂર છે? તો દાસુને બોલાવું.' જીવનબાબુએ આ પૂછયું ત્યારે જ ધ્યાન ગયું કે આ ખંડમાં અમારા માથા પર ખાસ નેતર ને વાંસની સળીઓ ગૂંથીને બનાવેલો ઝાલરવાળો મોટો પંખો છતમાંનાં બે કડાંમાં લટકાવ્યો હતો. એ પંખા સાથે બાંધેલી એક દોરી છતમાંનાં બીજાં કડાંમાં થઇને બારણા ઉપરની ભીંતમાં રાખેલા એક કાણામાંથી બહાર જતી હતી. જેને વરંડામાં બેસીને એક નોકર ખેંચે એટલે પંખો ઝૂલે અને ખંડમાં હવા લાગે. ઑક્ટોબરની સાંજ પડવા આવી હતી એટલે પંખાની જરૂર નહોતી.

જીવનબાબુએ કબાટ ખોલી તેમાંથી ગમછા જેવો કાપડનો એક ટુકડો બહાર કાઢી ફેલુદાને જોવા આપીને પૂછયું, 'જાણો છો આ શું છે?'

ફેલુદાએ તે પહોળો કરીને જોયો. ખાસ્સા મોટા ચોરસ રૂમાલ જેવા કાપડના એ ટુકડાને એક છેડે ગાંઠ મારેલી હતી. લાગતું હતું તેમાં નાનકડો પથ્થર બાંધ્યો હતો. આ જોતાં જ ફેલુદાનાં ભવાં સંકોચાઈ ગયાં. પછી પેલી ગાંઠના સામેના છેડે એણે બીજી ગાંઠ વાળી અને એ છેડો પકડી હાથ ઊંચો કરી તેને હવામાં ગોળગોળ ફેરવવા માંડયો. 'તોપસે, ઊભો થા.' રૂમાલ ફેરવતાં ફેરવતાં જ એમણે મને કહ્યું.


હું ઊભો થયો એટલે મારાથી ત્રણેક હાથ દૂર ખસી, પેલા ગમછાને જરા વધુ ફેરવીને પછી એકાએક માછી પાણીમાં જાળ નાખે તેમ એ મારા પર ફેંક્યો. વેગથી ફરતો પેલો પથ્થરવાળો છેડો મારી ગરદન ફરતો વીંટાઈ ગયો.


'ફાંસો.' હું બોલી ઊઠયો. ફેલુદાએ જ અગાઉ કહેલું કે આપણા દેશમાં ઠગ-પિંઢારાઓ આવી રીતે વટેમાર્ગુના ગળે એકાએક ફાંસો નાખી એમને ફસાવીને મારી નાખતા અને જે કંઈ માલ મળે તે ઉડાવી જતા. અલબત્ત, ફેલુદાએ મારા ગળા પરના ફાંસાને ખેંચીને ભીંસ આપી નહોતી, તુરત એણે એ ખોલી નાખી ગાદી પર બેસતાં પૂછયું, 'આ તમને ક્યાંથી મળ્યો?'


'હું આવ્યો તેના થોડા દિવસ પહેલાં મધરાતે પિતાજીના ખંડમાં કોઇએ બારી વાટે એ ફેંક્યો હતો.'


'બહાર ચોકી-પહેરો હોવા છતાં આ શી રીતે બન્યું?'

'પહેરો?' જીવનબાબુ હસી પડ્યા, 'એ પહેરો એ તો કેવળ નાટકીય









કસોટી

△ (૧) ઉપર દર્શાવ્યા પ્રમાણે ગંજીફાનાં પાનાંની બે હાર ગોઠવો. તેમાં ઉપરની હારમાં સાત પાનાં ઊંધાં મૂકવાનાં હોઈ ગમે તે ચાલશે. કારણ એ માત્ર નીચેની હારનાં છ પાનાં ખસેડવા માટે કેટલું ખસવું તે સમજવા પૂરતાં જ છે. ખસેડવાનાં પાનાં નીચલી હારમાં છે, જેની વચ્ચે એક પાના જેટલી ખાલી જગ્યા રાખી છે. હવે આ છ પાનાં એવી રીતે ખસેડી આપવાનાં છે કે તેમાં ડાબી તરફનાં ત્રણ પાનાં (૪, ૫ અને ૬) એ જ ક્રમમાં જમણી બાજુ, અને જમણી તરફનાં ત્રણ પાનાં એ જ ક્રમમાં ડાબી બાજુ આવે. શરત એ છે કે ખસેડતી વેળા ડાબી તરફનાં ત્રણે પાનાં માત્ર જમણી બાજુ જ ખસેડવાનાં અને જમણી તરફનાં ત્રણે પાનાં માત્ર ડાબી તરફ જ ખસેડવાનાં. વળી, ખસતું પાનું કાં તો ખાલી પડતી જગ્યામાં સીધું જાય, અથવા માત્ર એક જ પાનું ટપીને ખાલી જગ્યામાં જાય. અલબત્ત, આમ કરતાં દરેક વખતે ખાલી જગ્યાનું સ્થાન બદલાતું રહેશે, ને તેમાં એકએક પાનું આવતું રહેવાથી ખસેલા પાનાને સ્થાને ખાલી જગ્યા પડતી જશે. (૨) ઉપર ડાબી તરફ ગંજીફાનાં પાંચ પાનાં (કાળીની દૂરી અને તીરી, ફુલ્લીની તીરી અને ચોગ્ગો તથા કાળીનો દસ્સો) ને જુદાજુદા આકારે કાપીને ગોઠવ્યાં છે. અલબત્ત, પાંચેય પાનાંના બધા ટુકડા એમાં વાપર્યા નથી. એટલે અહીં જે ટુકડા છે તેને ફરી ગોઠવીએ તો આકૃતિમાં છે તે પ્રમાણે ચારના બદલે માત્ર બે જ આખાં પાનાં બને છે. એ બે પાનાં કયાં તે શોધી કાઢો. (૩) ગંજીફાનાં પાનાંમાંથી ચાર એક્કા, ચાર બાદશાહ, ચાર રાણી અને ચાર ગુલામ – એમ કુલ સોળ પાનાં લો. આ સોળમાંથી ચાર પાનાં ◆ J, ♣ A, ♠ Q, ♥ K આ પ્રમાણે એક હારમાં મૂકો. હવે બાકીનાં બાર પાનાંમાંથી ત્રણત્રણ પાનાં આ ચારેયની નીચે એવી રીતે ગોઠવો કે તેમાં એકેય જાતનું પાનું આડી કે ઊભી હારમાં બેવડાય નહિ, એટલું જ નહિ, એકથી બીજા ખૂણે ત્રાંસી–તીરકસ હારમાં પણ એકેય જાત કે ભાત બેવડાવી ન જોઇએ. જેમ કે ચોકટના ગુલામ નીચે ઊભી કે આડી યા ત્રાંસી હારમાં ન તો બીજું ચોકટનું કોઈ પાનું આવે યા ન તો બીજો ગુલામ. (૪) ડાબી બાજુની બીજી આકૃતિમાં ઈંટોની બે ગોઠવણી આપી છે. માનો કે દીવાલ માટે ઈંટોની ગોઠવણીના આ બે નમૂના છે. અલબત્ત, તેમની વચ્ચે ચૂનાનો કે સિમેન્ટનો થર કરેલો નથી. આ દીવાલ ૮ ઈંચ જાડી છે, અને દરેક ઈંટ ૨ ઈંચ જાડી, ૪ ઈંચ પહોળી અને ૮ ઈંચ લાંબી છે. તમે કહી શકશો કે આ બંને નમૂનામાં કેટલી ઈંટો વપરાઈ હશે? (ઉત્તર જુઓ .પૃ ૧૫૫)

ઠઠારો છે. એ માણસો બધા ગાંમડિયા ભૂત ને આળસુના સરદાર છે. અને તેઓ માને છે કે પિતાજીની હવે 'સાઠે બુદ્ધિ નાઠી' છે; એટલે તેઓ જે કામ કરે છે તેમાં નરી વેઠ જ ઉતારતા હોય છે. સારું છે કે ધાડ પડી નથી, નહિતર ખબર પડી જાત કે આ બધા ચોકિયાતોની કેટલી પહોંચ છે.'

'અહીં બીજું કોણકોણ રહે છે?'

'પિતાજી ઉપરાંત મારાં દાદીમા છે. અસલી જમાનાનાં છે એટલે ખાસ્સાં-મજાનાં છે. આ બે સિવાય એક ભોલાનાથબાબુ છે. તમે એમને બજાર–સરકાર એટલે કે મૅનેજર કહી શકો. પિતાજીની જરૂરિયાત મુજબની ખરીદી, માંદે સાજે એમની સારવારની વ્યવસ્થા, જરૂર પડયે શહેરમાં જવુંઆવવું વગેરે બધું એ સંભાળે છે. રસોઇયો, દરવાનો, પરચૂરણ કામ માટેના નોકર, એ બધા અહીં જ રહે છે. પાલખી ઊંચકનારા ભોઈ અને પંખો ખેંચનાર દાસુ પાસેના ગામમાંથી આવે છે.'

'આ ભોલાનાથબાબુ ક્યાંના છે? અહીં ક્યારથી છે?'

'આ ગામના જ છે—અમારી રૈયત. એમના વડવાઓ અમારી ખેતી કરતા. ભોલાબાબુ ભણેલા છે ને બહુ બુદ્ધિશાળી છે. અત્યારે એમની ઉંમર સાઠની આસપાસ હશે.'

'આ કોણ? તમારા દાદાજી છે?' ફેલુદાએ ભીંત ઉપરનું એક મોટું પેઇન્ટિંગ બતાવી પૂછ્યું. મોટી ભરાવદાર મૂછોવાળા જાગીરદાર જેવી છબીમાંની એ વ્યક્તિનો ડાબો હાથ એક ભારેખમ ટેબલ ઉપર રાખેલા આરસપાણ ઉપર ટકવેલો હતો ને જમણા હાથમાં ચાંદીની મૂઠવાળી લાકડી લઈ ગાદીમઢેલી મોટી ખુરશી ઉપર બેઠેલી આલેખી હતી. જોતાં જ એમનું દુર્દાન્ત પ્રતાપશાળી વ્યક્તિત્વ ધ્યાન ખેંચે.


'હા. એ દાદાજી છે—દુર્લભસિંહ.' જીવનબાબુએ ઓળખ આપી..

'જેના નામે વાઘ-બકરી એક ઘાટે પાણી પીતાં, એ જ ને?'

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૩)

બેડીબંદર

ડૉ. શિવપ્રસાદ રાજગોર



બેડીબંદર અને તેની નજીકનો વિસ્તાર ▷

સૌરાષ્ટ્રની ઉત્તર કંઠારે કચ્છના અખાતમાં બેડીબંદર બસો વર્ષથી જાણીતું બંદર છે. મૂળ એ જામનગર રાજ્યનું બંદર. જામનગર શહેરની વાયવ્યે એ ચારેક કીલોમીટર દૂર છે, પરંતુ શહેર વિસ્તરતું જતું હોઈ હવે એ અંતર ખાસ વરતાતું નથી. અગાઉ અહીં નાગમતી અને રંગમતી નદીની ખાડી ઉપર 'નાગના' કે 'નાગનાથ' નામે ઓળખાતું બંદર હતું. જામનગર રાજ્યે તેને વિકસાવ્યું અને આજે એ ઉત્તર સૌરાષ્ટ્રનાં 'બેડી-ગ્રૂપ'નાં બંદરોનું મુખ્ય વહીવટી મથક બની રહ્યું છે. ગુજરાતનાં મધ્યમ કક્ષાનાં અગિયાર બંદરોમાં બેડીબંદરની પણ ગણના છે, પરંતુ કંડલા મહાબંદરને બાદ કરતાં ગુજરાતનાં બીજાં બંદરો કરતાં બેડીબંદરેથી વધુ આયાત-નિકાસ થતી હોઈ તે સૌથી વધુ હૂંડિયામણ કમાવી આપે છે. કંડલા ઉપરાંત ગુજરાતનાં અન્ય સાત બારમાસી બંદરોમાંનું એક આ બેડીબંદર પણ છે. અલબત્ત, મોટાં જહાજો બંદરની કંઠારથી લગભગ ૧૧·૨૭ કિ.મી. દૂર લાંગરે છે, પણ ત્યાંથી માલ લાવવા – લઈ જવાનું કામ બારે માસ આસાનીથી ચાલી શકે છે. બેડીના ધક્કા સુધીની જે નાળ છે તે લગભગ દસેક કિ.મી. લાંબી છે, પણ ઓટ વખતે તેમાંથી પાણી તદ્દન ઊતરી જતાં મોટાં વહાણો કે નાની સ્ટીમરો છેક ધક્કા સુધી આવી શકતાં નથી. આથી જૂના બંદરે માત્ર ભરતી વખતે પાંચેક કલાક સુધી જ માલ ચડાવી-ઉતારી શકાય છે. આથી હવે શહેરથી બારેક કિ.મી. ઉત્તરે રોઝી બંદર ખાતે માલની ચડ-ઊતરની વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં ભરતી વહેલી અને ઓટ મોડી થતી હોવાથી તે બે વચ્ચેના આઠેક કલાક સુધી માલની હેરફેર કરી શકાય છે. રોઝી પાસે પાણી ઓછું હોય ત્યારે યે ત્રણેક ફૅધમ (૧ફે૦=૬ ફૂટ) જેટલી તેની ઊંડાઈ હોય છે, જ્યારે બેડીમાં મોટી ભરતી વખતે એટલી ઊંડાઈ હોય છે. સામાન્ય ભરતી વખતે ત્રણ ફૅધમ અને સાતમ-આઠમની 'નીપ' ભરતી વખતે દોઢેક ફૅધમ પાણી હોય છે. વળી, ખાડીનું તળિયું કાદવિયું છે. રોઝીની વાયવ્યે અને પીરોટન ટાપુ* ની પૂર્વે આવેલા ખડકો વહાણો અને સ્ટીમરો માટે નડતર રૂપ છે. આ બંદરને જીંદરા, છાડ, કાલવન અને પીરોટન ટાપુઓને કારણે પશ્ચિમના પવનો તથા વાવાઝોડાં ને દરિયાઇ તોફાનોથી રક્ષણ મળે છે.

ભૂતકાળમાં ઓગણીસમી સદીના પ્રથમ ચરણ દરમિયાન, અને તે અગાઉ ઓખામંડળના જગત (દ્વારકા-બેટ)ના વાઘેર કે સંગાનીઅન (સાંગાના પુત્રો) ચાંચિયાઓને કારણે કચ્છના અખાતમાં બંદરોનો વેપાર કોંકણ-મલબાર સુધી જ પહોંચતો હતો. પરંતુ ઇસ્ટ ઇંડિયા કંપનીના કર્નલ ઇસ્ટે વાઘેરોને દબાવી ઓખામંડળ કબજે કરતાં આ ચાંચિયાગીરી ઓસરી ગઈ હતી, અને આ તરફના બંદરોનો વેપાર મુંબઈ-કરાંચીથી આગળ વધી ઈરાની અખાતના દેશો, અરબસ્તાન, અને પૂર્વ આફ્રિકા સુધી વિસ્તર્યો હતો. સન ૧૮૭૯-'૮૦માં બેડી બંદરેથી ૧૩,૫૮,૬૪૦ રૂપિયાના માલની નિકાસ અને ૪,૧૯,૩૯૦ રૂપિયાના માલની આયાત થઈ હતી. ત્યારે ભાવનગર, મહુવા અને વેરાવળ પછી ચોથું સ્થાન બેડીબંદરનું હતું, અને રાજ્યને ૩,૯૦,૮૩૨ રૂપિયા જેટલી જકાત મળી હતી. જે સૌરાષ્ટ્રનાં બંદરોની જકાતની કુલ આવકના ૧૪ ટકા જેટલી થતી હતી. આવકની આ દૃષ્ટિએ ભાવનગર રાજ્યને ૬૨ ટકા, જૂનાગઢ રાજ્યને ૧૪·૩ ટકા જેટલી આવક હતી. આમ, જામનગર રાજ્યનો ક્રમ તેમાં ત્રીજો હતો. સન ૧૮૯૭માં જામનગર-રાજકોટ રેલમાર્ગનું જોડાણ મળતાં બેડીનો વેપાર વધ્યો હતો. ત્યાર બાદ ૧૯૨૨માં જામનગર-ઓખાનું રેલવે-જોડાણ થતાં જામનગર સાથે બેડીના વિકાસમાં પણ વેગ પુરાયો હતો.

ઓગણીસમી સદીમાં અર્લ ડેલહાઉસી (ગવર્નર જનરલ ઈ. ૧૮૪૮થી ૧૮૫૬), લૉર્ડ કૅનિંગ (ગવર્નર જનરલ અને પછી (પહેલા) વાઈસરૉય-૧૮૫૬થી ૧૮૬૨) અને લૉર્ડ કર્ઝન (૧૮૯૯થી ૧૯૦૫)ના સમયમાં સૌરાષ્ટ્રનાં બંદરોને ગૂંગળાવવાના પ્રયત્નો થયા હતા. અર્લ ડેલહાઉસી અને લૉર્ડ કૅનિંગે સમગ્ર દેશનાં બંદરોનો વહીવટ એક મધ્યસ્થ સત્તા તળે રહે, અથવા દેશી રાજ્યોનાં બંદરો સહિત બધાં બંદરોમાં જકાત તથા ખૂંટાના દરો સમાન રહે તેવી દરખાસ્ત રજૂ કરેલી. પણ બંદર ધરાવતાં સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યોએ એ નકારી હતી. લૉર્ડ કર્ઝને બંદરનો વહીવટ બ્રિટિશ સરકાર સંભાળે અને તે અંગેનો વહીવટી ખર્ચ કાપીને બાકીની જકાતની આવક જે તે દેશી રાજ્યને મળે એવી દરખાસ્ત મૂકી હતી. વિકલ્પે વીસ વર્ષ માટે બંદરની આવક વધે કે ઘટે તો પણ તે લક્ષમાં લીધા સિવાય અમુક ચોક્કસ રકમ દર વર્ષે રાજ્યને બંદરની જકાત પેટે આપવાનું સૂચન પણ રજૂ કર્યું હતું. પોતાની સત્તા ઉપર કાપ સમાન ગણી રાજ્યોએ આ દરખાસ્તો પણ સ્વીકારી નહોતી. પરિણામે ઇ. ૧૯૦૫થી વીરમગામ અને ધંધુકામાં લાઈનદોરી (જકાતનાકાં) સ્થાપી સૌરાષ્ટ્રનો બંદરી વેપાર ભેરવી નાખવાનો પ્રયત્ન થયો હતો. બીજી બાજુ આ દરમિયાન સૌરાષ્ટ્રના રાજવીઓએ વઢવાણ-વીરમગામ વચ્ચેની બ્રોડગેજ રેલવેલાઈનને મીટરગેજમાં ફેરવવા દબાણ કરીને રાજસ્થાન, પંજાબ, દિલ્હી વગેરે સાથે સીધો વેપાર વ્યવહાર થઈ શકે તેવી સગવડ મેળવી લીધી હતી. વળી, સૌરાષ્ટ્રના રાજવીઓના ઉગ્ર વિરોધ તથા ગાંધીજીની સક્રિય દરમિયાનગીરીથી ઈ. ૧૯૧૭માં વીરમગામ-ધંધુકાની લાઈનદોરી અંગ્રેજ

* આ પીરોટન ટાપુ તથા તેની આસપાસની દરિયાઈ સૃષ્ટિ વિષે સચિત્ર માહિતીપૂર્ણ લેખ આવતા અંકમાં.

સરકારે હઠાવી લેવી પડી હતી. આમ થતાં ભાવનગર, બેડી વગેરે બંદરોએ વિકાસ સાધ્યો અને કરાચી અને મુંબઇના બંદરી વેપારમાંથી ભાગ પડાવવા માંડયો હતો. આથી હિંદ સરકારે આબુ મુકામે સૌરાષ્ટ્રના રાજવીઓની એક કૉન્ફરન્સ બોલાવી અને બંદરી વેપારને સ્થગિત કરવા દરખાસ્ત કરી. પણ જામનગર વગેરે રાજ્યોએ તેનો સ્વીકાર કર્યો નહિ, પરિણામે ૧૯૨૭માં અંગ્રેજોએ ફરી વીરમગામ-ધંધુકામાં જકાતનાકાં ઠોકી બેસાર્યાં. પ્રવાસીઓને આ બે સ્થળેથી પસાર થતાં જે હાલાકી ભોગવવી પડતી તે હજી યે ઘણાને યાદ હશે.

જામનગર રાજ્યે ખાંડ, કાપડ, લાકડું વગેરે માલ સીધો જ મંગાવવાની નીતિ અપનાવી હતી. આથી વચ્ચેની દલાલી દૂર થતાં આવો માલ સસ્તો થઈ જામનગરનો વેપાર વધ્યો હતો. જામ રણજિતસિંહ પણ મહત્ત્વાકાંક્ષી રાજવી હોઇ એમણે ૧૯૨૪થી બેડીબંદરને સુધારવાનો કાર્યક્રમ હાથ ધર્યો હતો. એમણે ઇંગ્લૅન્ડના નેવલ ઇજનેરને જામનગર રાજ્યના કમિશન ઑાવ પોર્ટ્સ અને કસ્ટમ અધિકારી તરીકે નીમીને બેડીબંદરની સુધારણાનું કામ એમને સોંપ્યું હતું. એના ફળ રૂપે અહીં એક નવો ધક્કો બંધાયો હતો, ખાડીમાંથી કાંપ દૂર કરીને પાણીની ઊંડાઈ વધારી હતી અને તે ઉપરાંત, રેલવે સાઈડિંગ, ગોડાઉન, ટ્રાન્ઝિટ-શેડ, ક્રેઈન, લૉંચ, લાઈટર તથા બજરા વગેરેની સગવડ પણ વધી હતી. આરંભમાં ૭૫ લાખ રૂપિયા ખર્ચ્યા પછી સન ૧૯૨૬-'૨૭ થી '૩૫ સુધીમાં ૧૬૬ લાખ જેટલો ગંજાવર ખર્ચ જામનગર રાજ્યે આ બેડીબંદરને અદ્યતન બનાવવા તથા વાહનવ્યવહારની સગવડ વધારવા માટે કર્યો હતો. ગોડાઉન અને ધક્કા ઉપરથી કારખાનાં કે ટ્રક દ્વારા માલસામાનની સીધી હેરફેર થઈ શકે તેવી સગવડો આ બંદર ઉપર ઊભી કરવામાં આવી હતી.

આ પૂર્વે ૨૮ લાખ રૂપિયાની કિંમતના લગભગ ૯૫૦૦ ટન માલની આયાત-નિકાસ થતી. તે હવે સગવડો વધતાં વધતી થઈ. સન ૧૯૨૫-'૨૬માં ૫૨,૬૫૩ ટન માલની આયાતનિકાસ વધીને ૧૯૨૬-'૨૭માં ૧,૦૯,૬૪૭ ટનની થઈ, જેની કિંમત ૨,૨૪૪ લાખ જેટલી થતી હતી. આમાં મુખ્યત્વે ખાંડ, અનાજ, કાપડ, રૂ, કપાસિયા, ચાંદી અને અન્ય ધાતુઓ, ઇમારતી લાકડું વગેરેની આયાત હતી. સન ૧૯૩૩-'૩૪માં ૫૪,૫૩૮ ટનની આયાત અને ૩૮,૮૫૧ ટનની નિકાસ નોંધાઈ હતી, જેની કુલ કિંમત ૨૧૧ લાખ રૂપિયા જેટલી હતી. સન ૧૯૩૬માં જામનગર રાજ્ય અને હિંદ સરકાર વચ્ચે થએલા એક કરાર મુજબ રાજ્યને પાંચ લાખની આવક થાય ત્યાં સુધી જકાત વિના બ્રિટિશ હદમાં માલ મોકલવાની છૂટ મળી હતી. આ છૂટનો વેપારીઓને વળતર રૂપે લાભ આપીને દુરુપયોગ કરવામાં આવ્યો હતો. બીજા વિશ્વયુદ્ધની શરૂઆતમાં—૧૯૩૯માં ૪૬,૮૧૮ ટનની આયાત સામે ત્રણ ગણી કરતાંય વધુ—૨,૨૩,૬૮૪ ટન માલની નિકાસ નોંધાઈ હતી.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન દેશની મોટા ભાગની સ્ટીમરો સરકારે સૈનિકો અને યુદ્ધસામગ્રીની હેરફેર માટે સ્વહસ્તક કરી હતી તેથી અહીંનો બંદરી વ્યાપાર બહુધા વહાણો દ્વારા ચાલતો હતો. વળી, શત્રુ પક્ષનાં યુદ્ધજહાજો અને સબમરીનના ભયે આયાતી વેપાર પણ ક્રમશઃ ખોરવાઇ ગયો હતો. ૧૯૩૯-'૪૦થી '૪૩-'૪૪ દરમિયાન સરેરાશ ૧૯,૮૫૭ ટનની આયાત અને ૪૮,૩૪૮ ટનની નિકાસ રહી હતી. તે પણ ઘટીને '૪૩ થી '૪૫ દરમિયાન ૨૨૭ ટન આયાત ને માત્ર ૨ ટન નિકાસની સરેરાશ ઊતરી ગઈ હતી. મધ્યપૂર્વના દેશોમાં અનાજ, ખાંડ, કાપડ, સાબુ, દીવાસળી, સિમેન્ટ વગેરે જેવી ચીજો બેડીબંદરેથી વહાણો દ્વારા ચોરીછૂપીથી જ મોટા ભાગે જતી હતી. પણ યુદ્ધ બાદ ફરી બંદરી વેપાર વધ્યો અને ૧૯૪૬-'૪૭માં ૫૪,૪૦૬ ટન આયાત અને ૮૧,૭૮૩ ટન નિકાસ નોંધાઈ.

ઇ. ૧૯૪૭માં દેશ સ્વતંત્ર થયા પછી સૌરાષ્ટ્રના બંદરોના વિકાસમાં બાધક એવી વીરમગામ-ધંધુકાની લાઈનદોરી નીકળી જતાં બેડીબંદરનો વેપાર વધતો ગયો અને આયાતના પ્રમાણમાં નિકાસ વધતી ચાલી, જે '૫૩ થી '૫૮ દરમિયાન બેત્રણ લાખ ટન સુધી પહોંચી હતી. તેમાં વધ-ઘટ થતી રહેવા સાથે ૮૧'-'૮૨ અને ૮૨'-'૮૩ દરમિયાન સાત લાખ ટનથી વધારે નિકાસ નોંધાઈ હતી, જે આયાતના પ્રમાણમાં ઘણી વધારે હતી. ગુજરાતનાં બધાં બંદરોની આયાત-નિકાસમાં ૩૦થી ૩૩ ટકા હિસ્સો એકલા બેડીબંદરનો જ છે. ૧૯૮૧થી '૮૩ દરમિયાન ગુજરાત બહારથી બારોબાર ૫,૭૭,૪૫૪ ટન અને બેડીબંદરથી ૧૩,૧૧,૦૦૦ ટન ઘઉં ભારતના અન્ય પ્રદેશોમાં મોકલાયા હતા. આ ઘઉંની આયાત બંદરની કુલ આયાતનિકાસ ઉપરાંતની હતી.

હાલમાં મુખ્યત્વે ખજૂર, કાથી, ઇમારતી લાકડું, બાંધકામનો સામાન ખનિજ તેલ, નાળિયેર, કપાસિયાં, લોખંડ, ચોખાની કુશકી અને ઘઉં વગેરેની આ બંદરેથી આયાત થાય છે. ખજૂરની આયાત ઈરાકથી થાય છે. આ ખજૂરની સાથેસાથે તેની અંદર છુપાવેલું સોનું પણ આરબ વહાણોમાં આવી જાય છે. ખનિજ તેલ ઈરાન અને ઈરાકથી આવે છે, જ્યારે અનાજની તંગીને કારણે ઑસ્ટ્રેલિયા અને અમેરિકાથી ઘઉંની આયાત થાય છે. બાકીની વસ્તુઓ ભરૂચ, મુંબઈ, મલબારકાંઠાનાં બંદરો તથા કલકત્તા વગેરે બંદરોએથી આવે છે.

નિકાસમાં ખોળ, ચા, શીંગદાણા, મગફળી, તેલ, ઊન, મીઠું, બૉક્સાઈટ, લસણ-ડુંગળી, એરંડા, હાડકાં અને હાડકાંનું ખાતર વગેરે મુખ્ય છે. આમાં ઊન કચ્છ, ઉત્તર ગુજરાત અને રાજસ્થાનથી અહીં નિકાસ માટે આવે છે. અગાઉ તેની નિકાસ જોડિયા બંદરેથી થતી એ પરથી હજી યે પરદેશમાં અહીંનું ઊન 'જોડિયા ઊન' તરીકે જાણીતું છે. મુખ્યત્વે ગાલીચા બનાવવામાં તે વપરાય છે. ચા છેક પંજાબ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરપ્રદેશથી અહીં આવે છે. જામનગર, રાજકોટ ને સુરેન્દ્રનગર જિલ્લાના પશ્ચિમ ભાગમાં થતી મગફળી અને મીઠું પણ અહીંથી નિકાસ પામે છે. મીઠું અગાઉ જાપાન અને કોરિયા જતું, હવે એ મોટા ભાગે પશ્ચિમ બંગાળમાં જાય છે. લસણ-ડુંગળી આરબ દેશોમાં, અને બૉક્સાઈટ કેરાલામાં જાય છે. બાકીની ચીજો યુરોપના દેશો, રશિયા અને યુ. એસ. એ. તથા પૂર્વમાં ફિલિપાઈન્સ, થાઇલૅન્ડ, ઇન્ડોનેશિયા, તાઈવાન, સિંગાપોર વગેરે સ્થળે જાય છે. આમ, બેડી બંદરનો બંદરી વેપાર પૂર્વ-પશ્ચિમ બંને તરફના દૂરદૂરના દેશો સુધી ફેલાએલો છે. આને કારણે મળતું હૂંડિયામણ, જે ૧૯૭૮-'૭૯માં ૫૧૨૯.૫૯ લાખ રૂપિયાનું હતું તે ક્રમશઃ વધતું જઇને ૧૯૮૨-'૮૩માં ૯૭૪૫ લાખ સુધી પહોંચ્યું હતું. બંદરો દ્વારા રાજ્યને '૭૯-'૮૦માં ૧૭૭ લાખ રૂપિયાની કમાણી થએલી તે વધીને '૮૨-'૮૩માં ૪૧૫ લાખે પહોંચી હતી.

બેડીબંદરનું ભૌગોલિક સ્થાન, સાહસિક વેપારીઓ, ઔદ્યોગિક વિકાસ, રાજ્યનું પ્રોત્સાહન ને અનુકૂળ આબોહવા વગેરે તેના વિકાસમાં કારણભૂત છે. નવલખીને બાદ કરતાં ઉ. ગુજરાત, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, દિલ્હી ને પશ્ચિમ ઉત્તરપ્રદેશને નિકાસ માટે બેડીબંદર વધુમાં વધુ અનુકૂળ છે. બ્રોડગેજ અને મીટરગેજ રેલવે, કોસ્ટલ હાઇવે તથા સ્ટેટ હાઇવે દ્વારા તે ગુજરાત અને ગુજરાત બહારનાં અનેક મુખ્ય વેપારી મથકો સાથે જોડાએલું છે. વળી, તાર-ટપાલ ને વાયરલેસની સગવડ તે ધરાવે છે. જામનગરમાં ગરમ અને સુતરાઉ કાપડની મિલો, મીઠાનાં કારખાનાં, રંગનાં કારખાનાં, વીજળી માટેના સ્પેરપાર્ટ્સ બનાવવાનાં કારખાનાં વગેરેનો વધારો થયો છે. મગફળીનું વાવેતર

(અનુસંધાન પૃષ્ઠ ૧૩૯)

ટેસ્ટ ક્રિકેટ-શતાબ્દીની વિશ્વએકાદશ ૫

ડૉનાલ્ડ જ્યૉર્જ બ્રેડમેન

ભરત ના. ભટ્ટ

ઈ. ૧૯૩૪ની ઇંગ્લૅન્ડ-ઑસ્ટ્રેલિયા વચ્ચેની લૉર્ડ્ઝ ખાતેની ત્રીજી ટેસ્ટ. ઇંગ્લૅન્ડે માત્ર ૨૦૦ રન કરી પ્રથમ સાંજે ઓસીની ત્રણ વિકેટો ૩૯ રનમાં ખેડવી. તે સાંજે જાણીતા ક્રિકેટ-સમીક્ષક નેવિલ કાર્ડસને ત્યાં એક ઑસ્ટ્રેલિયન બૅટ્સમૅનનો ફોન આવ્યો : 'આપે મને આપેલું આજ સાંજના ભોજનનું નિમંત્રણ રદ કરવું પડશે; કારણ કે આવતી કાલે મારે ઓછામાં ઓછા ૨૦૦ રન કરવા પડશે ને તે માટે મારે આજે વહેલા સૂઈ જવું જોઇએ.'

'એ જ મેદાન પર ગયે વખતે (૧૯૩૦માં) તમે ૩૩૪ રન કર્યા હતા એટલે 'લૉ ઑવ ઍવરેજીસ' પ્રમાણે તમે ત્યાં આ વખતે મોટો સ્કોર નહિ કરી શકો.' કાર્ડસે તેમને કહ્યું.

'હું લૉ ઑવ ઍવરેજીસમાં માનતો નથી.' ફોનમાં જવાબ આવ્યો અને વાતચીત પૂરી થઈ. માનશો? એ દાવમાં એ બૅટ્સમૅને ૩૦૪ રન કર્યા! એ બૅટ્સમૅન તે બ્રૅડમૅન.



ડૉનાલ્ડ જ્યૉર્જ બ્રૅડમૅનનો જન્મ કુટામૂન્ડ્રા (ન્યૂ સાઉથ વેલ્સ) નામના નાના કસબામાં ૨૭ ઑગસ્ટ, ૧૯૦૮ના રોજ થએલો. એમના જન્મ પછી થોડા વખતમાં તેમનો આખો પરિવાર બાઉરલ નામની પોતાની જાગીરના સ્થળે જઇને વસ્યો. બ્રૅડમૅનની ક્રિકેટ કારકિર્દીનાં બીજ અહીં રોપાયાં હતાં. અહીં, બાગમાં એક પાણીની ટાંકી હતી. તેને ફરતી ઈંટોની એક નાની દીવાલ હતી, કિશોર બ્રૅડમૅન એક ક્રિકેટ-સ્ટમ્પ વડે ગૉલ્ફ બૉલને દીવાલ કે ટાંકી તરફ ફટકારતા. બૉલ અથડાઇને પાછો આવે એટલે ફરી ફટકારવાનો. બ્રૅડમૅન આ રીતે રમતા ત્યારે તેમની કહેવાતી ઑફ સાઈડની દીવાલ નજીક હતી એટલે એ બાજુ બૉલ ફટકારવાનું વધુ બનતું જે થકી તેમની ઑફ સાઈડની રમત અત્યંત સધ્ધર બની. અહીં જ તારના થાંભલાને બૉલથી આંટવાની ને બૉલ જ્યાં જાય ત્યાં દોડીને ફરી આંટવાની રમત પણ તેઓ રમતા. આ બંને રમતોએ જ બ્રૅડમૅનને સર્વ(બોલર)દમન બૅટિંગ અને અદ્‌ભુત આઉટ-ફીલ્ડની ભેટ આપી. આમ અનેક પ્રસિદ્ધ ક્રિકેટરોની માફક બ્રૅડમૅનનો વિકાસ કોચિંગ વગર જ થયો છે.

બાઉરલની શાળામાં બ્રૅડમૅન દોડવાની હરીફાઈમાં પ્રથમ આવતા. આ શાળાની ક્રિકેટ ટીમમાં તેઓ ૧૧ વર્ષની વયે પસંદગી પામ્યા ને પહેલી જ મૅચમાં સદી કરી. આ મૅચના બીજા દિવસે શાળાના પ્રિન્સિપાલે ટીમના અગિયારે જણને બોલાવીને કહ્યું. 'મને ખબર છે કે તમારામાંથી એક જણે ગઈ કાલે સદી કરી છે, પણ તેનો અર્થ એવો નથી કે બૅટ મેદાન પર મૂકીને જ આવવું.'

પરંતુ તે ગાળામાં બ્રૅડમૅન માટે કૌશલ અને રસની દૃષ્ટિએ ક્રિકેટ અને ટેનિસ બંને રમતો સરખી જ હતી. શાળા છોડયા પછી તેઓ એક એસ્ટેટના ઍજન્ટ બન્યા. અહીં તેમને ઘણાએ ક્રિકેટ અને ટેનિસ બંને રમવા આગ્રહ કર્યો, પણ આ જ ગાળામાં તેમના 'બૉસે' અમૂલ્ય સલાહ આપી: 'રમવાનું બરાબર ચાલુ રાખ, પણ ક્રિકેટ અથવા ટેનિસ, બંને નહિ.' બ્રૅડમૅન સામે પસંદગીનો પ્રશ્ન આવ્યો ને જાણે વિધિએ જ તેનો ઉકેલ આપ્યો. આ દ્વિધાના ગાળામાં જ તેઓ સીડનીમાં શરૂ થનાર 'ક્રિકેટ સપ્તાહ'માં રમવા માટે પસંદ થયા. આ પ્રસંગે જિલ્લાની કલબોના અનેક ખેલાડીઓ પોતાની શક્તિ બતાવવા અહીં ભેગા થતા. સારા ખેલાડીને રાજ્ય કક્ષાએ પસંદ થવાનો અવકાશ મળતો. બ્રૅડમૅન અહીં રમ્યા, રાજ્ય ટીમમાં પસંદ થયા અને ૧૯૨૭માં, ૧૯ વર્ષની વયે, ન્યૂ સાઉથ વેલ્સ વતી દક્ષિણ ઑસ્ટ્રેલિયા સામે પોતાની પ્રથમ 'ફર્સ્ટ'-કલાસ' મૅચ રમ્યા. પેલી દ્વિધાને વરાળ કરી નાખતો ૧૧૮ અને ૩૩ રનનો મંગળ પ્રારંભ તેમણે આ મૅચમાં કર્યો.

ઈ. ૧૯૨૮માં જ્યારે પર્સી ચૅપમૅનની ઇંગ્લિશ ટીમ પર્થ, એડીલેઈડ, મેલબૉર્ન વગેરે સ્થળે રમીને સીડની આવી ત્યારે ત્યાં બ્રૅડમૅન તેમનું સ્વાગત કરવા તૈયાર હતા. એ ટીમના ટેસ્ટ બોલરો સામે ન્યૂ સાઉથ વેલ્સ તરફથી રમીને બ્રૅડમૅને ૮૭ અને ૧૩૨ રન ફટકારીને અણનમ રહી બતાવી આપ્યું કે હવે ઇંગ્લૅન્ડે કોની સામે રમવાનું છે. આ જ મૅચમાં તેમણે કવર ઉપરથી ઝડપી અને ધાર્યો થ્રો કરી હૅમન્ડને રનઆઉટ કરી સ્તબ્ધ કરી દીધેલા. બ્રૅડમૅનની ફીલ્ડિંગ વિષે બાઉસે સાચું લખ્યું છે: 'He was an excellent fielder, Hobbs and Sutcliffe, the master of short runs, were satisfied with one when ball was anywhere near Bradman !'

આવું સાતત્ય છતાં બ્રૅડમૅનનો ટેસ્ટ-પ્રવેશ નાનો અવરોધ ધરાવે છે. ચૅપમૅનની ટીમ સામે પ્રથમ ટેસ્ટમાં પસંદ થઈ રમ્યા, પણ નિષ્ફળ ગયા! બીજીમાં પડતા મુકાયા! ત્રીજીમાં ફરી આવ્યા અને ૭૯ અને ૧૧૨ રન કરી એક એવી બૅટ્સમૅનશિપનો આરંભ કર્યો જે ૨૦ વર્ષ પછી અટકી ત્યારે બધા જ ભૂતકાલીનોને વામણા બનાવી ચૂકી હતી. આ પ્રથમ સીરીઝમાં તેમણે ચાર ટેસ્ટમાં બે સદીઓ સાથે ૪૬૮ રન કરીને ભાવિનાં એંધાણ આપી દીધાં. આ ગાળામાં તેમણે વિક્ટોરિયા સામે ૩૪૦ રન કરી પોતાની એકાગ્રતા, તાકાત અને ગતિનો પરિચય આપ્યો, પરંતુ આ ઓછું હોય તેમ ૧૯૨૯-'૩૦ની ઓસી સીઝનમાં ક્વીન્સલૅન્ડ સામે તેમણે ૪૫૨ રન ફટકાર્યા જે લગભગ ૩૦ વર્ષ સુધી વિશ્વવિક્રમ હતો. આ દાવ પછી રસિક બનાવ તો એ બન્યો કે ઑસ્ટ્રેલિયામાં ઓછામાં ઓછાં સો બૅટ તો એ રીતે વેચાયાં કે, 'આ બૅટ વડે બ્રૅડમૅને ૪૫૨ રન કરેલા છે.'

ઈ. ૧૯૩૦માં વૂડફુલની ઑસ્ટ્રેલિયન ટીમ ઇંગ્લૅન્ડને કિનારે ઊતરી

ત્યારે સૌની નજર બે યુવાનો પર હતી: આર્ચી જૅક્સન અને ડૉનાલ્ડ બ્રૅડમૅન. ચૅપમૅનની ટીમ સામે પોતાની પ્રથમ ટેસ્ટમાં સદી ફટકારનાર જૅક્સન પર વધુ આશા હતી, પણ તેમને ઇંગ્લૅન્ડની ધીમી પીચો ન ફાવી તેથી નિષ્ફળ ગયા. (ને કમનસીબે ૧૯૩૩માં ૨૪ વર્ષની વયે ટી.બી.ના રોગમાં અવસાન પામ્યા.) જ્યારે બ્રૅડમૅનને આ ધીમી પીચો પોતાના ફટકાઓ બદલવા માટે અનુકૂળ લાગી ને તેમની કલા નિખરી ઊઠી. રનનો 'ઍમેઝોન પ્રવાહ' શરૂ થયો. પહેલી મૅચમાં ૨૩૬, બીજીમાં ૧૮૫ (નૉટઆઉટ), ત્રીજી મૅચમાં આરામ કરી યૉર્કશાયર સામેની ચોથીમાં બ્રૅડમૅન પાછા આવ્યા. કુશળ ઑફસ્પિનર જ્યૉર્જ મૅકોલેની બોલિંગ શરૂ થઈ અને તેમના પહેલા જ બૉલમાં બ્રૅડમૅન પાવરફૂલ ડીફેન્સિવ સ્ટ્રોક મારવા સજ્જ થયા, પણ બૉલને લેગ તરફ ટર્ન થતો જોઈ ઝડપથી પોતાનો સ્ટ્રોક બદલ્યો. બૉલ એક પીચ ખાઇને બોલર પાસે પહોંચ્યો. મૅકોલેએ પોતાના સાથીદાર બિલ બાઉસને કહ્યું, 'તો આ જ એ મહેરબાન છે કે જેના વિશે આપણે આટલું બધું સાંભળ્યું છે. હું તેને 'કોટ ઍન્ડ બૉલ્ડ આઉટ કરીશ.' મૅકોલેએ જો કે પોતાની મુરાદ પૂરી કરી પણ તે, બ્રૅડમૅને આ સોફ્ટ વિકેટ ઉપર ૧૦૦ મિનિટમાં ૭૮ રન કર્યા પછી! મૅકોલેએ ફરી બાઉસને કહ્યું, 'આખરે મેં તેને આઉટ કર્યો!' અને પછી ઉમેર્યું, 'પણ તેના વિશે અત્યુક્તિ નથી થઈ. જ્યારે તે સારી પીચ પર રમશે ત્યારે સેંકડો રન કરશે.' મૅકોલેની આ આગાહી અક્ષરશ: સાચી પડી!

કાઉન્ટી મૅચોની જેમ ટેસ્ટમાં પણ બ્રૅડમૅનનો રન-પ્રવાહ અવિરત ચાલ્યો. સ્થળ-કાળને આવરી લેતા એ સર્વોત્તમ બૅટ્સમૅનની સર્વોત્તમ સીરીઝના આંકડાઓ આ પ્રમાણે હતા: ૮ અને ૧૩૧; ૨૫૪ અને ૧; ૩૩૪; ૧૪; ૨૩૨—કુલ પાંચ ટેસ્ટના ૭ દાવમાં ૯૭૪ રન! આજે પણ આ આંકડો શ્રેણીનો વિશ્વવિક્રમ છે.

લૉર્ડ્ઝ ખાતે બ્રૅડમૅને ૨૫૪ રન કર્યા ત્યારે એવી ગતિ હતી કે પ્રથમ ૧૫૫ રન ૧૬૦ મિનિટમાં થયેલા. આ ગતિ ધીમી પાડવા ઇંગ્લિશ સુકાની ચૅપમૅને જેની સામે ભાગ્યે જ છૂટ લઈ શકાય તેવા સ્પિનર જે. સી. વ્હાઈટને બોલિંગ આપી. તેમના પહેલા બૉલનું શું થયું તે કાર્ડસના શબ્દોમાં જોઇએ: 'White's first ball, a good length was slapped to the on boundry... Bradman leaped yards out of his crease; and the crack of his bat send the Lord's pigeons flying in affrighted circles.' હકીકતમાં બ્રૅડમૅનમાં આત્મવિશ્વાસ અને નિર્ભયતા એટલાં વિપુલ હતાં કે બૉલ માટે તેણે નિર્દયતાનું રૂપ લીધેલું.

આ સીરીઝની હેડિંગ્લે ખાતેની ત્રીજી ટેસ્ટમાં તેમણે ૩૩૪ રન કર્યા તે ટેસ્ટ ઇતિહાસનું એક સુવર્ણપાનું છે. મૅચની બીજી જ ઓવરમાં ઓપનર આઉટ થતાં બ્રૅડમૅને લારવૂડ અને ટેઈટની તાજગી ભરી બોલિંગ સામે જ ક્રીઝ લીધી. 'હવે આ મહેરબાન કાંઈ ઉકાળે તો સાચા' એવા મનોભાવ અનેક પ્રેક્ષકોના મનમાં રમતા હશે તેનો જવાબ બ્રૅડમૅને આપવાનો હતો, ને આપ્યો—૪૯ મિનિટમાં ૫૦ રન; ૯૯ મિનિટમાં ૧૦૦. લંચ સમયે ૧૦૫ રને નૉટ આઉટ! લંચ પછી ૨૧૪ મિનિટમાં ૨૦૦ રન (આજ સુધી સૌથી ઝડપી બેવડી સદી). ચાના સમયે ૨૨૦ રને અણનમ! દિવસને અંતે આશરે ૩૫૦ રને અણનમ. ટેસ્ટમાં એક દિવસમાં એક બૅટ્સમૅને ૩૦૦ રન કર્યાનો બીજો બનાવ ભગવાને હજી આયોજવાનો છે.

આ દાવમાં અણનમ રહીને આવ્યા ત્યારે આખા દિવસના બૅટિંગ પછી પણ તેઓ કાર્ડસના શબ્દોમાં કહીએ તો 'જાણે તાજા જ નાહીને આવ્યા હોય તેવા સ્ફૂર્તિલા' લાગતા હતા. બ્રૅડમૅને સુકાની વૂડફૂલને હળવાશમાં કહ્યું, 'આજે સારી નેટ પ્રેક્ટિસ થઈ. કાલે પણ હું એ ચાલુ રાખીશ.' બ્રૅડમૅનના આ અલૌકિક બૅટિંગને ખરી અંજલિ તો ત્યારના ઇંગ્લિશ વિકેટકીપર ડકવર્થે આપી છે. તેમણે લખ્યું છે, 'પહેલા બૉલે જ બ્રૅડમૅન આઉટ થઈ જાત, દડો સ્ટમ્પની એટલી નજીકથી ગયો કે પકડવા માટે પણ મેં પ્રયત્ન ન કર્યો અને બાયના ૪ રન ગયા! બસ પછી એ આખા દાવમાં મેં આરામખુરશીમાં બેસીને વિકેટકીપિંગ કર્યું હોત તો પણ ચાલત!'

ઈ. ૧૯૩૦-'૩૧ની વિન્ડીઝ સામેની અને ૧૯૩૧-'૩૨ની દક્ષિણ આફ્રિકા સામેની, એમ બે ગૃહશ્રેણી પણ બ્રૅડમૅન માટે આવી જ યશસ્વી રહી. ચાર શ્રેણીને અંતે બ્રૅડમૅનના ટેસ્ટ આંકડાઓ હતા: ૧૯ ટેસ્ટ, ૨૬ દાવ, બે વખત નૉટઆઉટ, કુલ ૨૬૯૫ રન, એક ત્રેવડી અને પાંચ બેવડી સદીઓ સાથે ૧૨ સદીઓ, સરાસરી ૧૧૨.૪૫ રન!

ઈ. ૧૯૩૨માં ડૉનાલ્ડ જ્યૉર્જ બ્રૅડમૅને પોતાના વતન બાઉરલમાં જ રહેતી પોતાની નાનપણની મિત્ર જેસી મેન્ઝિઝ સાથે લગ્ન કર્યાં, અને ત્યારથી તેમના વણથંભ્યા રન-પ્રવાહની માફક તેમનો મધુર દાંપત્યપ્રવાહ પણ અવિરત વહેવા લાગ્યો. ૧૯૩૪માં તેઓ એડીલેઇડ ખાતેની એક શેરદલાલ પેઢીમાં ભાગીદાર બન્યા અને તે જ શહેરની બાજુમાં 'માઉન્ટી લોફ્ટી'ની નીલ ટેકરીઓમાં પોતાના પરિવાર સાથે સ્વનિવાસસ્થાને આનંદથી રહે છે.

ઈ. ૧૯૩૨-'૩૩માં જાર્ડિનની ઇંગ્લિશ ટીમ ઑસ્ટ્રેલિયાના પ્રવાસે આવી તે ગાળો બ્રૅડમૅનની કસોટીનો ગણી શકાય. એમ પણ કહેવાય કે આ કસોટી ખાસ બ્રૅડમૅન માટે જ હતી અને તેમાંથી બ્રૅડમૅન જ પાર ઊતરી શકે. જાર્ડિન 'લેગ-થીઅરી' નામની એક નવી યુક્તિ લઇને આવેલા. બૅટ્સમૅનના શરીરને ઈજા કરવાના હેતુવાળી આ યુક્તિનું લક્ષ બ્રૅડમૅનનો રન-પ્રવાહ હતો. જાર્ડિનના મુખ્ય શસ્ત્ર સમા ઝડપી બોલર લારવૂડ જ લખે છે, 'લેગ-થીઅરી અમારી સમક્ષ વર્ણવવામાં આવી. સુકાની જાર્ડિનના મનમાં શું હતું એ હું સમજી ગયો. બ્રૅડમૅન મોટા કોયડારૂપ હતા ને જાર્ડિન તેમના રન-પ્રવાહને કાબૂમાં લેવા ઇચ્છતા હતા.'

આ યુક્તિની બ્રૅડમૅન ઉપર એટલી અસર થઈ કે તેમનો રન-પ્રવાહ બીજા બૅટ્સમૅનોની સમકક્ષ આવીને ઊભો રહ્યો. ૧૦૦ રનની સરાસરીમાંથી તેઓ આ સીરીઝ પૂરતા ૫૬-૫૭ રનની સરાસરીએ ઊતરી ગયા, જે બંને ટીમોના ખેલાડીઓમાં બીજે નંબરે હતી! કાર્ડસે બરાબર લખ્યું છે કે 'જો કે બ્રૅડમૅનની સરાસરી આ સીરીઝ પૂરતી ઘટી, છતાં તેઓ લારવૂડની બોલિંગને જે રીતે રમ્યા તે રીતે ધરતી પરનો તો કોઈ ખેલાડી ન રમી શકે.'

એમ કહેવાનું મન થાય છે કે જાર્ડિન બ્રૅડમૅનની પ્રતિભાને ભૂંસવા ગયા પણ તેથી સાબિત તો એ જ થયું કે બ્રૅડમૅનને હૉબ્સ-હૅમંડની સરાસરીએ ઉતારવા હોય તો પ્રતિસ્પર્ધી સુકાનીએ મગજનું દહીં કરી ક્રિકેટ બહારની કોઈક યુક્તિ જ અજમાવવી પડે. બ્રૅડમૅન જાર્ડિન માટે કેવો ચિંતાનો વિષય હશે એ જ શું બ્રૅડમૅન પક્ષે ગૌરવની બાબત નથી!

ઈ. ૧૯૩૩ થી ૧૯૩૮નો ગાળો બ્રૅડમૅન માટે એકચક્રી સામ્રાજ્ય જેવો જ રહ્યો, પરંતુ આ દરમિયાન તેઓ માત્ર ઈંગ્લૅન્ડ સામે જ રમ્યા. ૧૯૩૫નો દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ તેમણે જતો કર્યો. ૧૯૩૬થી ઑસ્ટ્રેલિયાના સફળ સુકાની પણ તેઓ બન્યા. ૧૯૩૮ થી ૧૯૪૬નો આઠ વર્ષનો ગાળો દ્વિતીય વિશ્વયુદ્ધમાં ગયો. પછી ૩૮ વર્ષના બ્રૅડમૅન ત્રણ શ્રેણી રમે છે. (તેમાંની એક ભારત સામે એ ભારતનાં સદ્‌નસીબ!) ૧૯૪૮માં ઇંગ્લૅન્ડનો છેલ્લો પ્રવાસ કરી એક સામાન્ય બૅટ્સમૅને, અસામાન્ય ટીમના અસામાન્ય સુકાની તરીકે જગતમાં ડંકો વગાડી ઓવલ ખાતેની પાંચમી ટેસ્ટમાં પોતાનો છેલ્લો દાવ લેવા મેદાને પડે છે. ટ્રમ્પરની સ્પર્ધા કરે એવી લોકપ્રિયતા ધરાવતા બ્રૅડમૅન મેદનીના ભાવભર્યા અભિવાદન પછી ક્રીઝ લે છે ને અલ્પખ્યાત સ્પિનર હોલીઝના

બીજા જ બૉલે ૦ રનમાં ક્લીન-બોલ્ડ થાય છે. આ સાથે તેઓ નિવૃત્ત થયા. તેઓ નિવૃત્ત થયા ત્યારે એક ઇંગ્લિશ લેખકે લખ્યું: 'ઇંગ્લૅન્ડના ખેલાડીઓને બ્રૅડમૅનની નિવૃત્તિથી એટલો આનંદ થયો હશે, જેટલો આનંદ રોમનોને હૅનિબાલના મૃત્યુથી થએલો.'

બ્રૅડમૅનની બાવન ટેસ્ટમાં ૨૯ સદીઓ અને ૧૩ અર્ધી સદીઓ. મેં જ હેડલી વિશેના લેખમાં નોંધ્યું છે તેમ સદી-અર્ધી સદીના પ્રમાણનું આ વૈચિત્ર્ય બ્રૅડમૅન પછી હેડલીમાં જ કંઈક નોંધપાત્ર લાગે છે. આંખ ઉઘાડે તેવી હકીકત એ છે કે બ્રૅડમૅન કદી 'નર્વસ નાઈન્ટી'માં નથી આઉટ થયા, કે નથી સાથીદારોના અભાવે નૉટઆઉટ રહી બે-પાંચ રન માટે સદી ચૂકયા! કેવો ટૅમ્પરામૅન્ટ! વાસ્તવમાં ૫૦ રન પછી સદી કરવી એ જાણે તેમને માટે અનિવાર્ય હતી. કાર્ડ્સ લખે છે: 'His century, after passing a fifty, is as certain as sunset after sunrise.'

એક વાર મેલબૉર્ન ખાતે કાર્ડ્સે બ્રૅડમૅનને પૂછ્યું, 'તમે આટલા બધા રન કઈ રીતે કરી શકો છો તેનો કંઈક ખયાલ આપોને!'

'દરેક બૉલ મારે મન પ્રથમ બૉલ જ છે.' બ્રૅડમૅને જવાબ આપ્યો ને પછી ઉમેર્યું, 'કોઈ મને આઉટ કરી શકે તેમ હું કદી માનતો જ નથી.' તેમની રનક્ષુધા અદ્ભુત હતી, ને તેના પાયામાં હતો આત્મવિશ્વાસનો અખૂટ રાશિ. એક વખતે તેઓ એક સ્લૉ બોલરને આગળ વધીને ફટકારવા જતાં પગ લપસવાથી પડી ગયા, પરંતુ પડતાંપડતાં તેમણે પાસેથી પસાર થતા બૉલને લેઈટ કટ મારી અને પડ્યા ભેગા જ ઊભા થઈ બે રન દોડી ગયા! ઈંગ્લૅન્ડના જાણીતા બૅટ્સમૅન મ્યુરિસે આ જોઈ કહેલું, 'જો મારો પગ આમ લપસે તો મારો પ્રથમ પ્રયત્ન મારી જાતને પડતી બચાવવાનો હોય.' અને પછી બ્રૅડમૅનની અદ્વિતીયતા વ્યંજિત કરતાં તેમણે એક લાક્ષણિક કૉમેન્ટ કરી. કહે, 'That little fellow's got something else besides every shot in the book.'

આવી બીજી બાબતો પણ છે જે તેમની બૅટિંગકળાના પાયામાં પડી છે. ક્રિકેટના શાસ્ત્રીય પંડિતો જેમ ટ્રમ્પર, રણજી, હેડલી વગેરેને હોંશથી ઉચ્ચ સ્થાને ન આવકારે તેવું જ બ્રૅડમૅન સંદર્ભે. તેઓ પણ કોઈ 'ક્લાસિક સ્ટ્રોક પ્લેઅર' ન ગણાય. તેમની કોઈ આગવી શૈલી હતી તેમ પણ ન કહેવાય. તેઓએ પોતે જ કહ્યું છે કે 'સ્ટાઈલ તરીકે સ્ટાઈલનો મેં કદી મહાવરો કર્યો નથી. મારું બૅટિંગ જે તે સમયની માંગને અનુસર્યું છે.' આપણે આ લેખના આરંભે જ નોંધેલો પ્રસંગ યાદ કરશો તો ખયાલ આવશે કે બ્રૅડમૅન પોતાને કેટલા બધા ઓળખે છે!

ઑસ્ટ્રેલિયન ક્રિકેટ વિવેચક સ્વ. જૅક ફિંગલ્ટન નોંધે છે કે બ્રૅડમૅન બૅટિંગ કરવા ઊભા રહેતા ત્યારે તેમના બે પગ વચ્ચે જગ્યા રહેતી અને તેઓ બૅટ બે પગ વચ્ચે રાખતા. ઉપરાંત, બેટનો હાથો પકડતી વખતે ડાબો હાથ તેઓ જમણા હાથની નજીક રાખતા. આમ તો આ બંને બાબતો અશાસ્ત્રીય ગણાય છતાં (ફિંગલ્ટનના કહેવા પ્રમાણે) આ પદ્ધતિ તેમને તેમના 'પૂલશૉટ' મારવા માટે કે બૅટને બૉલની નજીક લઈ જવા માટે વધુ ત્વરા આપતી હતી. તેમને કોચિંગ ન મળ્યું તેથી જ કદાચ તેઓ બે બાબતો બરાબર સમજતા હતા: એક તો કોઈ બોલરને એ પસંદ નથી કે તેનો એક-એક બૉલ બૅટથી રમાય જ. અને બીજી, કોઈ પણ બોલરને એ નથી ગમતું કે તેનો ગૂડલૅંગ્થ બૉલ ફટકારાય. આ બે બાબતોને ધ્યાનમાં રાખી તેમણે કાયમ બોલરને હતાશ કરવાનું જ રાખ્યું છે.

'પુલશૉટ' પર બ્રૅડમૅનની મૉનોપોલી. તેમને એ શૉટ મારતા અટકાવવા અશક્ય. તે શૉટ અટકાવવા ફીલ્ડર મૂકવો નકામો. કારણ ક્યારેક બૉલ સીધો ફીલ્ડર સામે આવી ચડે તો પણ તેમાં રહેલા કૌવત થકી ફીલ્ડર માટે ઈજાનું જોખમ અનિવાર્ય બની જાય. બ્રૅડમૅન માટે



બ્રૅડમૅન – બૅટિંગની પોતાની લાક્ષણિક મુદ્રામાં

ફીલ્ડ પ્લેસિંગમાં ફેરફાર મૂર્ખતા સાબિત કરતો. ફટકાઓની દિશા પર તેમનો એટલો કાબૂ હતો કે આવી ફેરબદલી પછીનો પ્રથમ ફટકો જ કાં તો નવા ફીલ્ડરની પાસેથી તીરવેગે પસાર થાય કાં જે જગ્યા ખાલી પડી ત્યાંથી ચોગ્ગો જાય.

એમ કહેવાય છે કે, બીજા કોઈ પણ બૅટ્સમૅન કરતાં બ્રૅડમૅન વધુ ઝડપથી બૉલને જોઈ-પારખી શકતા. એવું જ ત્વરિત તેમનું ફૂટવર્ક હતું. તેઓ બૉલને પારખીને ૦.૩૦ સેકંડમાં અપેક્ષિત સ્થિતિમાં આવી જતા. જ્યારે તે સમયના સૌથી ઝડપી બોલર લારવૂડનો બૉલ હાથમાંથી છૂટી ૦.૪૫ સેકન્ડે બૅટ્સમૅન પાસે પહોંચતો. તેમનું ફૂટવર્ક એટલું ત્વરિત હતું કે બીજા બૅટસમૅનો માટે લેગ બાજુનો 'હાફવૉલી' બૉલ મિડઑન-મિડવિકેટ પર મોકલવો જેટલો સહેલો તેટલો બ્રૅડમૅન માટે ઑફ બાજુનો 'હાફવૉલી' બૉલ! બ્રૅડમૅન સામે ટેસ્ટ રમેલા જાણીતા ઇંગ્લિશ ફાસ્ટ બોલર અને ક્રિકેટ સમીક્ષક 'બિલ' બાઉસે નિસંકોચ લખ્યું છે: 'Bradman...... was still a great player – in all conditions, greatest in the world.' ફૂટવર્કની આવી ત્વરા બીજા કોઈ બૅટ્સમૅન પાસે નહોતી. આ ત્વરા થકી તેમનું ટાઇમિંગ પણ વધુ સધ્ધર બનતું. બૅટ બૉલને કયા સ્થળે અને કેવા ખૂણે અથડાવું જોઇએ જેથી ઓછામાં ઓછી મહેનતે તાકાતવાન અને પરફેક્ટ શૉટ મારી શકાય તેની અસાધારણ સૂઝ એમની પાસે હતી.

દસેક વર્ષ પહેલાં કોઇકે બ્રૅડમૅનને બૅટ્સમૅન માટે પાયાનો ગુણ પૂછતાં તેમણે 'એકાગ્રતા'ને ગણાવેલો. પોતાના સમયમાં બ્રૅડમૅનની એકાગ્રતા અદ્ભુત ગણાતી. એવી જ એમની તાકાત ને એવો જ આત્મ-વિશ્વાસ! કયો ગુણ મોખરે મૂકવો તે જ સવાલ. કહેવાય છે કે તેઓ પૉઇન્ટથી માંડીને સ્કવેરલૅગ સુધીના કોઈ પણ ભાગમાં ડ્રાઇવ મારી શકતા. તેઓ પોતાની સર્વ આવડતો વડે બૉલ પ્રત્યે એવા નિર્દય

બનતા કે બોલરનું સત્ત્વ હણાઇ જતું. કહેવાયું છે કે તેમને માટે કોઇ બૉલ ગૂડલૅંગ્થ બૉલ જ નહોતો. ગૂડલૅંગ્થ બૉલને ઓવર પીચમાં ફેરવવા તેઓ નિર્ભીક રીતે ક્રીઝ છોડતા. તેઓ ગાર્ડ લઇને નિશાની પોપિંગ ક્રીઝ પર જ કરતા ને વિકેટકીપરની ઉપેક્ષા કરીને જ ક્રીઝ બહાર નીકળતા.

રન માટેની તેમની આતુરતા પણ ગજબ હતી. જેની બોલિંગમાં કોઇ ક્રીઝ છોડે તો તે મૂર્ખાઇ કહેવાય તેવા વ્હાઇટની બોલિંગમાં એક વાર તેમણે એવી રીતે ક્રીઝ છોડી કે બૅટ પોતાની ગતિની ઉત્તરાર્ધ યાત્રા પૂરી કરે તે પહેલાં બ્રૅડમૅન સામે છેડે હતા!

લોકપ્રિયતામાં ટ્રમ્પરની હરીફાઇમાં માત્ર બ્રૅડમૅન આવી શકે. બ્રૅડમનને તો 'ક્રાઉડ પુલર'નું વિશેષણ મળેલું છે. ૧૯૩૦માં તેમણે હેડિંગ્લે ખાતે ૩૩૪ રન કર્યા ત્યારે વૉર્નરે લખ્યું કે, 'આ દાવ બાદ લોકોએ તાળીઓ પાડીને બ્રૅડમૅનને જે માન આપ્યું તે છેક ઑસ્ટ્રેલિયા સુધી સંભળાયું હશે!' પછી ઇંગ્લિશ બોલરોની દયા ખાતાં લખ્યું, 'He is the best batsman the world has known and I pity the bowlers–who destined to get hammering from his bat.'

તેઓ રમતા ત્યારે બધા દર્શકોનું કેન્દ્ર બની રહેતા. તેમના દાવ વખતે સ્ટૅડિયમ ચિક્કાર ભરાઇ જતું ને તેમના આઉટ થવાની સાથે હજારો દર્શકો ચાલ્યા જતા. બ્રૅડમૅનના બૅટિંગનું પ્રધાન લક્ષણ વૈપુલ્ય હતું ને છતાં એ વૈપુલ્યથી પર તેવું તેમનું બૅટિંગ પણ પોતાપણું ધરાવતું હતું. તેમના રન-વૈપુલ્યને ને તેમની બોલર માટેની નિર્દયતાને ગમ્મતભરી રીતે નોવેલ કાર્ડસે આ રીતે વ્યક્ત કરેલી: 'જો ઇંગ્લૅન્ડના બોલરો પાસે એવી શરત મૂકવામાં આવી હોત કે તેઓ બ્રૅડમૅનને ૧૦૦ રન આપે ને બ્રૅડમૅન બૅટિંગ ન કરે તો બોલરોએ તે શરત તરત જ સ્વીકારી લીધી હોત!' રન કરતાં પણ તેમની રમત મહત્ત્વની છે તે મુખર કરવા પછી ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયન સુકાની વિક્ટર રિચાર્ડસને (ગ્રેગ ચૅપલના દાદાએ) કાર્ડસને જવાબ આપતાં કહેલું, 'I would give him hundred runs for nothing! Not to let him bat would be an injustice to both the players and spectators!'

જેમને રાલ્ફ બાર્કરે 'બ્રૅડમૅન ઑવ બોલર્સ' કહ્યા છે તે સ્વ. સીડની બાર્નેસને થોડાં વર્ષો પહેલાં બ્રૅડમૅનના બૅટિંગ વિશે પૂછ્યું ત્યારે એ અઠંગ બોલરે થોડી વાર થોભીને કહ્યું: 'I would have to bowl at my very best to get him out.'

ખરાબ વિકેટ પર બ્રૅડમૅન કદાચ હેડલી જેટલા સફળ નહિ હોય, પરંતુ રુસી મોદી નોંધે છે તેમ 'બેડ', 'ડસ્ટી', 'ટર્નિંગ' અને 'વેટ' વિકેટ પર પણ તેઓ સફળતા-સહજતાથી રમ્યાના અનેક દાખલા છે. ૧૯૩૦માં ઓવલ ખાતે તેમણે જે ૨૩૨ રન કર્યા તેમાં ૧૦૨ રન વરસાદ પછીની ફાસ્ટ પીચ પર કરેલા ને તે પણ લારવૂડ સામે! આ યાદ કરું છું ત્યારે કાર્ડસનું વાક્ય સાચું લાગે છે કે, 'બ્રૅડમૅનની લૌચિક શૈલી (ફ્લેક્સિબલ સ્ટાઈલ)ને પગની ત્વરા ટર્નિંગ વિકેટ માટે જ જાણે સર્જાયાં હતાં.'

બ્રૅડમૅનનું રન-વૈપુલ્ય એ સૌથી વધુ ઊપસી આવતી બાબત. મહાસાગરોમાં પૅસિફિકનું, પર્વતોમાં હિમાલયનું અને ગ્રહોમાં ગુરુનું જે સ્થાન તે મહાન બૅટ્સમૅનોમાં બ્રૅડમૅનનું–નિર્વિવાદપણે મૂઠી ઊંચેરું.

રમવાની નિવૃત્તિ પછી બ્રૅડમૅન ઑસ્ટ્રેલિયાને ક્રિકેટની સેવા આપવામાં સક્રિય રહ્યા અને વર્ષો સુધી પસંદગી-સમિતિના સભ્ય રહ્યા. જેવું અજેય તેમનું બૅટિંગ તેવો જ નક્કર તેમનો વહીવટ. હજી આજે પણ વિશ્વક્રિકેટ તેમના પ્રભાવથી ગૌરવ અનુભવે છે. ક્રિકેટ માટેની તેમની સેવાઓ બદલ ઈ. ૧૯૪૯માં 'સર'નો ખિતાબ પામનાર આ એકમાત્ર (!) ઑસ્ટ્રેલિયન છે. આજે પોતાનાં બે સંતાનો જ્હૉન અને શર્લી સહિત એડીલેઈડ શહેરની નજીકની ટેકરીઓ પર પોતાના નિવાસસ્થાને શાંત–સ્વસ્થ જીવન ગાળે છે. ઑસ્ટ્રેલિયન ધોરણ પ્રમાણે નીચા, નહિ સ્થૂળ–નહિ એકવડિયા બાંધાવાળા, અને માથે ટાલવાળા બ્રૅડમૅન નિરાળું વ્યક્તિત્વ ધરાવે છે. રૂબરૂ કે પત્ર દ્વારા બીજાને મળવું તેમને ગમે. જાહેરમાં મળતાવડા, નિરભિમાની ને છતાં પોતાની અસામાન્ય લોકપ્રિયતાને સમજનારા, ક્રિકેટક્ષેત્રે એક ઉત્તમ વહીવટકર્તા તથા તજ્જ્ઞ તરીકે એમની બહોળી ખ્યાતિ છે.

દુનિયાએ હૉબ્સ, ગ્રેસ, ટ્રમ્પર, હૅમન્ડ, સોબર્સ, હેડલી વગેરે જેવા ઘણા મહાન બૅટ્સમૅનો જોયા છે. એ બધાંનું નામ બ્રૅડમૅનની જેમ જ ગૂંજે છે, પરંતુ એ બધાની સરખામણી બ્રૅડમૅન સાથે થાય છે. બધા માટે માપદંડ બ્રૅડમૅન છે. શ્રેષ્ઠતાને સિંહાસને તેઓ બેઠા છે ને બીજા તેમને પડકારે છે. અલબત્ત, મારે મતે તો ટ્રમ્પર, હૉબ્સ કે બ્રૅડમૅનની સરખામણી જ અસ્થાને છે. ટ્રમ્પર 'કાન્ત' છે તો બ્રૅડમૅન ગોવર્ધનરામ. એ બેમાં કોણ ચડે તે ભલા આપણે કોણ નક્કી કરવાવાળા!

તૉલ્સ્તૉયે એક વાર લિંકન વિશે કહેલું, 'સંગીતમાં જે બિથોવન હતા, કાવ્યમાં જે દાન્તે હતા, ચિત્રકળામાં જે રફાએલ હતા અને જીવનતત્ત્વજ્ઞાનમાં જે ઈશુ હતા તેવા લિંકન હતા.' બ્રૅડમૅન વિશે પણ આ રીતે કહી શકાય કે, 'ટેનિસમાં જે 'બિગ' બિલ ટિલ્ડન હતા, હૉકીમાં જે ધ્યાનચંદ હતા, ફૂટબૉલમાં જે પેલે અને બેડમિન્ટનમાં જે હાર્ટોનો છે તેવા ક્રિકેટમાં બ્રૅડમૅન છે. તેઓ તેમની પ્રતિભા થકી, ટ્રમ્પરની જેમ, અલૌકિક ગણાય. કાર્ડસને કેનેથ ગ્રેગરી નામના પત્રકારે સૂચવ્યું કે તમે તમારી જિન્દગીના પાંચ 'ક્રિકેટવીરો'નાં નામ આપો. ત્યારે પાંચ નામો (આર્ચી મૅક્લૅરેન, ચાર્લ્સ મૅકાર્ટની, ઈ. એ. મૅક્ડૉનાલ્ડ, ફ્રાન્ક વૂલી અને ટ્રમ્પરનાં નામો) આપી કાર્ડસે કહ્યું, 'I shall omit Bradman. I can't have a hero who scampers his 2o1st run as egarly as he does his opening single. It is inhuman!' આ અતિમાનવ વિશે ટૂંકમાં, ક્રિકેટની પરિભાષામાં કહેવું હોય તો – 'બ્રૅડમૅન એટલે બૅટ્સમૅનશિપની વ્યાખ્યા.' □

અનુસંધાન] ચાર [પૃષ્ઠ ૧૫૧ પરથી

દુઃખના અંતનું સત્ય અને દુઃખનો અંત આણનાર માર્ગનું સત્ય.

આ ચાર બરોબરિયાં શોધવાં: વિવાહ, વ્યવહાર, વેર અને વહાલ (પ્રીતિ)માં બરોબરિયાં શોભે.

આ ચાર – પ્રિયજનનું દર્શન, રાજ-સન્માન, શિયાળામાં અગ્નિ અને દૂધનું ભોજન અમૃત સમાન લાગે છે.

આ ચાર – કપૂતપુત્ર, કુલક્ષણી નાર, અદેખો પડોશી અને ચુગલીખોર મિત્રથી દૂર રહેવું.

આ ચાર – હોળી ખેલવી, લગ્ન મહાલવા, ગરબે ઘૂમવું ને બાળકને ધવરાવવું – એ ચારમાં સ્ત્રી હર્ષ પામે છે.

આદિ શંકરાચાર્યના ચાર મુખ્ય મઠ (આમ્નાય)નાં સ્થાન: પૂર્વમાં જગન્નાથપુરી, પશ્ચિમમાં દ્વારિકાપુરી, ઉત્તરમાં કાશીપુરી ને દક્ષિણમાં શૃંગેરી.

જૈન ધર્મના ચાર પંથ: શ્વેતાંબરી, દિગંબરી, સ્થાનકવાસી અને તેરાપંથી.

ચાર જાતના મૂરખ:

પહેલો મૂરખ તે કૂદે કૂવો, બીજો મૂરખ તે ખેલે જુઓ,
ત્રીજો મૂરખ તે બહેન ઘેર ભાઈ, ને ચોથો મૂરખ તે ઘરજમાઈ.

ચાર જાતના ડાહ્યા:

પહેલો ડાહ્યો જે ખાયે ગમ, બીજો ડાહ્યો જે ખાએ કમ,
ત્રીજો ડાહ્યો તે પીએ ઝેર (સંસારનું) અને ચોથો ડાહ્યો તે ટાળે વેર.

ચાર જાતનાં સુખ:

પહેલું સુખ તે નીંદર આવે, બીજું સુખ તે ભોજન ભાવે,
ત્રીજું સુખ તે ઊતરે ઝાડો અને ચોથું સુખ તે પડખે વાડો.

૪૪૪૪૪૪૪૪ ચાર ૪૪૪૪૪૪૪૪

—— રતિલાલ હરિભાઈ નાયક ——

આપણા ધર્મગ્રંથો, પ્રાચીન સાહિત્ય, ધાર્મિક ક્રિયાકાંડો, વૈદક વગેરે શાસ્ત્રો, સુભાષિતો, કહેવતો અને બોધવાક્યો ઈત્યાદિમાં અનેક રીતે 'ચાર'ની સંખ્યા પણ સંકળાએલી છે. એની જાણકારી વિવિધ ક્ષેત્રો વિષેના આપણા જ્ઞાનને સમૃદ્ધ બનાવવા સાથે સમજવામાં સરળતા આણે છે. આ અંક-સંખ્યા સાથે વણાએલાં આવાં સૂત્રો, બોધવાક્યો, કહેવતો વગેરેનું આ સંકલન રસપ્રદ અને માહિતીપ્રદ બની રહેશે. અલબત્ત, આમાં ઘણું ઉમેરણ થઈ શકે પણ કેટલુંક સકારણ તથા કેટલુંક વિસ્તારભયે જતું કર્યું છે.

ચતુર્વેદ : ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ.

ચાર ઉપવેદો : વેદમાંથી ઊપજેલાં ચાર શાસ્ત્રો – આયુર્વેદ; ધનુર્વેદ, ગાંધર્વવેદ અને સ્થાપત્યવેદ.

ચતુર્વર્ણ : હિંદુઓના ચાર વર્ણ-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર.

ચતુરાશ્રમ : બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમ.

ચતુર્માસ : વર્ષના ચાર પવિત્ર માસ – અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો અથવા દેવપોઢી એકાદશી (અષાઢ સુદ ૧૧)થી દેવઊઠી એકાદશી (કાર્તિક સુદ ૧૧) સુધીના ચાર માસ.

ચતુર્દિશા : પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ.

ચતુર્કોણ : ઈશાન, અગ્નિ, નૈઋત્ય અને વાયવ્ય.

ચાર (યાત્રા)ધામ : જગન્નાથપુરી, સેતુબંધ રામેશ્વર, દ્વારકા ને બદ્રીકેદાર. અનુક્રમે તે પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તરમાં આવેલાં છે.

ચતુર્યુગ : સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ. આ ચાર યુગનાં મળી કુલ ૪૩,૨૦,૦૦૦ વર્ષ થાય. એવા ૭૧ ચતુર્યુગનો એક મનવન્તર થાય.

ચાર કર્મો : ધર્મ – ધર્મપ્રાપ્તિ અર્થે, અર્થ – ધનપ્રાપ્તિ અર્થે, કામ – સંતાનપ્રાપ્તિ અર્થે અને મોક્ષ – સ્વર્ગપ્રાપ્તિ અર્થે.

ચાર પોંખણાં : નવવરવધૂના સ્વાગતવિધિમાં વપરાતી ચાર સાંકેતિક ચીજો – ધૂંસરી, મૂસળ, વલોણું અને ત્રાક.

ચાર પુણ્યશ્લોક : નિત્ય સ્મરણ કરવા યોગ્ય ચાર વિભૂતિઓ – નળરાય, યુધિષ્ઠિર, વૈદેહી (સીતા) અને જનાર્દન (શ્રીકૃષ્ણ).

ચાર ઉપાયો : સામ, દામ, ભેદ અને દંડ.

ચાર અવસ્થા : વેદાંતની ફિલસૂફી પ્રમાણે–જાગ્રત, સ્વપ્ન, સુષુપ્ત અને તુર્ય.

ચાર ખ્યાતિઓ : સ્વયં સિદ્ધિથી મેળવેલી (તે ઉત્તમ), પિતાની સિદ્ધિઓથી મેળવેલી (તે મધ્યમ), ભાઈની સિદ્ધિઓથી મળેલી (તે અધમ) અને શ્વસુરની સિદ્ધિઓથી મળેલી (તે અધમાધમ).

ચાર મુક્તિ : સાલોક્ય, સામિપ્ય, સારૂપ્ય અને સાયુજ્ય.

ચાર સનાતન ધર્મ (નિયમો) : સત્ય બોલવું, પ્રિય બોલવું, અપ્રિય સત્ય ન બોલવું અને પ્રિય અસત્ય ન બોલવું.

સાધન ચતુષ્ટય : મોક્ષપ્રાપ્તિ માટેનાં ચાર સાધનો – નિત્યાનિત્ય વસ્તુવિવેક, વૈરાગ્ય, શમાદિષ્ટ (શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, સમાધાન, શ્રદ્ધા) સાધનસંપત્તિ અને મુમુક્ષા.

ચાર પ્રકારની સ્ત્રી : પદ્મિની, ચિત્રિણી, શંખિની, હસ્તિની.

ચાર પ્રકારનાં અન્ન : ભક્ષ્ય (ચાવીને ખવાય તે), ભોજ્ય (ગળાય તે), ચોષ્ય (ચુસાય તે) અને લેહ્ય (ચટાય તે).

ચાતુર્હોત્ર : હોતા, ઉદ્ગાતા, અધ્વર્યુ અને બ્રહ્મા.

ધર્મનાં ચાર મૂળ : વેદ, સ્મૃતિ, સદાચાર અને ઉત્તમ કામના.

અનર્થનાં ચાર કારણ : યૌવન, ધન, પ્રભુતા (સત્તા) ને અવિચાર.

ચાર ઢાંકણ : કૂવાનું પાવઠું, જગતનું જાર (જુવાર), બાપનું બેટા અને ઘરનું નાર.

ચારને ચમકાવવાની રીત : ઘોડાને ચાબુક, રાજપૂતને તુંકારો, વાણિયાને ભાવની વધઘટ અને ભૂતને કરડો અવાજ.

ચાર જાતની વાણી : પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી.

વેદનાં ચાર પર્વો : મંત્ર, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ્.

ચાર પ્રકારના માસ : સૌર, સાયન, ચાન્દ્ર અને નાક્ષત્ર.

ચાર મુખ્ય તીર્થંકરો : આદિનાથ, નેમીનાથ, પાર્શ્વનાથ અને મહાવીર, એ જૈનોના ચાર મુખ્ય તીર્થંકરો.

ચાર મુખ્ય દેવોના વાસ : વૈકુંઠમાં વિષ્ણુનો, કૈલાસમાં શંકરનો, બ્રહ્મલોકમાં બ્રહ્માનો અને સૂર્યમંડળમાં સૂર્યનો વાસ છે.

સંસારીના ચાર શત્રુઓ : દેવું કરનાર પિતા, વ્યભિચારિણી માતા, રૂપવતી પત્ની અને અવિદ્વાન પુત્ર.

સંસારીના ચાર દેવો : માતા, પિતા, આચાર્ય અને અતિથિ.

પવિત્ર અને પૂજનીય ચાર 'જ'કારો : જનની, જન્મભૂમિ, જાહ્નવી અને જનાર્દન.

ચાર પૂજ્ય 'ગ'કાર : ગંગા, ગીતા, ગાયત્રી અને ગોવિંદ.

ચાર વૃથા : સમુદ્રમાં વરસાદ, ક્ષુધાતૃપ્તને ભોજન, તવંગરને દાન અને મૂર્ખને વિદ્યા.

ચાર સ્થળે વસવું નહિ : જ્યાં કોઈ નાયક જ ન હોય, જ્યાં અનેક નાયક હોય, જ્યાં સ્ત્રી નાયક હોય અને જ્યાં બાળનાયક હોય.

ચાર લક્ષણો જમાતાનાં : સ્વભાવની વક્રતા, ક્રૂરતા, ઉગ્રતા અને પૂજા-નૈવેદ્યની અપેક્ષા, જમાઈનાં એ ચાર લક્ષણો છે.

ચાર પ્રકારના જીવો : જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ.

ચાર અંતઃકરણો : ચિત્ત, બુદ્ધિ, અહંકાર અને મન. અનુક્રમે તેના અધિષ્ઠાતા દેવ વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ.

ચાર મુનિઓ : સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર. બ્રહ્માના આ ચાર માનસપુત્રો છે.

ચાર કર્મો : નિત્ય એટલે રોજિંદાં કાર્યો, નૈમિત્તિક–કોઈ નિમિત્તના કારણે કરવાનાં કાર્યો, કામ્ય–ધન-કીર્તિની પ્રાપ્તિ અર્થે કરવાનાં અને પ્રાયશ્ચિત્ત–ભૂલ કે ક્ષતિ સુધારવા, પાપ દૂર કરવા માટેનાં કાર્યો.

ચાર કષાય : જૈન મતાનુસાર ચાર દોષો–ક્રોધ, ગર્વ, મોહ ને લોભ.

ચાર પ્રકારનાં વર્ષો : સંવત્સર, પરિવત્સર, ઈદ્વત્સર ને અનુવત્સર.

ચાર વર્ણના સ્વભાવગુણ : બ્રાહ્મણના શમ, દમ, તપ, પવિત્રતા, સંતોષ, ક્ષમા, સરળતા, પ્રભુભક્તિ, દયા અને સત્ય. ક્ષત્રિયના પ્રતાપ, બળ, ધૈર્ય, શૌર્ય, સહનશીલતા, ઉદારતા, બ્રાહ્મણભક્તિ અને ઐશ્વર્ય. વૈશ્યના આસ્તિકતા, દાન ઉપર શ્રદ્ધા, દંભરહિતતા, બ્રાહ્મણની સેવા, અને ધનસંચયમાં અસંતોષ. શુદ્રના બ્રાહ્મણો તથા ગાયોની સેવા અને સેવામાંથી જે મળે તેનાથી સંતોષ.

ચાર ખ્યાત કોમ : અનાવિલ, બ્રહ્મક્ષત્રિય, પાટીદાર અને નાગર. ગુજરાતની આ ચાર કોમ શિક્ષિત, પાણીદાર પણ માથાભારે.

ભાટિયા, જૈન, લુહાણા અને બોહ્રા એ વેપારમાં પારંગત કોમ ગણાઈ છે.

પાટણવાડિયા, ઠાકરડા, રબારી અને ભરવાડ એ ચાર માથાભારે કોમ ગણાઈ છે. અને–

અનાવિલ, ઘાંચી, ખત્રી અને કાછિયા એ દક્ષિણ ગુજરાતની ચાર એવી કોમ ગણાય છે જે અશિષ્ટ ભાષા બોલવામાં પારંગત છે.

સમ્માન, પ્રીતિ, મિત્ર અને વિદ્યાલાભ, એ ચાર શક્ય ન હોય તેવું સ્થળ ત્યાજ્ય છે.

દાંત, વાળ, નખ અને મનુષ્ય, એ ચાર સ્થાનભ્રષ્ટ હોય ત્યારે શોભતાં નથી.

પ્રવાસમાં વિદ્યા, ઘરમાં સ્ત્રી, રોગમાં ઔષધ અને મૃત્યુમાં પુણ્ય, એ ચાર મિત્ર સમાન છે.

દાન તે હાથનું, સત્ય વચન તે કંઠનું, શાસ્ત્ર-શ્રવણ તે કાનનું ને સમદર્શિતા એ નેત્રનું ભૂષણ છે.

કસોટી પર ઘસવું, કાપીને જોવું, અગ્નિમાં પિગાળવું ને ટીપીને તપાસવું એ ચાર સુવર્ણ (સોના)ની પરીક્ષા છે.

ત્યાગ, શીલ, ગુણ, અને કર્મ એ ચાર મનુષ્યની પરીક્ષા છે.

ધનવૃદ્ધ, વયોવૃદ્ધ, વિદ્યાવૃદ્ધ અને અનુભવવૃદ્ધ એ ચાર વૃદ્ધોના પ્રકાર છે.

દુષ્ટ સ્ત્રી, અવિદ્વાન પુત્ર, સામું બોલનારો નોકર અને કુસંપ જે ઘરમાં હોય તેમાં રહેવું અપ્રિયકર છે.

બમણો આહાર, ચાર ગણી લાજ, છ ગણું સાહસ અને આઠ ગણો કામ, આ ચાર લક્ષણો પુરુષો કરતાં સ્ત્રીમાં અધિક ગણાય છે.

વિદ્યા બ્રાહ્મણનું, સૈન્ય રાજાનું, ધન વૈશ્યનું અને સેવા શુદ્રનું, એમ એ ચાર વર્ણનાં બળ છે.

દયા વગરનો ધર્મ, વિદ્યા વગરના ગુરુ, ક્રોધવાળી સ્ત્રી અને સ્નેહ વગરના સ્વજનો, આ ચાર ત્યાજ્ય છે.

નેત્રહીન, કામાતુર, મદોન્મત ને સ્વાર્થી, આ ચાર અંધ ગણાય છે.

વહેલા ઊઠવું, યુદ્ધ તત્પર રહેવું, સ્વજન સાથે ભાગ પાડીને ખાવું ને સ્વપરાક્રમથી રળવું, આ ચાર ગુણો કૂકડા પાસેથી શીખવા જેવા છે.

લેવડદેવડમાં, નવું શીખવામાં, જમવામાં અને વ્યવહારમાં, આ ચારમાં શરમ રાખવી નહિ.

ચાર શોભા : રૂપની શોભા ગુણ, કુળની શોભા શીલ, વિદ્યાની શોભા સિદ્ધિ અને ધનની શોભા દાન.

અસંતોષી બ્રાહ્મણ, સંતોષી રાજા, લજ્જાળુ ગણિકા અને કુલીન ઘરમાં નિર્લજ્જ સ્ત્રી, આ ચાર નાશ નોતરે છે.

આ ચાર – જ્ઞાનીઓ શું નથી દેખતા? સ્ત્રીઓ શું નથી કરતી? છોકરાં શું નથી બોલતાં? અને કાગડા શું નથી ખાતા? આ ચારેયનો એક જ ઉત્તર છે—બધું જ.

આ ચાર – લોભીને માગણ, મૂર્ખને ઉપદેશક, કુલટાને પતિ અને ચોરને ચંદ્રમા દુશ્મન જેવા લાગે છે.

આ ચાર – વસ્ત્રો વિના અલંકાર, ઘી વિના ભોજન, સ્તન વિના સ્ત્રી અને વિદ્યા વિના જીવન શોભે નહિ.

ચાર વર્ણોની મોટાઈ – બ્રાહ્મણોની જ્ઞાનથી, ક્ષત્રિયોની પરાક્રમથી, વૈશ્યોની ધનધાન્યથી અને શુદ્રોની વય તથા સેવાથી મોટાઈ દેખાય છે.

ચાર જાતના સંન્યાસીઓ : કુટીચર, બહુદક, હંસ અને પરમહંસ.

વલ્કલ, વ્યાઘ્રચર્મ, મૃગચર્મ ને તૃણ, આ ઋષિમુનિઓનાં વસ્ત્રો છે.

આ ચાર પુછાતાં નથી : સંન્યાસીનું ગોત્ર, કૃપણનું ધન, જૂઠાની આબરૂ અને વેશ્યાનું ચારિત્ર્ય.

યાચકનાં ચાર લક્ષણો : શરીરે કંપ, મુખ પર મલિનતા, દીન વાણી અને ગદ્ગદ સ્વર.

ધન, સ્ત્રી, જીવન અને ભોજન, આ ચાર વિષે બહુધા માણસને અસંતોષ જ હોય છે.

રોગી, નિર્ધન, વિદેશવાસી અને શોકાતુર, આ ચારને માટે મિત્ર-દર્શન ઔષધ સમાન છે.

રાજા, પ્રધાન, વૈદ્ય અને યોગી, આ ચાર ઘરડા સારા.

આ ચારમાં પ્રતિનિધિ ન હોય : આશ્રિતોનું ભરણપોષણ કરવામાં, પોતાના સ્વામીની સેવા કરવામાં, ધર્મનું આચરણ કરવામાં અને સંતાનોત્પત્તિ કરવામાં.

ચાર સુખ્યાત દાનેશ્વરીઓ : બલિરાજા, કર્ણ, દધીચિ ને શિબિ.

આ ચારથી સાવધ રહેવું સારું : હાથીનો સ્પર્શ, સાપનો ફૂંફાડો, રાજાનું હાસ્ય અને દુર્જનનું માન. (અહીં હાથી, સાપ અને રાજા બળિયાના અર્થમાં છે.)

ચાર ફળ : અગ્નિહોત્ર વેદનું, શીલ અને સદાચાર શાસ્ત્રનું, રતિ અને પુત્ર સ્ત્રીનું, તથા દાન અને ઉપભોગ એ ધનનું ફળ છે.

આ ચાર વિનાનો કાં તો યોગી હોય અથવા પશુ : જેના સંગીત-માં મધુરતા ન હોય, જેને સ્ત્રીમાં આસક્તિ ન હોય, જેને સંપત્તિમાં હર્ષ ન હોય અને જેને વિપત્તિમાં વિષાદ ન હોય.

બુદ્ધે ચીંધેલાં ચાર સત્યો : દુઃખનું સત્ય, દુઃખના કારણનું સત્ય,

(અનુસંધાન પૃષ્ઠ ૧૪૯)

અનુસંધાન] બકલો [સામેના પાનેથી

સવારે ઊઠીને મોંમાં દાતણ ચાવતાંચાવતાં હોટેલ પર આવવું અને છાપું વાંચવું એ એનો નિત્યક્રમ. બાવળના દાતણનો રસ પેટમાં ઊતરે અને છાપાંની વાત મનમાં ઊતરે. રાજકારણના સમાચાર વાંચ-વાનો ભારે શોખીન. વાંચીને એ ધારણા કરવા માંડે. એમાં ય જો એની ધારણા ખોટી પડે તો તેનો પિત્તો જાય. જનતા પક્ષ તૂટયો એ અરસા-માં એણે રાજનારાયણને ખૂબ ગાળો દીધેલી. એક વાર તો ગુસ્સામાં ને ગુસ્સામાં છાપું ફાડી નાખેલું. એ જોઇને નોકરો મનમાં ને મનમાં હસે. એના ચહેરા પરની ભાષા એની પત્નીથી વિશેષ એના નોકરો જાણે છે.

સ્વભાવે તો બકલો રંગદર્શી છે. મન ચંચળ છે ને એની ચંચ-ળતા અસીમ છે. બકલો એટલે જ ચંચળતા. નાટક-સિનેમાનો શોખીન છે એ. નાટકમાં તો એ ઊતરેલો પણ ખરો. પ્રેક્ષકોને ખયાલ આવી ગયેલો કે આ તો બકુલ પંડ્યા. કોઇકે બૂમ પાડેલી : 'બકલા, અરધી ચા મોકલ.' એ સાંભળીને એણે 'ઑડિયન્સ ઑગસ છે' એવો અભિપ્રાય આપેલો. હમણાં 'તીસરી કસમ' પિક્ચર જોવામાં સાથે થઈ ગયેલો. અવાજ બરાબર આવતો નહોતો તે જઇને સરખો કરાવી આવ્યો.

હોટેલના નોકરો ઘણીવાર અધવચ્ચે ભાગી જાય. બકલો એને શોધવા પકડવા જાય. હાંફળાફાંફળા જતાં એક વાર એનો પગ કૂતરા પર પડ્યો. કૂતરાને ખયાલ ન રહ્યો કે આ બકુલ પંડ્યા છે. એણે તો સ્વ-ભાવસહજ બચકું ભર્યું. આ વાતની ખબર તેના ભાઈબંધોને પડી. કોઇએ પૂછી નાખ્યું : 'બકલા, તને તો કંઈ નહિ થાય. પેલો કૂતરો તો સાજો-સારો છે ને?' બકલો ગુસ્સામાં લાલચોળ થઈ ગયો. વાણી ઊઘડી. કરડ્યાનું ઝેર વાણી દ્વાર બહાર ધસી આવ્યું. થોડા દિવસ પછી સાંભ-ળેલું કે પેલું કૂતરું હડકાયું થઈ ગયું છે.

હોટેલમાં બાકી રાખનાર પર તકાદો ન કરવો અને પોતાને ચૂક-વવાના પૈસા માટે બૅંકની લોન લેનાર બકલો આમ તો છેતરાયેલો માણસ છે. ભાઈ અને ભાઈબંધ ઉભયનું સત્યદર્શન એ પામેલો છે. સત્ય પામવું આસાન છે, પરન્તુ પચાવવું સરળ નથી. બકલો ચણાની જેમ સત્યને ચાવીને પચાવી ગયો છે. એણે દુઃખને નાળિયેરના પાણીની જેમ પોતાનામાં પ્રચ્છન્ન રાખ્યું છે. એના ચહેરા પરનો વિષાદ પણ સુરખીસભર હોય છે. એક રાત્રે એના હોઠમાંથી સરેલા 'દોસ્ત, દોસ્ત ના રહા' એ વિષાદી શબ્દો આજે પણ મારા હૃદયને કોરે છે. હવે તો એ 'ના કાહે કી દોસ્તી, ના કાહેકા બૈર' એ કબીરવાણીને અનુસર્યો છે. છતાં ય એ મૈત્રીનો માણસ છે. અલબત્ત, આજે એમાં ભળી છે મર્યાદા.

એ સંગીતનો શોખીન છે. ગાનાર હમેશાં ગાતી વખતે સમ પકડે છે. બકલાથી હજુ જીવનનો સમ પકડાયો નથી. મથે છે, પણ પકડાતો નથી, તાલ તૂટે છે, વળી પુનઃ પ્રારંભે છે, વળી તૂટે છે, અને આથી જ્યારે પણ મળે ત્યારે એની પાસેથી સાંભળવા મળે છે : 'કંટાળી ગયો છું – થાકી ગયો છું.' અહીં કર્તા અધ્યાહાર છે, કર્મ પ્રચ્છન્ન છે.

હું એ કર્મને જાણવા સતત મથું છું. □

ચરિત્ર-નિબંધ

બકલો

'આનંદશર્મા'

'કંટાળી ગયો છું – થાકી ગયો છું.' એ બકલાના જીવનના મુખ્ય ઉદ્‌ગારો છે. એની હોટલે જઇને 'કેમ ?' એટલું પૂછો ત્યાં જ આ ઉદ્‌ગારો સાંભળવા મળે, અને થોડી વધુ વાર ઊભા રહો તો વળી કંઈક આવો સંવાદ સાંભળવા મળે :

'એય, તારી તે...! ધ્યાન રાખ, ધ્યાન. આ ગરાગની...' પછી જે બોલે તે લખાય તેવું નથી. પણ એ સાંભળી હોટલનો છોકરો પોતાનો બચાવ કરતાં બોલે 'પણ બકુલભાઈ...'

'પણની માશી. જા, ઓડરમાં જા.' 'હું જાઉં ?'

'જા... એક દઈશને હમણાં...' એટલું બોલીને કશુંક બબડતો બકલો હોટલને બારણે આવીને ઊભો રહે. એ પહેલાં એણે નોકરને બે-ચાર ગાળ સુણાવી દીધી હોય. એનું આ ગાલિપ્રદાન ગામ આખામાં જાણીતું છે. એનું બારણે ઊભા રહેવું એ જાણે નોકરને ગાળ દીધા પછીનું પ્રાયશ્ચિત્ત ન હોય! બારણાને અઢેલી ઊભેલા બકલાને જોવો એ સહુનું સામાન્ય દર્શન છે. એના બારણાનો આકાર મંદિરની કમાન જેવો છે. વાસ્તવમાં એ પહેલાં મંદિર જ હતું, આજે હોટલ છે. શંકરની નાનકડી દેરી અને હનુમાનની મોટી મૂર્તિ આજેય ત્યાં વિદ્યમાન છે. ગામની એ બહુ જૂની હોટલ; એક વાર મધ્યાહ્ન તપતો'તો એનો. ખાસ્સી મોટી જગ્યા છે. પરંતુ અત્યારે તો માત્ર આગળનો થોડોક જ ભાગ વપરાશમાં છે. આજે આ હોટલનો માલિક છે બકુલ પંડ્યા. અજાણ્યા માણસો ઘણી વાર એને જ પૂછે છે કે કોણ છે આ હોટલનો માલિક ?

એના સાચા નામનું ઉચ્ચારણ એની બાને ન ફાવ્યું તે આવું ભળતું નામ કરી નાખ્યું. બોરસલીના પુષ્પને બકુલ કહે છે. માતાને છોકરો ફૂલ જેવો કોમળ લાગેલો એટલે બકુલ નામ આપ્યું હશે! આમ તો પ્રત્યેક નાનું બાળક માતાને ફૂલ જેવું જ લાગે છે. અલબત્ત, બકુલની કોમળતા આજે બકુલ પંડ્યાના અંગ પર ક્યાંય વરતાતી નથી. પુષ્પને પણ વાર્ધક્ય આવતું હશેને ?

બકુલનું પ્રેમસભર નામ છે બકલો. કોઈક 'બકો' પણ કહે છે. બકો શબ્દ ભોળપણના પર્યાય સમો છે. ઘણી બાબતમાં એ આ દ્વિતીય નામને સાર્થક કરે છે. હું એને બોલાવું ત્યારે 'બકલા' એવું સંબોધન કરું છું. બહુ ગરમ થાય ત્યારે સૂરતીની સ્વાભાવિક ગાળપ્રીતિ ઝબકી જાય છે. છતાં ય બે-ચાર દિવસ મને ન જુએ તો 'કેમ દેખાતો નથી ?' એવી પૃચ્છા જરૂર કરે. એ ત્રણ શબ્દોમાં જ એનો પ્રેમ વ્યક્ત થઈ જાય. અલ્પ અભિવ્યક્તિ. પ્રેમની ભાષા આમેય બહુ લાંબી હોતી નથી.

બકલો નાનો હતો ત્યારે ભારે તોફાની હતો. તોફાની છોકરાઓને માબાપ કાયમ વ્યાયામશાળાએ મોકલતાં હોય છે. એટલી ઘડી જે શાંતિ મળી! બકલો પણ વ્યાયામશાળાએ જતો થઈ ગયો. ચોમાસામાં એકાદ સારા વરસાદ પછી તળાવમાં પાણી ભરાતાં વ્યાયામશાળા તરફથી તરવાના વર્ગો ચાલતા. બકલો એમાં પણ જોડાયો અને ખૂબ ઝડપથી એ તરવામાં પાવરધો થઈ ગયો. પાણી પર ચત્તાપાટ પડી રહેવું એને ખૂબ ગમતું. જીવનમાં પણ આ રીતિ એણે અપનાવી લીધી છે. પરંતુ પાણીમાં તરીને પલકારામાં સામા કિનારે પહોંચી જતો બકલો જીવનમાં આજ સુધી ક્યાંય પહોંચી શક્યો નથી, લગભગ મઝધારે જ છે. તરવાના વર્ગોમાં છેલ્લે હરીફાઈ થતી'તી. હરીફાઈમાં નાના બકલાનો પહેલો નંબર આવ્યો અને મોટો શિલ્ડ મળ્યો. હાથમાં એ મોટો શિલ્ડ અને શરીર ઉપર માત્ર લંગોટ સહિતનો એક ફોટો એણે પડાવેલો. નાનપણથી એ ફોટા પ્રતિ એને અહોભાવ છે. મઢાવીને રાખેલો એનો એ ફોટો એના ઘરની દીવાલ પર આજે પણ ટીંગાય છે. એ ફોટો જોઇને કોઇએ તેને હનુમાન જેવો બહાદુર કહેલો ત્યારથી એ પોતાની જાતને હનુમાનની સમકક્ષ ગણવા માંડ્યો. હજુ પણ ક્યારેક એ ભાવ એનામાં બળુકો બની જાય છે. માનવ માત્ર પોતાની આદિમ સ્થિતિ ભૂલી ગયો છે, જ્યારે બકલો આદિમતાને સાચવી જાણે છે. અસલિયતને જાળવવી એ કંઈ સહેલું નથી!

હોટલ પર એને જુઓ તો એ અર્ધમાનવ જેવો લાગે. પહોળો-મેલો લેંઘો, અર્ધી બાંયનું બુશશર્ટ, તેનાં ઉપલાં બે બટન ખુલ્લાં, એમાંથી દેખાતા છાતીના આછા વાળ, ચા આપવા કે ખાવા ગયેલો નોકર પાછો ન આવ્યો હોય તેની ચિંતાથી કપાળ પર પડેલી કરચલીઓ અને શ્રમિત ચહેરો. કાયમ થાકેલો જ લાગે છે એ. નામની નાજુકતા નજરે જ ન પડે. એને આ રીતે જોઇને ક્યારેક મજાક કરવાનું ગમે. પૂછું :

'કેમ છે બકલા ?'

'કંટાળી ગયો છું.' એ નીચું મોં રાખીને જવાબ આપે, 'કંટાળી ગયો છું થાકી ગયો છું' એ એના કાયમના શબ્દો છે.

'જનતા પક્ષ જીતે એવું લાગતું નથી.' હું વાતને આગળ લંબાવું.

'તું મગજની મા ન...' એટલું બોલતાં તો એનો ચહેરો તંગ બની જાય. ક્યારેક વળી ગલ્લેથી ઊઠીને અંદર ભઠ્ઠા પર પહોંચી જાય, વળી પાછો આવે. એ દરમિયાન જો નોકર પગાર કે ઍડવાન્સ માગે તો પેલી સૂરતીવાણીનો પ્રવાહ પ્રારંભાઈ જાય. દીવાની દાઝ કોડિયા પર! અલબત્ત, આ દાઝ કાયમ ક્ષણિક જ હોય. એના વિચારો પણ ક્ષણજીવી હોય છે. જો કે ક્યારેક વળી એનો વિચાર વિરાટ બની જાય છે. અભિવ્યક્તિ તો કાયમ એની વિરાટ જ હોય છે.

છેલ્લી ચૂંટણીમાં એણે જનતા પક્ષનું કામ કરેલું. તન-મન-ધનથી. બકલાની વાત એના નોકરથી માંડીને ચા પીનારા સુધીના કોઇએ નહિ માનેલી. સહુએ 'ગરીબી હટાવનાર' ઇન્દિરાના ઉમેદવારને જ મત આપેલા. સાચા કાર્યકરોની આ જ સ્થિતિ છે આ દેશમાં આજે. જનતા પક્ષનો ઉમેદવાર હારી ગયો. સાંભળેલું કે આ શોકમાં એનું વજન ઘટી ગયેલું. મન વિષાદથી છવાઈ ગયેલું. આથી આજે પણ ક્યારેક એનો નોકર પૈસા માગે તો બકલો કહે છે : 'જા ને તારી માશી પાસે.' પરન્તુ બકલાને કે પેલા નોકરને ખબર જ નથી કે માશી તો એશિયાડ, ઑલિમ્પિક, શિખર-પરિષદ, રોહિણી ઉપગ્રહ, આસામ અને અકાલીની ચિંતામાં અને પુત્રની પ્રગતિમાં વ્યસ્ત છે. એને તો કશુંય સાંભરતું નથી આજે. પેલો નોકર હસતોહસતો કહે છે કે, 'હવે બકુલભાઈ તમે કહેશો તાં મત આપીશું.' આનંદમાં આવીને બકલો પૈસા આપે છે અને નવી ચૂંટણીની પ્રતીક્ષા કરે છે.

બકલો ચૂંટણીમાં જેનું કામ કરે તે જીતે તો એના ચહેરા પર ખુશી છવાઈ જાય. નોકરને ઍડવાન્સ કે પગાર પણ આપી દે. વધારે ખુશ થાય તો બપોર પછી હોટલ બંધ કરી નોકરોને છુટ્ટી આપી દે ને પોતાના તરફથી પિક્ચર જોવાના પૈસાય આપે. અને પરિણામ વિપરીત આવે તો નોકર પર તવાઈ હોય. બે-ચાર દિવસ એને મતદાતાઓ બૉગસ કે લબાડ લાગે. એકાદ-બે નોકરને માર પડે. અઠવાડિયાં સુધી એનો ચહેરો ઊતરેલો લાગે. ખાવાનું ભાવે નહિ. લોકશાહી પરથી એની શ્રદ્ધા જ ઊઠી જાય.

(અનુસંધાન પૃ. ૧૫૧)

લઘુકથા

કૃતજ્ઞતા

કોકિલા પી. રાવલ

'ભઈલા, ઓઘડબાપાનું ખોરડું કયું?'

'આ એમનું જ ઘર છે, માજી. હું એમનો દીકરો છબીલ.' સિત્તેરેક વર્ષનાં માજીને આઠેક વર્ષના છોકરા સાથે વહેલી સવારે આવેલાં જોઇને છબીલભાઇને આશ્ચર્ય થયું. તેમણે પૂરું થવા આવેલું દાતણ ફેંકી દેતાં કહ્યું, 'આવો માજી, અંદર.'

'હારા... દહ વરહ પે'લાં આ ઘર જોયું'તું.'

'બોલો, શું કામે આવ્યાં છો, માજી?'

'આ આયખાનું છેલ્લું દેણું ચૂકતે કરવા, ઓઘડબાપા તો અમારું ટાણું સાચવી લેતા ભૈ...'

પોતાના પિતા જરૂરિયાતવાળા લોકોને નામ-સરનામાં લખી ઉધાર પૈસા આપીને મદદ કરતા. પણ આજે તો તેમને ગુજરી ગયાને ય દસકો થઈ ગયો હતો... ને આ માજી..., છબીલભાઈ વિચારવા લાગ્યા.

'ઓઘડબાપા પાંહેથી મારા છોકરાનાં લગનટાણે ત્રીહ રૂપિયા લીધેલા. અતારે તો ઇનો દીકરો ય આ આવડો થ્યો. તમારે ચોપડે આના દાદાનું નામ લઈખ્યું હશે... બોલ તો, એલા, તારા દાદાનું નામ.'

છબીલભાઇએ થોડા કૌતુક સાથે અભેરાઈ ઉપર ચડાવાયેલા જૂના ચોપડાઓ ઉતરાવ્યા અને કરજદારનું નામ-સરનામું શોધી કાઢ્યું.

'હા, માડી, ત્રીસ રૂપિયા ઉધાર છે.'

'હા... આ ઈ બરાબર.' અને ડોશીમાએ પોતાની પાસેની પોટલી છોડી, છબીલભાઈના પગ પાસે રાણી છાપના સિક્કાઓનો ઢગલો કર્યો.

આભા બની ગયેલા છબીલભાઇએ એક સિક્કો ઉપાડતાં કહ્યું, 'અરે, માડી, અત્યારે તો આ એક સિક્કાની કિંમત જ ત્રીસ રૂપિયા થાય. આટલા સિક્કા મારાથી ન લેવાય.'

'મને ખબર છે, ભઈલા, પણ તું શું એમ માનશ કે હું તને દહ-દહની નોટનાં તેણ કાગળિયાં દઈ દઉં? અરે, આના બાપનાં લગન ટાણે મેં ઓઘડબાપા પાંહેથી એક-એક રૂપિયો આમ ખખડાવીને લીધો'તો.' એમ કહી માજીએ એક સિક્કો જમીન પર ખખડાવ્યો. 'લે ભૈ, આ લઈ લે, એટલે આના દાદાને દીધેલું વેણ કે હું તમારું દેણું ચૂકતે કરી દઈશ, ઈ પૂરું થઈ જાય ભૈ.'

આભા બની ગયેલા છબીલભાઈ વૃદ્ધ ડોશીમાના મુખ પર છવાયેલ કૃતજ્ઞતા નીરખી રહ્યા. □

અનુસંધાન] **ગોસાંઇપુરમાં સરગરમી** [પૃષ્ઠ ૧૪૩થી

જીવનબાબુ આ સાંભળી હસી પડ્યા. 'વાઘ એક જમાનામાં હશે, પણ દાદાજીના સમયમાં તો નહોતા જ. પણ એ ખરું કે એ બહુ નામીચા જાગીરદાર હતા—શોઈમ કુલી અત્યાચારી.'

એટલામાં એક નોકર તાસકમાં બે ગ્લાસ અને એક કપમાં કંઈક લઇને આવ્યો. એને જોઈ ફેલુદાએ કહ્યુ :

'તમારા પિતાજીએ હજી ચાનો રિવાજ છોડ્યો લાગતો નથી.'

'અલબત્ત, છોડ્યો જ છે. આ આવી તે કૉફી છે. મારા પૂરતાં કપ-રકાબી અહીં રાખ્યાં છે અને જ્યારે આવું ત્યારે નેસકૉફીનું એક ટિન લેતો આવું છું. સવાર-સાંજ અહીં નીચે એ પી લઉં છું. તમારા માટે ગ્લાસમાં આવી છે એથી માઠું ન લગાડશો.'

'માઠું શાનું લાગે? આ તો અસલ મદ્રાસી રીત! 'કમલા વિલાસ'-માં આ રીતે કાંસાના પાત્રમાં ઘણી વાર કૉફી પીધી છે.'

ઉપરના માળ પરથી અવારનવાર ખટખટ અવાજ સંભળાયા કરતો હતો. એ શાનો છે એ ફેલુદાના પ્રશ્ન પરથી સમજાયું. 'શું તમારા પિતાજી ચાખડી પહેરે છે?'

જીવનબાબુ હસીને બોલ્યા, 'એ જ શું સ્વાભાવિક નથી?'

'વારુ, આ કાંસાના ગમછા સિવાય બીજી કઈ બાબતથી તમારી ધારણા બંધાઈ કે તમારા પિતાજી ઉપર ભય તોળાઈ રહ્યો છે?'

જીવનબાબુએ પોતાના ખિસ્સામાંથી એક કાગળ કાઢી ફેલુદાને આપ્યો. તેમાં પેનસિલથી લખ્યું હતું : 'તમારા બાપદાદાના પાપના પ્રાયશ્ચિત્ત રૂપે તમને પ્રાણદંડની સજા ફરમાવાઈ છે, માટે તૈયાર રહેજો.'

'આ જાસાચિઠ્ઠી પાંચમી ઑક્ટોબરે આવી છે—હું અહીં આવ્યો તેના આગલા દિવસે કાટોઆથી એ પોસ્ટ કરવામાં આવી છે. અહીંથી કોઈ પણ માણસ ત્યાં જઇને તેને ટપાલમાં નાખી શકે.'

'ખરાબ ન લગાડશો, પણ બાપદાદાનું પાપ શું એ જો વિગતવાર કહેશો તો મને જરા સગવડ રહેશે.'

'એ તો સમજી શકાય તેવું છે કે જાગીરદાર કુટુંબોમાં અનેક પ્રકારના અન્યાય થતા જ રહેતા, એટલે આ ચિઠ્ઠીમાં કયા પાપની વાત છે એ તો કળી ન શકાય, પણ મારા દાદા દુર્લભ મલ્લિકે રૈયત ઉપર ઓછા અત્યાચારો કર્યા નહોતા.'

'આ ચિઠ્ઠી મળ્યા પછી પોલીસમાં કેમ જાણ ન કરી?'

'એનાં બે કારણો છે.' પછી જરા વિચાર કરીને જીવનબાબુ બોલ્યા, 'એક તો તમને અહીં કોઈ ઓળખતું ન હોય, એટલે ધમકી આપનાર તમારી હાજરીથી સાવધાન થઈ જવાનો સંભવ ઓછો રહે, અને બીજું પોલીસ જો આ તપાસ હાથમાં લે તો તેઓ સૌપ્રથમ તો મારા પર જ શંકા લાવે.'

આ સાંભળી અમારી બંનેની આંખમાં વધુ કુતૂહલ જાગતું જોઇ જીવનબાબુએ ઉમેર્યું, 'પિતાજીના આ અદ્ભુત પરિવર્તન પછી મારી સાથે એમને બનતું નથી. આપણે રહ્યા શહેરી માણસો. આધુનિક સગવડોને આપણે પિતાજીના જેટલી સરળતાથી છોડી શકીએ નહિ. એ ખરું કે ઇલેક્ટ્રિક શૉકને કારણે એમને ભારે માનસિક આઘાત લાગ્યો છે. પાંચેક વર્ષ પહેલાંની એ વાત છે. કલકત્તામાં એક સાંજે અમે બંને ઑફિસેથી સાથે જ ઘેર આવેલા. અંધારામાં એમણે લાઇટ કરવા હાથ લંબાવ્યો ને એમને શૉક લાગ્યો. બહાર જ મેઇન સ્વીચ હતી તે મેં દોડી જઇને બંધ કરી દીધી. આમાં માત્ર પાંચેક સેકંડ જ લાગી હશે, પણ શી ખબર કેમ તેઓ તો માને છે કે આમ હું એથી યે વધુ ઝડપથી કરી શક્યો હોત. ત્યારથી એમના મનમાં પૂર્વગ્રહ બંધાઇ ગયો છે ને પરિણામે હું જ્યારે અહીં આવું ત્યારે અમારા વચ્ચે કોઇ ને કોઇ બહાને ચકમક ઝરે જ. આવી રીતે એક વાર ગુસ્સામાં મેં સળગતું ફાનસ ફેંક્યું હતું અને તેથી શતરંજી ને ગાદી વગેરે સળગતાં ધમાલ મચી ગએલી. નાનકડા ગામમાં વાત ફેલાતાં શી વાર? ત્યારથી બધા જાણે છે કે શ્યામ મલ્લિક અને એના દીકરા વચ્ચે સાપ-નોળિયા જેવો સંબંધ છે. આ પરથી તમે તો સમજી શકશો કે પોલીસ આવે તો કઇ રીતે તપાસ આદરે. વળી, તમારી સુ-ખ્યાતિ પણ તમને બોલાવવાનું એક કારણ છે. મને વિશ્વાસ છે કે તમારા જેવા આધુનિક શહેરી માણસ આ પ્રશ્નને વધુ સારી રીતે સમજી શકશે.'

કૉફી પિવાઇ રહી તે દરમિયાન એક નોકર ફાનસ પેટાવીને મૂકી ગયો. ઉપર થતી હલચલ પણ હવે બંધ થઇ ગઇ હતી. જીવનબાબુએ ફેલુદાને પૂછ્યું, 'એક વાર પિતાજીને મળવું છે?' અને ફેલુદાએ હા પાડતાં અમે ગાદી ઉપરથી ઊભા થયા.

આવડી મોટી હવેલીમાં સામાન્ય ફાનસથી કેટલું અજવાળું પડે!

ફાળ

ધીરેન્દ્ર મહેતા

મને પોતાને પણ સરત રહે નહિ એમ મારી નજર ત્યાં પહોંચી જતી. કદાચ આ રીતે પડોશીની ગૅલેરી સામે તાકી રહેવાનો મારો ઇરાદો નહિ હોય. આમ છતાં અગાશીમાં નીકળતાં, દાદરો ચઢતાં-ઊતરતાં, કે બારી પાસેથી આવતાંજતાં નજર તે તરફ ગયા વગર રહેતી નહિ; ને વળતી ક્ષણે હું જાણે મારામાંથી બહાર કૂદી પડતો. આજુબાજુનું સઘળું ભાન ભુલાઈ જતું અને દૃષ્ટિ ત્યાં મંડાઈ રહેતી.

આશ્ચર્યની વાત તો એ હતી કે આ રીતે ગૅલેરીમાં ગયેલી મારી દૃષ્ટિને ક્યારેય પાછા પડવું પડ્યું નથી. એ હમેશાં ત્યાં દેખાઈ છે. ક્યારેક કપડાં સૂકવતી, ક્યારેક નાહી લીધા પછી વાળ ઝાટકતી, તો ક્યારેક શૂન્યમાં તાકી રહીને મૂર્તિમંત ઊભી રહેલી... મારી દૃષ્ટિ કોઈને કોઈ આકાર ધારણ કરીને એનું સાન્નિધ્ય શોધી લેતી. ક્યારેક હું એના કેશ પસવારવા લાગતો, ક્યારેક એના બંને ખભે હાથ મૂકીને સંનિકટ ઊભો રહેતો, તો ક્યારેક...

એનું ધ્યાન ભાગ્યે જ મારી તરફ રહેતું. મને એ વાતની ખબર હતી, છતાં હું એમ માનવા પણ લલચાતો કે એ જાણીજોઇને પોતાના કાર્યમાં વિલંબ કરે છે, ગૅલેરીમાં વધુ વખત રોકાય છે. મારા મનમાં ઊંડેઊંડે કદાચ એમ પણ હતું કે આ ઠીક નથી થતું, પરાઈ સ્ત્રીમાં આ પ્રકારની આસક્તિ.—

માયા આ વિશે જાણે તો? મને ખબર હતી કે એ જાણતી નથી, જાણી શકવાની પણ નહોતી. પણ એ જાણે તો એને કેટલો આઘાત લાગે? એ કેટલી શ્રદ્ધાપૂર્વક મને ચાહે છે, અને મને કેટલો વફાદાર માને છે! હું ધારું છું કે એણે કોઈક વાર મને આ રીતે સામેની ગૅલેરીમાં તાકી રહેલો જોયો પણ હશે, પણ મારા વિશે ભાગ્યે જ કશી શંકા એના મનમાં જન્મી હશે, અને હું...

પણ આ રીતે વર્તીને હું કશું અનુચિત કરી રહ્યો છું એમ સમજવા પણ હું તૈયાર નહોતો. મારા વ્યવહારમાં તો હું હમેશાં તદ્દન ચોખ્ખો રહ્યો છું, પછી શું? માયા પણ શું કોઈ પ્રત્યે કોઈ વાર આવા કશા મનોભાવો નહિ અનુભવતી હોય? આમ વિચારીને આ આખી ઘટનાને હું સ્વાભાવિકતાથી લેતો.

એવામાં એક દિવસ ઓચિંતું મારા ધ્યાનમાં આવ્યું કે માયા આજકાલ ઉદાસઉદાસ રહેતી હોય એવું લાગે છે. અમારા જીવનમાં આ એક અસામાન્ય કહી શકાય એવી ઘટના હતી. માયાને મેં સદા હસમુખી જોઈ હતી, હળવી ફૂલ જેવી; અને આ તો જોઉં છું કે એ જાણે કોઈ ભાર નીચે ચંપાતી જાય છે. એમાં ય એક રાતે મારી આંખ ઊઘડી ગઈ અને મેં એને ઉઘાડી આંખે પડી રહેલી જોઈ ત્યારે મને ફાળ પડી. એકાએક જ મને વિચાર આવ્યો – માયાને મારા પર કંઈ વહેમ તો નહિ આવ્યો હોય? મેં સહસા એની સામે જોયું તો તેની મોટીમોટી આંખોમાં આંસુ તગતગી રહ્યાં હતાં.

'આ શું, માયા?'

—આટલું પૂછતાંની સાથે એ મારી સોડમાં ખેંચાઈ આવી અને ડૂસકાં ભરવા લાગી. મેં એની પીઠ પર હાથ ફેરવવા માંડ્યો. થોડી વારે ડૂસકાંમાં તરતોતરતો એનો અવાજ આવ્યો:

'મને માફ કરો.'

હું ચમકી ગયો. 'વાત શી છે, માયા?'

થોડી વારે શાંત થઇને એણે આખી વાત કહી: 'તે દિવસ રાત્રે આપણે અગાશીમાં બેઠાં હતાં અને રાજેશભાઈ આવી ચડ્યા હતા. તમે એમને આપવાનું કોઈ પુસ્તક લેવા ઘરમાં ગયા અને થાક્યાપાક્યા એમણે સહજભાવે લંબાવ્યું. એક ક્ષણ મને વિચાર આવી ગયો...' એ આગળ બોલી શકી નહિ. એણે માથું જોરથી મારી સોડમાં ઘાલી દીધું.

મેં હસીને એનું મોં ઊંચું કર્યું અને બોલ્યો: 'અરે ગાંડી, એમાં એવું તે શું થઈ ગયું કે તું આમ...'

એટલામાત્રથી એના મનનું સમાધાન થઈ ગયું હોય એમ થોડી વારમાં જ એ ઘસઘસાટ ઊંઘી ગઈ.

પણ બાકીની રાત મને બિલકુલ ઊંઘ આવી નહિ. □

ઉપર જવાના દાદર પાસે લગભગ અંધારું જ લાગતું હતું. જીવનબાબુએ ખિસ્સામાંથી નાનકડી ટૉર્ચ કાઢી પેટાવતાં કહ્યું, 'આ યે છાનીમાની લાવ્યો છું.'

શ્યામલાલ મલ્લિક પોતાના ખંડમાં ગાદી ઉપર તકિયાને અઢેલીને હુક્કો પીતા બેઠા હતા. નીચે જોએલી તસ્વીરમાંના દુર્લભબાબુ અને જીવનબાબુના ચહેરા સાથે એમનો ચહેરો મળતો આવતો હતો. દુર્લભબાબુની મૂછ આમને લગાડી હોય તો આ ચહેરો યે એવા ભડવીર જેવો જ દેખાય, પણ જોતાં ડર ન લાગે. જો કે બોલ્યા ત્યારે એમનો ગંભીર અવાજ સાંભળી લાગ્યું કે જો ગુસ્સે થાય તો એ ભયંકર પણ થઇ શકે.

'હવે તમે જાઓ.' શ્યામબાબુએ જેમને આ કહ્યુ એ સજ્જન ગાદી ઉપર એક ખૂણામાં બેઠા હતા. જીવનબાબુએ ધીમા અવાજે અમને એમની ઓળખાણ આપી. એ વૈદરાજ તારક ચક્રવર્તી દુબળા ઊંચા એકવડા બાંધાના હતા. એમનાં ભરાવદાર ભવાં નીચે નાક ઉપર જાડા કાચનાં ચશ્માં અને તેની નીચે જાડી મોટી મૂછ ધ્યાન ખેંચે તેવી હતી. નમસ્કાર કરી એ બહાર નીકળી ગયા. પછી જીવનબાબુએ અમારી ઓળખાણ આપી.

'ડિટેક્ટિવનું શું કામ છે?' શ્યામલાલ મલ્લિકના સ્વરમાં ઉપેક્ષા વરતાઇ આવી. 'ડિટેક્ટિવ શું કરશે? મારો શત્રુ મારા ઘરમાં જ છે. દુર્લભ મલ્લિકના આત્માએ તે સ્પષ્ટ કહી દીધું છે, ને એ વાત લખેલો કાગળ મારી પાસે જ છે. આત્મા ત્રિકાળજ્ઞાની છે. જીવતો માણસ સાહેબી ચોપડા વાંચીવાંચીને કંઇ એનાથી વધુ જાણી શકશે?'

આ સાંભળી જીવનબાબુ છોભિલા પડી ગયા. મને લાગ્યું કે દુર્લભ મલ્લિકના આત્માની વાતથી તો તેઓ પણ અજાણ હતા.

'તમે શું મૃગાંક ભટ્ટાચાર્ય પાસે ગયા હતા?' જીવનબાબુએ પૂછ્યું.

'હું શું કામ જઉં? એ અહીં આવ્યો હતો. મેં બોલાવ્યો હતો. મને આમ કોણ સતાવે છે એ મારે જાણવું હતું. જાણી લીધું.'

'મૃગાંકબાબુ ક્યારે આવેલા?' જીવનબાબુએ દબાતા અવાજે પૂછ્યું.

'તું આવ્યો તેના આગલા દિવસે.'

'તમે તો મને એ વાત જ ન કરી.'

શ્યામલાલબાબુ કશો જવાબ ન આપતાં હુક્કો ગગડાવતા રહ્યા. અંતે એ ઘેરી ચૂપકીદી તોડતાં ફેલુદાએ પૂછ્યું: 'દુર્લભ મલ્લિકના આત્માએ શું લખી દીધું છે એ બતાવશો?'

શ્યામલાલબાબુએ આ સાંભળતાં જ હુક્કાની નળી મોંમાંથી પાછી ખેંચી લીધી. લાગ્યું કે એમને ફેલુદાનો પ્રશ્ન ગમ્યો નહોતો. ફેલુદા ભણી નજર માંડી એમણે પૂછ્યું, 'તમારી ઉંમર કેટલી?'

એમનો અવાજ જ બદલાઇ ગયો હતો. પોતાના વડીલપણાનો

અને ફેલુદા પ્રતિ તુચ્છકારનો ભાવ તેમાં ડોકાતો હતો.

ફેલુદાએ પોતાની ઉંમર કહી. એટલે એ બોલ્યા : 'આટલી ઉંમરે તમારી આ હિંમત? એ લખાણના આધ્યાત્મિક મૂલ્યનું તમને ભાન છે? એ શું કંઇ જેને-તેને દેખાડાય?'

'માફ કરજો.' ફેલુદાએ ખૂબ શાંતિથી જવાબ આપ્યો, 'હું તો કેવળ એટલું જ જાણવા માગતો હતો કે સંકટમાંથી ઊગરવાનો કોઇ માર્ગ આપના પરલોકવાસી પિતાએ બતાવ્યો છે કે નહિ.'

'એ માટે કાગળ જોવાની શી જરૂર? મને પૂછો તો યે ચાલે. મુક્તિનો એક માર્ગ છે — શત્રુને વિદાય કરવાનો'.

થોડી પળ તદ્દન ચૂપકીદી છવાઈ રહી. પછી ધીરેથી જીવનબાબુએ પૂછ્યું, 'તો શું તમે મને અહીંથી ચાલ્યા જવાનું સૂચવો છો?'

'મેં તને ક્યારેય બોલાવ્યો છે?'

પણ જીવનબાબુ વાત છોડે તેમ નહોતા. કહે : 'પિતાજી, તમને મારા કરતાં ભોલાનાથબાબુ પર વધુ વિશ્વાસ છે. લાગે છે કે તમે એમનો કૌટુંબિક ઇતિહાસ ભૂલી ગયા છો. ભોલાનાથબાબુના પિતાએ સમયસર કર ન ભરતાં દુર્લભ મલ્લિકના માણસોએ એમના ઘરને આગ લગાડી હતી, અને...'

'મૂર્ખ!' શ્યામલાલબાબુ દાંત ભીંસતા બોલ્યા. 'ભોલાનાથ તો ત્યારે સાવ છોકરું હતો. સાઠ વર્ષ પછી એ તેનો બદલો લેવા મારું ખૂન કરે? કોઈ સાંભળે તો યે હસે. સમજ્યો?'

અહીં વધુ બેસી રહેવાનો કોઈ અર્થ હતો નહિ એટલે અમે ઊઠ્યા. બહાર આવી જીવનબાબુ બોલ્યા, 'ચાલો, તમને પહોંચાડી દઉં. શૉર્ટ-કટ પરથી તમે એકલા નહિ જઇ શકો.' દરવાજો વટાવ્યા પછી એમણે કહ્યું, 'તમને બોલાવીને આવી સ્થિતિમાં ઉતારવાનો મારો ખયાલ જ નહોતો. તમારું જે અપમાન થયું તે બદલ મને બહુ શરમ આવે છે.'

'ડિટેક્ટિવ થયા પછી આવી વાતોથી અપમાન ન લાગે, જીવનબાબુ.' ફેલુદાએ એમનો સંકોચ ભાંગતાં કહ્યું, 'અહીં આવવા માટે મને જરાય અફસોસ નથી. તમે એ વિચાર જ છોડી દો. મને તો તમારો વિચાર આવે છે. ધમકીની ચિઠ્ઠી વાંચી ભોલાનાથબાબુની વાત બાદ કરતાં તમારા ઉપર જ વધુ સંદેહ આવે એ સ્વાભાવિક છે તે તમારે સમજી લેવું જોઇએ.'

'પણ આ ફાંસો અને ચિઠ્ઠી આવ્યાં ત્યારે હું તો કલકત્તામાં હતો.'

'બરાબર. પણ એ ફેંકનાર તમારો જ કોઈ માણસ નહિ હોય એ શી રીતે મનાય, જીવનબાબુ?'

'એટલે કે તમે પણ મને શંકાની નજરે જુઓ છો?' શુષ્ક અવાજે જીવનબાબુએ પૂછ્યું.

'હું તો અત્યારે કોઇના ઉપર શક લાવતો નથી, તેમજ કોઇને નિર્દોષ પણ માનતો નથી. છતાં એક વાત પૂછું, આ ભોલાનાથબાબુ માણસ કેવા?'

એકાદ પળ ચૂપ રહી જીવનબાબુ બોલ્યા, 'અત્યંત વિશ્વાસુ. એ કબૂલ કરવું જ પડશે. પણ એથી કંઈ મારા પર શંકા લાવવાની?'

'જીવનબાબુ, અત્યારે તો મારે બધી વાત તદ્દન તટસ્થભાવે વિચારવાની છે. એ જ ખરો માર્ગ છે. અને તમારે પણ ધીરજ રાખવી પડશે. એ સિવાય બીજો કોઈ માર્ગ નથી તમારા માટે. અપરાધીને બચાવવાના માર્ગની મને ખબર નથી, પણ જે નિર્દોષ હશે તેને તો હું જરૂર બચાવીશ.'

જીવનબાબુને આ સાંભળી સંતોષ થયો કે નહિ તે અંધારામાં કળાયું નહિ. વાંસવન પૂરું થવા આવ્યું ત્યારે ફેલુદાએ એકાએક પૂછ્યું : 'તમારા પિતાજી ઘરમાં ચાખડી પહેરે છે એ તો જાણ્યું, પણ ક્યારેય ઉઘાડા પગે ઘરની બહાર જાય છે ખરા?'

'ઘરમાં જ ઉઘાડા પગે નથી ફરતા તો બહાર તો ક્યાંથી જાય? ઉઘાડા પગે એ કદી ક્યાંય આવ-જા કરતા નથી.'

'મેં એમના પગનાં તળિયાં પર માટી ચોંટેલી જોઈ એટલે પૂછ્યું. હવે બીજો પ્રશ્ન, તેઓ મચ્છરદાની વાપરે છે?'

'ચોક્કસ વાપરે છે. અહીં તો બધા જ વાપરે, વાપરવી જ પડે એટલા મચ્છરો છે અહીં. કેમ પૂછવું પડ્યું?'

'ફાનસના આછા અજવાળામાં તમે કદાચ ન જોઈ શક્યા હો, પણ એમના આખા શરીર ઉપર મચ્છર કરડ્યાનાં સંખ્યાબંધ ઢીમણાં હતાં.'

જીવનબાબુ તો શું? મારું યે આ બાબત તરફ ધ્યાન નહોતું ગયું. જીવનબાબુ આશ્ચર્યથી સાંભળી રહ્યા. પછી બોલ્યા :

'પણ પિતાજી તો મચ્છરદાની વાપરે જ છે. એ કંઈ સાહેબી ચીજ નથી એટલે એનો ઉપયોગ કરવામાં એમને કંઈ વાંધો નથી.'

'તો પછી બરાબર જોજો, કદાચ એ ફાટેલી હશે.' (ચાલુ)

કસોટીના ઉત્તર

(૧) લખીલખીને પ્રયત્ન કરશો તો અટપટું લાગશે, પણ પાનાં ગોઠવીને શરત પ્રમાણે ખસેડી જોતાં સરળ થશે. અહીં ઉત્તરમાં ક્રમવાર કયું પાનું કઈ બાજુ ખસતું જશે તે દર્શાવ્યું છે. તેમાં A એટલે એક્કો અને × તે ખાલી જગ્યા સમજવી. મૂળ આકૃતિમાં ૪, ૫, ૬, ×, A, 2, 3 આ પ્રમાણે પાનાં ગોઠવેલાં જ છે. હવે પહેલી ચાલમાં શરત પ્રમાણે A ને ખસેડતાં ૧) ૪ ૫ ૬ A × ૨ ૩ આ ક્રમમાં પાનાં ગોઠવાશે. તે પછી—

૨) ૪ ૫ × A ૬ ૨ ૩	૯) × A ૪ ૨ ૫ ૩ ૬
૩) ૪ × ૫ A ૬ ૨ ૩	૧૦) A × ૪ ૨ ૫ ૩ ૬
૪) ૪ A ૫ × ૬ ૨ ૩	૧૧) A ૨ ૪ × ૫ ૩ ૬
૫) ૪ A ૫ ૨ ૬ × ૩	૧૨) A ૨ ૪ ૩ ૫ × ૬
૬) ૪ A ૫ ૨ ૬ ૩ ×	૧૩) A ૨ ૪ ૩ × ૫ ૬
૭) ૪ A ૫ ૨ × ૩ ૬	૧૪) A ૨ × ૩ ૪ ૫ ૬
૮) ૪ A × ૨ ૫ ૩ ૬	૧૫) A ૨ ૩ × ૪ ૫ ૬

(૨) કાળીનો દસ્સો અને કુલ્લીની તીરી.

(૩) અહીં ઉત્તરમાં પાનાંની ભાત માટેની સંજ્ઞાઓના બદલે જે તે ભાતની ઓળખના અંગ્રેજી નામોના પ્રથમાક્ષરો આપ્યા છે તે પ્રમાણે D=♦, C=♣, S=♠ અને H=♥ છે. સોળ પાનાં માટેની આ ગોઠવણીમાં ચાર ઊભી ને ચાર આડી હાર થાય, જેમાંની પહેલી આડી હાર તો આપેલી જ છે. બાકીની ત્રણ ગોઠવતાં નીચે પ્રમાણે પાનાં આવશે. J એટલે ગુલામ, Q=રાણી, K=બાદશાહ અને A=એક્કો એ તો તમે જાણતા જ હશો.

J–D	A–C	Q–S	K–H
Q–H	K–S	J–C	A–D
K–C	Q–D	A–H	J–S
A–S	J–H	K–D	Q–C

(૪) બંને પ્રકારની ગોઠવણીમાં કુલ ૫૪ ઇંટો જોઇએ.

સાહિત્યસંપર્ક

ગ્રંથની ગરબડ

નરસિંહ મહેતાની પંક્તિ છે: 'ગ્રંથ ગરબડ કરી, વાત ન કરી ખરી'; પણ વિનોદ ભટ્ટે તો અહીં 'ગ્રંથ'માં ગરબડ કરી છે અને વાત ખરી કરી છે. નરસિંહને અભિપ્રેત અધ્યાત્મ છે, વિનોદ ભટ્ટને અભિપ્રેત છે આધિભૌતિક.

વિનોદ ભટ્ટ હાસ્યરસના આપણા નવીન લેખકોમાં પ્રતિભાવંત અને પ્રયોગશીલ સર્જક છે. નવુંનવું કરવાની એમની સતત ઝંખના હોય છે, અને એ રીતે એ નિજને અને નિજ સર્જનને જીવંત રાખતા રહ્યા છે. હાસ્યરસની નિષ્પત્તિ માટે વિવિધ તરકીબો અને એના વિભાવ માટે વિવિધ વિષયો એ અજમાવતા અને શોધતા રહ્યા છે. એમનાં લખાણોની તાજપનું કદાચ આ જ મોટું રહસ્ય છે.

'ગ્રંથની ગરબડ' નામક પુસ્તકમાં એમણે સાહિત્યના અને સાહિત્ય સંસારના સ્થૂળ-સૂક્ષ્મ પ્રસંગો-પ્રશ્નોને આગવી રીતે આલેખ્યા છે. કુલ ૨૫ લઘુ નિબંધોનો આ સંગ્રહ પ્રવર્તમાન સાહિત્યિક આબોહવાની એમને લાધેલી અને એમણે લીધેલી ખબરના ખહુધા અતિશયોક્તિભર્યા વક્રદર્શનથી આસ્વાદ્ય અને આવકાર્ય બની રહે છે. આજનો સર્જક, આજનો વિવેચક, આજનું સર્જન, આજનું વિવેચન, આજની સાહિત્યિક સમસ્યાઓ, આજના સાહિત્યકારની સાહિત્યેતર એષણાઓ વગેરેને અહીં હાસ્યના વાઘા પહેરાવીને નિબંધકારે રજૂ કર્યાં છે, અને એ કલમનો કસબ જોતાં લાગે છે કે નિબંધકાર એમાં સારું ઠર્યા છે. જો કે હાસ્ય નિષ્પન્ન કરવા માટે વ્યંગનો અને એ માટે ય ખાસ તો અતિશયોક્તિનો અહીં આશ્રય લેવાયો છે, ત્યારે હકીકતોને ક્યારેક વિપરીતતામાં પલટી નાખવાનું બન્યું છે ત્યાં એ નિષ્પન્ન હાસ્ય નિરામય રહેતું નથી. હાસ્યકાર ભલે વિડંબના કે તથ્યોને ઠરડવા-મરડવાનો ઉપક્રમ કરે, કરી શકે જ, પરન્તુ ત્યારે ય એ વાતનું તો ધ્યાન રાખવાનું જ હોય છે કે હકીકત ક્યારેક અવળી તો નથી બની જતી ને! અવળવાણીમાં આમ બને છે, પણ ત્યાં હકીકતો વ્યક્તિલક્ષી નહિ, વ્યક્તિમુક્ત અને સર્વસામાન્યપણે પરિસ્થિતિલક્ષી હોય છે.

આ સંગ્રહના નિબંધો એકંદરે સુવાચ્ય અને સંતર્પક બની આવ્યા છે. 'પ્રસ્તાવનાકારનો ધર્મ' 'વર્ડ-બૅંક રૉબરી', 'પુસ્તકાલય વિશે', 'એક ઍબ્સર્ડ વાર્તા – વિવેચન સાથે', 'શીલ અને સાહિત્ય', 'કલમવીર', 'મારો પ્રિય લેખક', 'પ્રેરણાકી એસીતૈસી' આ દૃષ્ટિએ સફળ રચનાઓ છે. વિનોદ ભટ્ટે અહીં ઠઠ્ઠાચિત્ર, પ્રતિસર્જન (પૅરડિ), આદિ પ્રકારોનો અને અતિશયોક્તિ અને વક્રોક્તિની તરકીબોનો સમુચિત અને સફળ ઉપયોગ કર્યો છે. જ્યારે વ્યક્તિ કે સમાજની, પરિસ્થિતિ કે પરિબળોની કથળેલી સ્થિતિ વિશે સીધેસીધું કંઈ પણ કહેવું બુઠ્ઠું બની જતું હોય છે ત્યારે વ્યંગનો જ એકમાત્ર આશ્રય કામિયાબ નીવડતો હોય છે. વિનોદ ભટ્ટ આપણા આવા સબૂઝ અને સંવેદનશીલ વ્યંગકાર છે, અને એમનું આ પુસ્તક એનું સુફળ છે.

(પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧, ક્રા. પૂ., પૃ. ૧૩૫, રૂ. ૧૩–૫૦.)

શૂળીએ લટકતું સત્ય : આજે જ્યારે વિશ્વ સંકોચ પામી રહ્યું છે ત્યારે સાહિત્યમાં અનુવાદની પ્રવૃત્તિ અતિ આવકાર્ય પ્રવૃત્તિ છે. આ પુસ્તકમાં જયંત રેલવાણીએ સિંધી ભાષામાં સર્જન કરી રહેલા મહત્ત્વના કવિઓની રચનાઓનો ગુજરાતી અનુવાદ આપ્યો છે, જેના દ્વારા સિંધી ભાષામાં આજની કવિતાની ગતિવિધિનો અમુક ખયાલ આવે તેમ છે.

અહીં કુલ ૨૬ કવિઓની એકાધિક રચનાઓના ગદ્યાનુવાદ પ્રસ્તુત કરાયા છે. ગોવર્ધન ભારતીની 'કટુ ધુમાડો ને એકલતા', નારાયણ શ્યામની 'મુક્તિ જીવનથી', હરિ દરિયાણીની 'નસબંધી', બ્રિજમોહનની 'ધર્મભાર', કૃષ્ણલાલ બજાજની 'આપણે', જયંત રેલવાણીની 'કૉમ્પ્યૂટર' આદિ રચનાઓમાં આધુનિક માનવીય સંવેદન અસરકારક રીતે નિરૂપાયેલું અનુભવાય છે. આ રચનાઓ વાંચતા એક વાતની પ્રતીતિ થયા વગર રહેશે નહિ કે ભિન્નભિન્ન ભાષાના આજના સર્જકો ભાષા-અંતરે એક જ વાત જાણે લખી રહ્યા છે! સર્વત્ર વ્યાપી વળેલી સર્વસામાન્ય સંવેદનાનું પણ આ પરિણામ હોઈ શકે, કે પછી ફૅશન-પરસ્તીનું પરિણામ હોઈ શકે, પણ રચના કેટલી સિદ્ધ થઈ છે તેના પર જ એની મૌલિકતાનો અને સચ્ચાઈનો મદાર છે. આવી કેટલીક સિદ્ધ રચનાઓ અહીં આસ્વાદવા મળે છે. જો કે મોટા ભાગની રચનાઓ જાણે વધુ બોલકાપણામાં રાચતી હોય તેવું લાગે છે. વેદનાયુક્ત કટાક્ષ એ અહીંની ઘણી બધી રચનાઓની રીતિ છે.

સંપાદક અને અનુવાદક જયંત રેલવાણીએ ગ્રંથને આરંભે બાર પૃષ્ઠોનો સાંપ્રત યુગચેતનાના સંદર્ભમાં 'આજની સિંધી કવિતા' નામક જે અભ્યાસલેખ આપ્યો છે તે ગુજરાતી વાચકોને માટે સિંધી કાવ્યવિશ્વમાં ડોકિયું કરાવી રહે છે. આ લેખ આ ગ્રંથની ઉપયોગિતામાં વધારો કરે છે. અનુવાદની ગુજરાતી ભાષા હજુ વધુ મઠારાઈ હોત તો સારું એમ પણ કહેવાનું પ્રાપ્ત થાય છે. જોડણીના પણ અનેક દોષો છે તે તો નિવારવા જ જોઈતા હતા. આ બધું છતાંય આ અનુવાદનું પુસ્તક આવકાર્ય તો છે જ.

(પ્રાપ્તિસ્થાન : શ્રેયસ પ્રકાશન, દૃષ્ટિ કાર્યાલય, કવિ નાનાલાલ માર્ગ, રાજકોટ-૧, કાચું પૂઠું, પૃ. ૯૪, રૂ. ૫–૮૦)

ગઝલની આસપાસ : છેલ્લાં પાંચ-સાત વર્ષો દરમિયાન ગઝલનું સર્જન વિપુલ બન્યું છે. અનેક નામી-અનામી કલમોએ આ સ્વરૂપની વિવિધ શક્યતાઓને ઉપસાવવાના સક્રિય પ્રયત્નો કર્યા છે. આ તબક્કે ગઝલના

(અનુસંધાન પૃષ્ઠ ૧૬૧)

ધયોપુતો

આપણે ત્યાં ગામડામાં આજે પણ જેને કંઈ સંતાન – પુત્ર કે પુત્રી – ન હોય તેને માટે 'તેને કંઇ ધયોપુતો નથી' એમ કહેવાય છે. આમાં 'ધયો' એટલે દીકરી, પુત્રી; ધી એટલે દીકરી. હિન્દીમાં 'ધી' (જુઓ 'નાલંદા વિશાલ શબ્દ-સાગર' પૃ. ૬૪૭) અને જૂની રાજસ્થાનીમાં 'ધીય' કે 'ધીયડી' વપરાય છે. જૂની ગુજરાતીમાં 'ધૂઅ' અને 'ધૂ' જેવાં રૂપ પણ મળે છે. આચાર્ય હેમચન્દ્રે તેમના 'દેશી શબ્દસંગ્રહ'ની ૪૫૯મી ગાથાની નીચે આ પ્રમાણે નોંધ્યું છે : 'અત્ર ધૂયા દુહિતા ઇતિદુહિતૃ શબ્દ ભવત્વાન્નોક્તમ્' અર્થાત્ 'ધૂયા' એટલે દીકરી. આ 'ધૂયા' શબ્દને સંસ્કૃત 'દુહિતૃ' પરથી લાવવાનો હોઇ અહીં લખ્યો નથી. અર્થાત્ તેનું મૂળ શોધવાનો પ્રયત્ન સંસ્કૃતમાંથી થયો છે. ડૉ. ભોગીલાલ સાંડેસરા પણ આ રીતે તેની વ્યુત્પત્તિ દર્શાવે છે : પ્રાકૃત ધુઆ, ધુયા સં. દુહિતા; તો પ્રસિદ્ધ સંશોધક પિશલ પ્રાકૃત રૂપ 'દુધા' – 'ધુક્તા' ઉપરથી તે વ્યુત્પન્ન થયાનું સૂચવે છે. કચ્છીમાં પણ 'ધી' એટલે દીકરી અર્થ થાય છે. 'પુતો' શબ્દ તો સં. 'પુત્ર'માંથી જ ઊતરી આવ્યાનું સ્પષ્ટ છે. હા, તે અપભ્રંશ કે દેશ્ય તરીકે 'પુત' સ્વરૂપે પ્રયોજાયેલ છે ખરો, પણ તેના મૂળમાં યે સંસ્કૃત રૂપ 'પુત્ર' જ છે.

હસમુખ વ્યાસ

બ્રિજ અને શતરંજ

— સુરેશ મોદી —

આ પૂર્વે આપણે 'સ્ક્વીઝ'ની થોડી સ્થિતિઓ જોઈ. હવે આપણે થોડા 'મિનીએચર ડબલ ડમી' (Miniature Double Dummy) કોયડા જોઈશું. પહેલાં તો તેની વ્યાખ્યા જોઈ લઈએ. જે કોયડાની મૂળ સ્થિતિમાં દરેક ખેલાડીના હાથમાં પાંચથી દસ પાનાં હોય તેને મિનીએચર કહે છે. ડબલ ડમીનો અર્થ એ કે બે ખેલાડી રમતા હોય અને બંનેના સાથી dummy હોય, અને એ ડમીના હાથ ખુલ્લા હોય. આ રીતે બંને પક્ષને ચારેય હાથમાં કયાં કયાં પાનાં છે તે ખબર હોય. આથી આવા કોયડામાં કયું પાનું કોના હાથમાં હશે તે અટકળ કરવાની જરૂર રહેતી નથી. બંને પક્ષને પાનાં કેમ ગોઠવાયાં છે તે ખબર હોય છે અને તે પોતાના પક્ષને માટે ઉત્તમ રીતે રમે છે.

આ વખતે જે કોયડો આપણે જોઈએ છીએ તે Hugh Darwen-નો રચેલો છે.

	♠ — ♥ K J 7 4 3 ♦ 5 ♣ K	
♠ J ♥ 10 8 5 ♦ 7 ♣ Q 7	ઉ પ઼ — પૂ દ	♠ Q ♥ Q 9 6 ♦ J ♣ 10 6
	♠ A 7 ♥ A 2 ♦ K ♣ J 8	

હુકમ : ચોકટ

કોયડો : દક્ષિણે ઊતરવાનું ને ઉત્તર-દક્ષિણે સાતેસાત હાથ કરવાના.

પાનાંની સ્થિતિ જોતાં ઉત્તર-દક્ષિણના છ હાથ દેખાય છે—બે કાળીમાં, બે લાલમાં, એક ચોકટમાં અને એક ફુલ્લીમાં. જો ફુલ્લીનું પાનું ઉત્તરના હાથમાં કાપી શકાય તો કોયડો બહુ સહેલાઈથી ઉકલી જાય તેમ લાગે છે. તે શકય છે કે કેમ તે પહેલાં તપાસીએ.

ફુલ્લીના રાજાનો હાથ લઈ, દક્ષિણને લાલના એકાથી ઉતર આપી, ફુલ્લી કાપી, લાલના રાજાનો હાથ લઈ લે ત્યારે ઉ. દ.ના ચાર હાથ થાય. હવે દક્ષિણની ઉતર હોય તો તે બાકીના ત્રણેય હાથ લઈ શકે તેમ છે, પણ ઉત્તરની ઉતર હોવાથી એક હાથ ગુમાવવો પડે તેમ છે.


સાતમો હાથ મેળવવા માટે બે શકય પાનાં છે: લાલ અને ફુલ્લીના ગુલામ, જે સદ્‌ભાગ્યે જુદા હાથમાં છે. પણ તેનો હાથ થતો રોકનાર બને રાણી પણ વિરોધ પક્ષના જુદાજુદા ખેલાડી પાસે હોવાથી સ્ક્વીઝ અસરકારક ન થાય. તો આનો ઉપાય શો? તે માટે આપણે ઉકેલ જોઈએ.

દક્ષિણ પહેલી ચાલે કાળીના એકાનો હાથ લે અને તેના ઉપર ઉત્તરનો ફુલ્લીનો રાજા ફેંકી દે છે. હવે તે ફુલ્લીનો ગુલામ રમે છે. તેના પર પશ્ચિમે રાણી રમવી જ રહી. (નહીંતો દક્ષિણ ગુલામનો હાથ લઈને બીજી ફુલ્લી ઉત્તરના હાથમાં કાપી, લાલના એક્કાથી દક્ષિણને ઉતર આપી, હુકમ પડાવી, કાળીના સતાનો હાથ લઈને છેલ્લે લાલના રાજાનો હાથ કરીને સાત હાથ પૂરા કરે). ઉત્તર ફુલ્લી કાપી લાલના એક્કાથી દક્ષિણ હાથમાં ઉતર લઈ, હુકમ કાઢીને કાળીના સતાનો હાથ લે. કાળીના સતા પર શું ફેંકવું તે પ્રશ્ન પૂર્વને મૂંઝવે છે. તે લાલ ફેંકે તો ઉત્તરના રાજા અને ગુલામના હાથ થાય અને ફુલ્લી ફેંકે તો દક્ષિણનો અઠ્ઠો વધારાનો હાથ મેળવી જાય.

ફુલ્લીના ગુલામ-રાણી જતાં ફુલ્લીનો વધારાનો હાથ લેતાં દક્ષિણને અટકાવવાનું કામ પણ પૂર્વ પર આવી પડયું, તેથી આ સ્ક્વીઝ જે પહેલાં અશકય હતી તે હવે શકય બની. પહેલી ચાલે જેનો હાથ નક્કી હતો તેવું પાનું ફેંકી એક હાથનો ભોગ આપતી આશ્ચર્યકારક યુક્તિ છેવટે બે હાથ વધુ મેળવવામાં ઉપયોગી થાય છે. □

આ વખતે આપણે ભારતની શતરંજ સામ્રાજ્ઞી રોહિણી ખાડિલકરની ૧૯૮૨ના સપ્ટેમ્બર–ઑક્ટોબરમાં Tblisi ખાતે આંતરક્ષેત્રીય ટુર્નામેન્ટમાં રમાયેલી એક રમતમાંનું કૉમ્બિનેશન જોઈશું.

D. Savereide (USA)



R. Khadilkar (India)

અહીં કાળાની છેલ્લી ચાલ 26 ..., Q(QR2)-Q5? હતી. હવે સફેદ 27 B×Pથી કાળાનું KNP જીતી શકે તેમ હતું. જવાબમાં કાળો 27 ..., P×B ન રમી શકે, કારણ 28 Q-R7ch, K-B1; 29 N×KPch થી સફેદ ઘોડાના બદલામાં વજીર મેળવે. જો કાળો 27 ..., Q×BP; રમે તો પણ 28 Q-R7ch, R-B1; 29 N×KPch; P×N; 30 R-KB1થી સફેદ જીતી શકત. 26 ..., Q-Q5? કાળો હાથી બોર્ડની વચ્ચે લગભગ કેદ છે તેનો લાભ લઈ રમુજી રીતે જીતે છે:

27 B-R2, Q×BP; હાથીને જવા માટે ફક્ત એક જ જગ્યા છે. QB4 પણ તે પછી 28 N-N3! વજીર પર બેવડો હુમલો કરીને ઘોડાના બદલામાં હાથી જીતે છે.

28 Q-R7ch, K-B1; 29 N×KPch, P×N; 30 R-KB1, R-Q5; 31 R×Qch, R×R; 32 Q×R6ch અને હવે હાથી જીતતાં સફેદ પાસે ઘોડાના બદલામાં વજીર રહે છે. માટે 32 ..., Resigns.

પંદર ખેલાડીની આંતરક્ષેત્રીય ટુર્નામેન્ટમાં રોહિણીનો ૧૩મો ક્રમાંક આવ્યો હતો. તેમણે બે જ રમતમાં જીત મેળવી હતી. તેમાંની આ એક છે. □

ત્રણ સવાલ

(બાળવાર્તા)



કેટલાંક વર્ષો પહેલાંની વાત છે. એક રાજા હતો. એ બહુ શક્તિશાળી હતો, અને એટલો જ એ મિજાજી પણ હતો. વાતવાતમાં એ ગુસ્સે થઈ જતો, અને ગુસ્સે થાય ત્યારે બહુ આકરી સજા ફરમાવતો. આથી લોકોને એની એટલી બધી બીક લાગતી કે રાજા નારાજ થાય તેવું કંઈ બોલતાં યે તેઓ ગભરાતા. એક વાર તેનો એક મંત્રી તેની સાથે દલીલમાં ઊતર્યો. આથી રાજા એના પર ગુસ્સે થયો. એણે તો મંત્રીને ફરમાવ્યું કે, 'તમને હું ત્રણ અઠવાડિયાંની મુદ્દત આપું છું. ત્યાં સુધીમાં તમારે મારા ત્રણ સવાલોના જવાબ શોધી આપવાના છે. જો ત્યાં સુધીમાં તમે જવાબ નહિ આપો તો તમને ફાંસીએ ચડાવવામાં આવશે. અને જ્યાં સુધી તમે જવાબ શોધી ન લાવો ત્યાં સુધી હું તમારું મોં જોવા માગતો નથી.' પછી તેણે મંત્રીને પોતાના ત્રણ સવાલો કહ્યા. 'એક તો એ કે, હું કેટલા સમય સુધી જીવીશ? બીજો સવાલ એ કે, આખી દુનિયાની પ્રદક્ષિણા કરતાં મને કેટલો સમય લાગશે? અને ત્રીજો સવાલ એ કે હું મારા મનમાં શું ધારતો હોઈશ?'

આ ત્રણે સવાલ કંઈ સહેલા નથી એ તો તમેય સમજી શકશો. બિચારો મંત્રી તો બહુ ગભરાઈ ગયો. હવે શું કરવું તેની કંઈ ગતાગમ તેને પડી નહિ. બહુબહુ વિચાર કર્યો, પણ મંત્રીને ત્રણમાંથી એકેય સવાલનો જવાબ સૂઝ્યો નહિ. અંતે એણે ગામમાં જેટલા ડાહ્યા માણસો હતા તેમની સલાહ લેવાનું વિચાર્યું. મંત્રીએ એ બધાને રાજાના ત્રણ સવાલો કહ્યા અને તેના જવાબ આપવા વિનતિ કરી. પણ રાજાના સવાલોના જવાબ એ બધા ડાહ્યા માણસોને પણ સૂઝ્યા નહિ. ગામના ડાહ્યા અને પંડિત માણસો પણ જવાબ આપી શક્યા નહિ એટલે નિરાશ થઈને મંત્રી રખડતો-આથડતો થાકીને પોતાના ઘર તરફ પાછો ફર્યો. રાજાના સવાલોના જવાબ પોતે હવે આપી શકશે નહિ, એટલે રાજા એને જરૂર ફાંસીએ ચડાવશે એવા વિચારથી એ દુઃખી થતો આવતો હતો, ત્યાં માર્ગમાં એને એક ભરવાડ મળ્યો. મંત્રીનો ચહેરો જોઈ ભરવાડે એને પૂછ્યું, 'કેમ ભાઈ, તમે તો કોઈ મોટા માણસ લાગો છો. છતાં આમ દુઃખી કેમ દેખાઓ છો?'

મંત્રીએ તેને બધી વાત કરી અને રાજાના પૂછેલા ત્રણ સવાલો પણ કહ્યા.

આ સાંભળી ભરવાડ થોડી વાર વિચારમાં પડી ગયો. દુઃખી મંત્રી સામે એ થોડી વાર જોઈ જ રહ્યો. પછી કહે, 'ડાહ્યા ગણાતા અને ભણેલાગણેલા પંડિતોને યે કંઈ ન સૂઝે ત્યારે ક્યારેક અમારા જેવા અભણ ગામડિયાને કંઈક સૂઝી આવે. કદાચ મને કંઈક સૂઝી આવશે. જુઓ, તમારો અને મારો ચહેરો લગભગ એકસરખો જ લાગે છે. તમે મને તમારો વેષ પહેરીને રાજા પાસે જવા દો. કદાચ રાજા મને ઓળખી નહિ શકે. તમારા બદલે હું એની સાથે વાત કરી જોઉં.'

ભરવાડની વાતમાં મંત્રીને બહુ વિશ્વાસ બેઠો નહિ. મોટામોટા પંડિતો પણ રાજાના સવાલના જવાબ આપી શક્યા નહિ, તે આ અભણ ભરવાડને ક્યાંથી આવડે? અને રાજા એટલે તો રાજા. એક તો એ મારા પર ગુસ્સે થએલો જ છે, ને તેમાં વળી હું આ ભરવાડને એની પાસે મોકલું અને એ આને ઓળખી જાય, અથવા ભરવાડના જવાબો ખોટા પડે તો મારી સાથે એનેય બિચારાને ફાંસીએ ચડાવી દે. આથી કંઈ મારે ખાતર ભરવાડને મરવા દેવાય નહિ. આમ વિચારી મંત્રીએ કહ્યું, 'તેં મારા દુઃખ બદલ દયા બતાવી એથી મને બહુ સારું લાગે છે, પણ મારાથી તને મરવા ન દેવાય. રાજા બહુ મિજાજી છે. જો તું

એના સવાલના જવાબ ન આપી શકે, અથવા રાજા તને ઓળખી જાય તો મારી સાથે તને પણ ફાંસીએ ચડાવી દે. માટે મને જ મારું ફોડી લેવા દે. હજી ત્રણ અઠવાડિયાં પૂરાં થવામાં થોડા દિવસો બાકી છે. ત્યાં સુધીમાં કદાચ કંઈ જવાબ મળી યે જાય.'

આ સાંભળી ભરવાડે કહ્યું, 'ભલે, તમારી ઇચ્છા. તમે વિચારી જુઓ. પણ છતાંય કંઈ ન સૂઝે તો મને મળજો. હું તો રોજ અહીં બકરાં ચરાવવા આવું છું.'

પછી મંત્રી પોતાને ઘેર ગયો. ખૂબખૂબ વિચાર કર્યા, પણ રાજાના સવાલના જવાબ મળ્યા નહિ. અંતે ત્રણ અઠવાડિયાં યે પૂરાં થયાં. રાજા પાસે જવાનો દિવસ આવી ગયો. આખરે કંઈ ન સૂઝતાં મંત્રી ફરી પેલા ભરવાડને મળવા ગયો અને કહ્યું :

'ભાઈ, મને તો રાજાના સવાલોના જવાબ મળ્યા નહિ. તેં કહ્યું હતું તે પ્રમાણે હવે તો તું જ મારા બદલે રાજાને મળી જો.'

પછી ભરવાડે તો મંત્રીનો પોશાક ચડાવ્યો. અસલ મંત્રી જ જોઈ લો. કોઈને ખબર ન પડે કે આ મંત્રી નથી અને ભરવાડ છે.

આમ, મંત્રીના વેષમાં ભરવાડ રાજા પાસે ગયો. રાજાએ ભરવાડને જ મંત્રી સમજી લીધો. કહે, 'તમે બરાબર વખતસર આવી ગયા એ સારું કર્યું. હવે જો મારા સવાલોના જવાબ લાવ્યા હો તો કહી દો, અને નહિતર આવતી કાલે સવારે ફાંસીએ ચડવા માટે તૈયાર થઈ જાઓ.'

આ સાંભળી મંત્રીના વેષમાં ભરવાડ બોલ્યો, 'મહારાજ, તમારા પહેલા સવાલનો જવાબ એ છે કે, તમે તમારું મોત આવશે ત્યાં સુધી જ જીવતા રહેશો. એનાથી એક દિવસ કે એક કલાક પણ વધુ નહિ જીવી શકો, તેમજ તેનાથી ઓછું યે નહિ. તમારો છેલ્લો શ્વાસ લેશો ત્યારે તમારું મોત થશે અને એથી એક પળ પણ વહેલા કે મોડા મરશો નહિ.'

'હં, આ જવાબ ઠીક છે.' રાજાએ કહ્યું, 'હવે બીજો સવાલ. બોલો, આખી દુનિયાને ફરતાં મને કેટલો સમય લાગશે ?'

'મહારાજ, જો તમે સવારે સૂરજ ઊગે ત્યારે જાગી જઈને ઘોડે ચડી સૂર્યની સાથે ને સાથે જ ચાલતા રહો તો બીજા દિવસે સવારે સૂરજ પાછો અહીં ઊગે ત્યાં સુધીમાં તમે પણ આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરીને પાછા આવી જશો.'

'વાહ, આ જવાબ પણ બરાબર છે.' રાજા ખુશ થતાં બોલ્યો, અને પછી કહે, 'હવે ત્રીજો સવાલ. એ જ ખરો અઘરો સવાલ છે. તેનો યે જવાબ આપી શકો તો ખરા. બોલો, મારા મનમાં હું શું ધારું છું ?'

'આ સવાલ તો પહેલા બે કરતાં યે સહેલો છે.' ભરવાડે કહ્યું, 'અત્યારે તમે એમ ધારો છો કે હું તમારો મંત્રી તમને જવાબો આપી રહ્યો છું. પણ ખરેખર તો હું એક અભણ ભરવાડ છું, અને તમારા મંત્રીના વેષમાં તમારા સવાલોના જવાબ આપીને પછી એ બિચારા મંત્રીને માફ કરવાની વિનતિ કરવા આવ્યો છું.'

આમ કહીને ભરવાડે મંત્રીનો પોશાક ઉતારી નાખ્યો અને પોતાના અસલ વેષમાં રાજા સામે હાથ જોડીને ઊભો રહ્યો.

પણ પોતાના સવાલોના જવાબો સાંભળીને રાજાનો ગુસ્સો ઊતરી ગયો હતો. મોટા પંડિતોને પણ ન આવડે એવા જવાબ આ ભરવાડે આપ્યા હતા. અને વળી, મંત્રીને પણ બચાવી લેવાની એણે જે ચતુરાઈ બતાવી હતી એથી રાજા બહુ ખુશ થયો હતો. એણે ભરવાડને સોનામહોરો ઇનામમાં આપી અને એના કહેવા પ્રમાણે મંત્રીને પણ માફી આપી. પછી દરબારમાં હાજર રહેલા બધા પંડિતોને કહ્યું કે, 'મને ખબર છે કે પેલા મંત્રી મારા સવાલો-ના જવાબો માટે તમને બધાને પણ મળ્યા હતા. પણ તમે કોઈ તે જવાબો આપી શક્યા નથી. જ્યારે આ અભણ ભરવાડ એ જવાબો આપી શક્યો છે. એકલાં થોથાં વાંચવાથી જ બુદ્ધિ ખીલતી નથી એ તમારે સૌએ સમજવું જોઈએ.' □

---

૧. આ વાર્તા તમે વાંચી લીધી. હવે નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો આપવા પ્રયત્ન કરો :

(૧) રાજા મંત્રી પર શા માટે ગુસ્સે થયો અને તેને શી સજા કરી ?
(૨) પોતાનો જીવ બચાવવા મંત્રીએ શા પ્રયત્નો કર્યા, અને તેનું શું પરિણામ આવ્યું ?
(૩) મંત્રીને સહાય કરવા ભરવાડે શો ઉપાય સૂચવ્યો ? (૪) ભરવાડ વિષે મંત્રીએ શું વિચાર્યું ?
(૫) રાજાને મન સૌથી વધુ અઘરો સવાલ કયો હતો ?

૨. નીચે કેટલાંક આડાઅવળાં નામનાં જૂથ આપ્યાં છે. કદ પ્રમાણે તે નામોને અનુક્રમે લખો. દા. ત. પહાડ, પથ્થર, ટેકરો, ખડક.. આ નામોને કદ પ્રમાણે અનુક્રમે ગોઠવતાં—'પથ્થર, ખડક, ટેકરો, પહાડ' એમ આવે. હવે આવી જ રીતે નીચે આપેલાં નામોને ચઢતા ક્રમમાં લખો— (૧) તરબૂચ, બોર, પપૈયું, લીંબુ, સક્કરટેટી. (૨) ગેંડો, હાથી, ઘેટું, સિંહ, સસલું.
(૩) વાંદો, માખી, કીડી, માંકડ, મંકોડો. (૪) હોજ, સમુદ્ર, ખાબોચિયું, સરોવર, તળાવ.

૩. નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો. ખરા વાક્ય પાસે ✓ અને ખોટા પાસે × કરવી.

(૧) પંદર ઑગસ્ટ એ ભારતનો પ્રજાસત્તાકદિન છે. (૨) કોલસાની ખાણમાં કામ કરતા માણસ 'ખાણિયા' કહેવાય છે.
(૩) વ્હેલ એ સમુદ્રમાં થતી મોટામાં મોટી માછલી છે. (૪) કર્કવૃત્ત વિષુવવૃત્તની ઉત્તરે આવેલું છે.
(૫) અમદાવાદ ગુજરાતનું પાટનગર છે.

[આ છેલ્લા સવાલના જવાબ નીચે ઊંધા છાપ્યા છે.]

(૧) ખોટું વાક્ય. ૧૫ ઑગસ્ટ એ ભારતનો સ્વાતંત્ર્યદિન છે. (૨) ખરું વાક્ય. (૩) ખોટું વાક્ય. વ્હેલ એ માછલી નથી. (૪) ખરું વાક્ય. (૫) ખોટું વાક્ય. ગુજરાતનું પાટનગર ગાંધીનગર છે.

ઇતિહાસ-ધારા

અશોક હર્ષ

મુગલ સમ્રાટ ઔરંગઝેબ મરાઠી સત્તાને ડામવા અને દક્ષિણ પર આધિપત્ય સ્થાપવા ઈ. ૧૬૮૧માં અજમેર છોડી દક્ષિણમાં ઊતરી પડ્યો, પરંતુ ત્યાંથી દિલ્હી પાછો ફરી જ ન શક્યો. સત્યાવીસ વર્ષ સુધી એ મરાઠાઓ સામે ઝૂઝતો રહી છેવટે સાવ ગલિતગાત્ર બની ગયો હતો. એની સેનાના જુવાન સિપાઇઓને પળિયાં આવી ગયાં હતાં. મરાઠાઓએ તેને ધોળા દિવસે તારા બતાવી દીધા, છતાં તેણે પોતાની જિદ્દ ન છોડી તે ન જ છોડી.

તદ્દન ક્ષીણબલ બની ગયા છતાં આ જિદ્દી સમ્રાટની જિજીવિષા કેટલી પ્રબળ હતી તેનો આ એક જ દાખલો પૂરતો છે. તેના શાહજાદા કામબક્ષને ત્યાં પુત્રજન્મ થતાં તેણે ઔરંગઝેબને તેનું નામ અને ખિતાબ નક્કી કરવાનું જણાવતાં ઔરંગઝેબે તેને જવાબ આપેલો. 'તારા આ પુત્રનું નામ તું જ નક્કી કર, એને ત્યાં જે પુત્ર જન્મશે તેનું નામ હું નક્કી કરીશ.' અને એ વખતે ઔરંગઝેબની ઉંમર હતી ૮૫ વરસ!

છેવટે દક્ષિણમાં જ એ મૃત્યુ પામ્યો. મૃત્યુ બાદ એના તકિયા નીચેથી એનો લખેલો કાગળ મળી આવેલો જેમાં તેણે લખેલું : 'હું જે ટોપીઓ સીવતો આવ્યો છું તેના વેચાણના ચાર રૂપિયા બે આના અલીબેગ મહલદાર પાસે છે, જે તેની પાસેથી લઇને મારું કફન ખરીદવામાં આવે. કુરાને શરીફની નકલો ઉતારવાની મને મળતી રહેલી રકમમાંથી રૂપિયા ૩૦૫ મારા બટવામાં છે, જે મારા મૃત્યુબાદ મોહતાજોમાં વહેંચી દેવામાં આવે. મારા જનાજાને સફેદ ગજીના કાપડ વડે ઢાંકવામાં આવે, એ પર કોઈ છત્તર ન ધરે, ન વાજાં વગાડવામાં આવે કે ન ફાતિહા પઢવાની રસમ અદા કરવામાં આવે.' ઔરંગઝેબના અંગત જીવનનું આ પણ એક પાસું હતું.

અકબરે તેના દરબારનાં નવ રત્નોમાંના એક રાજા બીરબલને પઠાણો સાથે લડવા મોકલી આપ્યો. અટક પાસે થયેલા યુદ્ધમાં બીરબલ માર્યો ગયો, પણ એ સમાચાર અકબરને શી રીતે પહોંચાડવા? છેવટે એક દરબારીએ એ સમાચાર અકબરને પહોંચાડવાનું માથે લીધું. અને તે દરબાર ભરીને બેઠો હતો ત્યાં આવીને કહ્યું —

'કટક અટક મેં અટકિ રહિ, અટક ન આયો હાથ,
અબ શોભા દરબાર કી ગઈ બીરબલ સાથ.'

અકબર આ સાંભળી સ્તબ્ધ બની ગયો. બીરબલના મોતનો અસહ્ય આઘાત માંડમાંડ જીરવી નિસાસો નાખતો તે બોલ્યો—

'પીથલ સૂં મજલિસ ગઈ, તાનસેન સૂં રાગ,
રીઝ હંસી ને ખેલબો ગયો બીરબલ સાથ.'

૧૮૫૭ના સ્વાતંત્ર્યવિપ્લવમાં અંગ્રેજ સૈન્યને ઠેરઠેર પરાજય આપનાર રાજા કુંવરસિંહ સામે અંગ્રેજ સરકારે કૅપ્ટન લુગર્ડની સરદારી નીચે જબરી ફોજ મોકલી આપી. આવડી મોટી ફોજ સામે આંધળિયાં કરવાને બદલે કુંવરસિંહે ગાઝીપુર નજીક સિફતપૂર્વક પોતાની ફોજ ગંગાને સામે કાંઠે ઉતારી દીધી. સૌથી છેલ્લે પોતે એક નાવમાં નદી પાર કરવા જતો હતો ત્યાં એક અંગ્રેજ સૈનિકે છોડેલી ગોળીએ તેનો જમણો હાથ વીંધી નાખ્યો.

રાજા કુંવરસિંહને એ જખમથી જેટલી પીડા ઊપજી એથી અનેકગણી પીડા તો એક અંગ્રેજના હાથે પોતે જખમી થયા બદલ ઊપજી, અને તરત પોતાની ધારદાર તલવાર ખેંચી એ જખમી હાથને ખભામાંથી વધેરી નાખી ગંગાર્પણ કરતો તે બોલ્યો, 'હે ગંગામૈયા, દુષ્ટ અંગ્રેજની ગોળીએ આ હાથને વટાળ્યો પછી હવે મને તે શા ખપનો?'

અને ત્યાર પછી પણ એક હાથે અંગ્રેજોનો પરાભવ કરતા રહી તેણે પોતાની રાજધાની જગદીશપુર હાથ કરી ને તેમાં ગૌરવપૂર્વક પુનઃ પ્રવેશ કર્યો હતો.

ઈ. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય વિપ્લવની આગની ચિનગારીઓ દક્ષિણમાં ફેલાઈ હતી. ત્યાં ગુલબર્ગ જિલ્લામાં આવેલા સુરાપુરનો રાજા વેંકટપ્પા નાઈક દક્ષિણનાં જુદાંજુદાં રજવાડાંનો સાથ લઈ અંગ્રેજો સામે મોરચો માંડવાની તૈયારીમાં હતો. વિપ્લવના નેતા નાનાસાહેબ સાથે તેનો પત્રવ્યવહાર ચાલુ હતો. અંગ્રેજી ફોજના દેશી સિપાઇઓમાં બંડ જગવવા તેણે મહીપાલસિંહ રજપૂતને બેલગામની છાવણી પર મોકલી આપ્યો હતો અને પોતાની ફોજ માટે હૈદરાબાદમાંથી રોહિલાઓની ભરતી કરવા માંડી હતી.

તેણે ફોજમાં કરવા માંડેલી ભરતી બદલ અંગ્રેજોને શંકા તો ઊભી થયેલી, પણ તેઓ કંઈ કરે એ પહેલાં તો તેની ફોજે ૧૮૫૮ના ફેબ્રુઆરીની ૭મીએ વિંડહૅમની સરદારી નીચેની અંગ્રેજ છાવણી પર હલ્લો શરૂ કરી દીધો. અંગ્રેજો ગાફેલ ન હોઈ કુમક તૈયાર જ રાખેલી. વિંડહૅમની મદદમાં નવી કુમક આવી રહી છે જાણી વેંકટપ્પા નાઈક હૈદરાબાદ પહોંચ્યો. પણ ત્યારના હૈદરાબાદના વઝીર સાલારજંગે તેને મદદ આપવાને બદલે સીધો જ અંગ્રેજ રેસિડન્ટના હાથમાં સોંપી દીધો. આ બાજુ મહીપાલસિંહને પણ બેલગામ મુકામેથી પકડીને ઠાર કરવામાં આવ્યો હતો.

વેંકટપ્પા નાઈક સામે અદાલતમાં કેસ ચલાવી તેને આજીવન કારાવાસની સજા ફરમાવવામાં આવી. પરંતુ પાછળથી એ ફેરવીને મદ્રાસમાં ચાર વરસ સુધી નજરકેદ રાખવાનું ઠરાવવામાં આવ્યું. એ મુજબ તેને હૈદરાબાદથી મદ્રાસ લઈ જવામાં આવતો હતો ત્યાં હૈદરાબાદથી ત્રણ માઈલ પર આવેલા અંબરપેઠ ગામમાં એણે જાતે ગોળી ખાઈ આપઘાત કર્યો હતો.

અઢારમી સદી દરમિયાન પંજાબ પરના અફઘાનોના શાસનથી ત્યાંની હિંદુ-મુસલમાન પ્રજા ત્રાસી ઊઠી હતી. જાલંધર વિભાગના ખાન આદીનાબેગે આથી પેશવાને વિનંતી કરી કે તે પંજાબ પરના અફઘાનોના નિરંકુશ શાસનનો અંત આણી પંજાબને પોતાના રાજ્યમાં ભેળવી દે.

ખાન આદીનાબેગના આ નિમંત્રણ પરથી પાંચ મરાઠા સેનાપતિઓને પંજાબ મોકલવામાં આવ્યા – દત્તાજી પાટિલ, રાઘોબા, તુકોજી હોળકર, મલ્હારરાવ હોળકર તથા મીર હજારખાન. તેમની સેના તા. ૨૦મી એપ્રિલ ૧૭૫૮ની સવારે ૯ વાગ્યે લાહોર પહોંચી એ પહેલાં તો અફઘાન શાસકો અને સરદારો પંજાબ છોડી નાસી છૂટ્યા. લાહોરની પ્રજાએ મરાઠાઓનું હાર્દિક સ્વાગત કર્યું. જેમાં ખાન આદીનાબેગ પણ શામેલ હતો. રાત આખી આતશબાજી, નાચગાન અને મહેફિલોનો દોર ચાલુ રહ્યો. અફઘાનોને આ રીતે ભગાડવાનો બદલો ઈ. ૧૭૬૧માં અહમદશાહ અબ્દાલીએ પાણીપતના ત્રીજા યુદ્ધમાં મરાઠાઓને સખ્ત પરાજય આપીને લીધો.

દિલ્હીની ગાદી પર આવેલો સમ્રાટ બહાદુરશાહ ઝફર છેલ્લો મુગલ સમ્રાટ હતો. ઈ. ૧૮૩૭થી ૧૮૫૭ સુધી તેણે રાજ્ય કર્યું. ઈ. ૧૮૫૭ના વિપ્લવ પછી તેને રંગૂન દેશનિકાલ કરવામાં આવ્યો હતો. એ પહેલાં અંગ્રેજોએ તેને નામ માત્રનો સમ્રાટ રહેવા દઈ બધી સત્તા પોતાને હસ્તક લઈ લીધેલી. તે ગાદી પર હતો એ દરમિયાન એક વાર એ બહુ માંદો પડેલો. એ માંદગીમાં કદાચ એ મૃત્યુ પામે અને ગાદી માટે એના શાહજાદાઓ અંદરોઅંદર લડી મરે એ ભયે બ્રિટિશોએ લાલ કિલ્લાના પ્રવેશદ્વાર પર સૈનિકોની એક ટુકડી ગોઠવી દીધી.

વૃદ્ધ બીમાર બહાદુરશાહને આની જાણ થતાં તેણે બ્રિટિશ કમિશનરને લખી જણાવ્યું : 'સાહેબ, તમને લાગે છે કે મારું મુરદું પણ અંગ્રેજો સામે લડશે? મને શાંતિથી મોતને ભેટવા પણ નહિ મળે?'

કમિશનર આ વાંચી શરમાઈ ગયો ને તાત્કાલિક લાલ દરવાજા પરની સૈનિક ટુકડી પાછી ખેંચી લીધી.

માથું ઊંચું રાખજે, દશા ભલે હો દોહ્યલી,
મથ્યો રહેજે ઉદ્યમે, ઉષા ઊગશે ઊજળી.

—'પૂજાલાલ'—

વીએના ગએલા એક મિત્ર કોઈની રાહ જોતા રસ્તે ઊભા હતા, ત્યાં ખિસ્સામાંનો એક પત્ર વાંચતાં નકામો લાગ્યો અને તે ફાડી ટુકડા કરી ત્યાં જ ફેંકી દીધા. લાગલા જ ત્યાંના ફરજ પરના પોલીસે તેમની પાસે આવી વિનયપૂર્વક પૂછ્યું. 'પેલા કાગળના ટુકડા આપને કામના ન હોય, અને આપની રજા હોય, તો હું ઉપાડી લઉં?' આ સાંભળીને અમારા મિત્રની શરમનો પાર રહ્યો નહિ. તરત પોતાની ભૂલ માટે માફી માગી એ ટુકડા ઉપાડી લીધા, ને નજીકની કચરો નાખવાની પેટીમાં નાખી આવ્યા.

૧ થી ૯ સુધીના અંકોને સીધા તથા ઊલટા ક્રમમાં બે વખત માંડી એ ચારે રકમમાં બે ઉમેરશો એટલે સરવાળામાં બધા બેના અંક જ આવશે. જુઓ :

	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
	૯	૮	૭	૬	૫	૪	૩	૨	૧
	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
	૯	૮	૭	૬	૫	૪	૩	૨	૧
									૨
૨	૨	૨	૨	૨	૨	૨	૨	૨	૨

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન લડાઈના મોરચે સંદેશ પહોંચાડવા માટે કબૂતરોનો પણ ઉપયોગ થતો હતો. ઈ. ૧૯૩૯માં આ રીતે મેઇનથી ટેક્સાસમાં ફોર્ટ સાન હ્યુસ્ટન સુધીનું ૨૩૦૦ માઈલનું અંતર ઊડીને એક સંદેશવાહક કબૂતરે વિક્રમ સ્થાપ્યો હતો.

ભારતનાં બધાં રાજ્યોમાં કેરાલા શિક્ષણ-ક્ષેત્રે સૌથી વધુ આગળ છે, અને એ જ રીતે ત્યાં માનસિક દર્દીઓ પણ સૌથી વધારે છે. ૧૯૮૧માં ત્યાંની મેન્ટલ હૉસ્પિટલોમાં ૮,૯૭૦ જેટલા ઓછાવધતા ગાંડાઓને દાખલ કરવામાં આવ્યા હતા. ત્યાંની વસ્તીના પ્રમાણમાં દર ૧૦,૦૦૦ માણસે ત્રણ માણસ ગાંડા હતા.

ભારતમાં છેલ્લા દોઢેક દાયકામાં પેટના કૃમિને કારણે એક યા બીજી રીતે પીડાતા દર્દીઓની સંખ્યા વીસ ગણી વધી ગએલી જણાઈ છે. મતલબ કે, સાડાબાર કરોડ માણસો તેનો ભોગ બન્યા છે. આનું મુખ્ય કારણ વપરાશના પાણીના પ્રમાણમાં તેના નિકાલ માટે યોગ્ય ગટર-વ્યવસ્થા નથી.



ટિકિટકથા ધૂમ્રપાન વિરોધી ઝુંબેશના એક ભાગ રૂપે ઇઝરાએલે આ ખાસ ટપાલટિકિટ બહાર પાડી છે. સિગારેટનાં ઠૂંઠાંને બદલે મીઠી ગોળીઓ ભરેલી ઍશ-ટ્રેનું તેના પરનું ચિત્ર વિષયને સચોટ રીતે રજૂ કરે છે જ, પણ કદાચ દાંતના દાક્તરોને એ નહિ જચ્યું હોય. (કારણ મીઠી ગોળીઓનો અતિરેક દાંત બગાડે છે.) ટિકિટ-સંગ્રાહકોમાં ઈઝરાએલની ટિકિટોનું મૂલ્ય હવે ઠીકઠીક વધવા લાગ્યું છે. ઈ ૧૯૪૮ના મે માસમાં બહાર પડેલી ત્યાંની નવ ટિકિટોની પ્રથમ શ્રેણીની 'મિન્ટ'-વપરાયા વિનાની ટિકિટોના પૂરા સેટની કિંમત આજે લગભગ પાંચેક હજાર રૂપિયા જેટલી બોલાય છે. આ ટિકિટો ઉપર પ્રાચીન યહૂદી સિક્કાઓ રજૂ થયા હતા.

'ધ નૅશનલ સેફટી કાઉન્સિલ'ના તારણ પ્રમાણે ભારતમાં દર વર્ષે લગભગ ૪૫,૦૦૦ માણસો અકસ્માત ને આગમાં મરે છે, અને આને કારણે એક યા બીજી રીતે થતા નુકસાન-નો આંકડો ૧,૦૦૦ કરોડ રૂપિયાથી પણ વધુ છે.

ભારત સરકારને એક રૂપિયાનો સિક્કો બનાવવામાં ૭૦·૩૮ પૈસાનો, અને એક રૂપિયાની નોટ છાપવામાં લગભગ ૩·૫ પૈસાનો ખર્ચ થાય છે. પરંતુ સિક્કા કરતાં નોટ બહુ ઓછો ઘસારો ખમી શકે છે.

સંયુક્ત રાષ્ટ્ર સંઘના નિષ્ણાતોએ તારવેલ આંકડા પ્રમાણે ૯૦ કરોડ માણસો અપૂરતો આહાર પામે છે, દોઢ અબજ લોકો વૈદકીય સારવારથી વંચિત છે અને ૨૫ કરોડ બાળકો નિશાળોથી.

અનુ.] **સાહિત્યસંપર્ક** [પૃ. ૧૫૬થી

સ્વરૂપ વિશેનાં પુસ્તકો-લેખો જેમ આવકાર્ય બને તેમ ગઝલ-આસ્વાદો પણ આવકાર્ય બને જ. પ્રસ્તુત સંગ્રહ ગઝલના આસ્વાદોનો સંગ્રહ છે. એના સંપાદકો છે મધુ કોઠારી, રમેશ આચાર્ય, આશિત હૈદરાબાદી અને એસ. એસ. રાહી. આટલી મોટી સંખ્યામાં અને વિવિધ કલમોએ કરાવેલા ગઝલના આસ્વાદનો કદાચ આ સર્વપ્રથમ સંગ્રહ છે એથી પણ એ આવકાર્ય છે. અનુગાંધીયુગથી આજના નવીન ગઝલકારોની ગઝલને અહીં પસંદ કરવામાં આવી છે. અલબત્ત, ગાંધીયુગ પૂર્વેની કે એ યુગ દરમિયાનની કોઈ ગઝલ પસંદ કરાઈ નથી. આ ગઝલના આસ્વાદકો એ જ આ સંગ્રહના સંપાદકો છે. એમ લાગે છે કે જે તે કવિની અહીં ઉત્તમ કૃતિ જ પસંદ કરાઈ નથી. જો કે આ ઉત્તમતાનું ધોરણ પણ સાપેક્ષ રહેવાનું. બધા આસ્વાદો પણ એકસરખા ઉત્તમ કોટિના બની આવ્યા નથી. છતાં ય એક પ્રયાસ લેખે આ પ્રકાશન આવકાર્ય છે. (પ્રકા : અંબાણી પ્રકાશન, ત્રિકોણ બાગ પાસે, રાજકોટ, પાકું પૂઠું, પૃ. ૧૫૦, રૂ. ૧૫)

રૂપિત : 'રૂપિત' ડૉ. કૃષ્ણકાન્ત કડકિયાનો નાટ્યવિષયક લેખસંગ્રહ છે. અહીં કુલ ૯૨ નાટ્યકૃતિઓને કેન્દ્રમાં રાખીને લખાયેલા લેખો છે. આ કૃતિઓમાં આધુનિક સર્જકો મધુ રાયની 'ઝેરવું' અને મહેશ દવેની 'બૂમ' જેવી પ્રયોગશીલ રચનાઓ છે, તો રસિકલાલ છો. પરીખની 'મેના ગુર્જરી' કે જયન્તી દલાલની 'સોયનું નાકું' જેવી રચનાઓની ભાષા, ભજવણી અને કલામયતાની દૃષ્ટિએ વિશદ ચર્ચા કરવામાં આવી છે.

અહીં રજૂ થયેલા લેખોમાં લેખકે મુખ્યત્વે પ્રયોગશીલ રચનાઓને તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે. આપણે ત્યાં કાવ્યો કે વાર્તાઓના આવા આસ્વાદ-વિવેચન લેખો લખવાની પ્રથા અને એનાં પ્રકાશનો છે. પરન્તુ નાટ્યકૃતિઓ વિશે આસ્વાદ-વિવેચન લેખો અલ્પસંખ્ય છે. કૃષ્ણકાન્ત કડકિયાનું આ પુસ્તક નાટ્યરસિકો અને નાટ્ય-અભ્યાસીઓને માટે પણ ઉપયોગી છે. લેખકનો રંગમંચ સાથેનો પ્રત્યક્ષ પરિચય અહીં એમને ઉપકારક થયો છે એમ આ ચર્ચિત કૃતિઓના સંવિધાનનું પાસું જોતાં લાગ્યા વગર રહેશે નહિ.

કૃષ્ણકાન્ત કડકિયાનું આ પુસ્તક આ રીતે નોખું તરી આવે છે અને તેથી નાટ્યવિવેચન સાહિત્યમાં ઉપયોગી પુરવાર થાય તેવું હોઈ આવકાર્ય છે. (પ્રાપ્તિસ્થાન : અક્ષરી, ૫-એ, હરિહર સોસાયટી, ગુજરાત વિદ્યાપીઠ સામે, અમદાવાદ-૧૪, પૃ. ૧૬૮, રૂ. ૨૨.) —ધી. પ.